સુવર્ણ વરસીતપ અનુમોદના

50

તપસ્વી સમ્રાટ અચલગચ્છાધિપતિ

પ.પૂ. ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.

# જૈન પદાર્થ વિજ્ઞાન

## (નવતત્વ)

### સચિત્ર વિવેચન સહિત



– સા. જયદર્શિતાશ્રીજી
(M.Sc., Ph.D.)





# જૈન પદાર્થ વિજ્ઞાન

## (નવતત્વ)

### સચિત્ર વિવેચન સહિત

વિવેચનકાર


તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.
શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના
આજ્ઞાનુવર્તીની
શાસનપ્રભાવિકા પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના સુશિષ્યા
સા. જયદર્શિતાશ્રીજી (M.sc,Ph.D.)



પ્રકાશક

શ્રી શત્રુંજય એકેડમી

શ્રી પદ્મપ્રભસ્વામિ જિનાલય, સ્ટેશન રોડ,
ચાલીસગામ, જિ. જલગામ (મહારાષ્ટ્ર).

તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.

શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના સુવર્ણ વરસીતપ નિમિત્તે પ્રકાશિત

# જૈન પદાર્થ વિજ્ઞાન

## (નવતત્વ)

સચિત્ર વિવેચન સહિત

વિવેચન

સા. જયદર્શિતાશ્રીજી (M.sc.,Ph.D.)

:: પ્રથમ આવૃત્તિ ::
વિ.સં.૨૦૭૨, ઈ.સ. ૨૦૧૬

:: નકલ ::
૧૦૦૦

:: મુદ્રક ::
અશોક પ્રિન્ટરી, પાલીતાણા.

પ્રકાશન એવં પ્રાપ્તિસ્થાન

શ્રી શત્રુંજય એકેડમી

શ્રી પદ્મપ્રભસ્વામિ જિનાલય, સ્ટેશન રોડ,
ચાલીસગામ, જિ. જલગામ (મહારાષ્ટ્ર).

# અંતરના અનુગ્રહ દાતા

પ્રાતઃ સ્મરણીય, તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ



## પ. પૂ. આ. ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજા



## દિવ્ય કૃપા વર્ષા

આગમ અભ્યાસી...
સિદ્ધાચલ સ્નેહી...
નવકારમંત્રારાધિકા...
બા.બ્ર.પ.પૂ.

**મુક્તિશ્રીજી મ.સા.**

## દિવ્ય કૃપા વર્ષા

પલ-પલ સ્મરણીય...
શાસન પ્રભાવિકા
જ્ઞાનારાધના પ્રેરીકા...

**પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.**





## મંગલમય પ્રેરણા

શાંત સ્વભાવી...
સૌમ્ય મૂર્તિ...

**પ.પૂ. ગુણલક્ષ્મીશ્રીજી મ.સા.**

## પુષ્પ ૫

# આદરભાવે અર્પણ...



રોમે રોમે જ્યાં વાત્સલ્ય ભાવ છે...
જીવ માત્ર માટે જ્યાં મૈત્રીભાવ છે...
શમ–સંવેગ–નિર્વેદના જે સ્વામી છે...
આત્મ રમણતાના જે અભ્યાસી છે...
કર્મોને તપાવી, આત્મ શુદ્ધિના સાધક છે...
૫૦મા વરસીતપના આરાધક છે...
એવા
ત્યાગી...તપસ્વી–તેજસ્વી
તપસ્વી સમ્રાટ્, અચલગચ્છાધિપતિ
પ.પૂ.આ.ભ.
**શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**
ના કરકમળમાં
આદરભાવે અર્પણ.



આપશ્રીના વરદ્ હસ્તે
વડી દીક્ષા પામનાર પ્રથમ સાધ્વી

સા. જયદર્શિતાશ્રીજી.

# બે શબ્દ...

પ્રભુ મહાવીર સ્વામિને વૈશાખ સુદ દશમના કેવળજ્ઞાન થયું...
વૈશાખ સુદ અગિયારસના પ્રભુએ ગણધર ભગવંતોને દીક્ષા આપીને તીર્થ સ્થાપના કરી.
ગણધર ભગવંતોએ પરમાત્માને પૂછ્યું – **"भयवं ! कि तत्तं ?"**
ભગવંતે જવાબ આપતા કહ્યું – **"उपनेइ वा...विगमेइ वा...धुवेइ वा...।"**

સંસારમાં વસ્તુ ઉત્પન્ન થાય છે... વિનાશ પામે છે... (અલ્પ સમય માટે) ધ્રુવ રહે છે... આજ તત્વ છે. પરમાત્માએ જણાવેલ ત્રિપદિ સાંભળી ગણધર ભગવંતો દ્વાદશાંગીની રચના કરે છે. વિશ્વનું તત્વજ્ઞાન જેમાં સમાયેલું છે. આવી દ્વાદશાંગીને મહા પુણ્યવંતા જીવો પામી શકે છે. આપણું ક્યાં આવું પુણ્ય ? પરંતુ આપણા ઉપર મહાન ઉપકાર કરી પૂર્વાચાર્યોએ તત્વજ્ઞાનમાં પ્રવેશ કરવા માટે 'ચાર પ્રકરણ'ની રચના કરી.

આ ચાર પ્રકરણ સરળ ભાષામાં આપ સહુની સમક્ષ મુકવાનો પ્રયાસ કર્યો છે.

ચાલતાં-ફરતાં તત્વજ્ઞાન સમાન, સંઘ શિરછત્ર, તપસ્વી સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ **શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબ**ના **૫૦માં સુવર્ણ વર્ષીતપ** પ્રસંગે એને પ્રકાશિત કરતાં આનંદ અનુભવીએ છીએ.

જીવ-વિચારના જ્ઞાન દ્વારા જયણા અને મૈત્રીના સ્વામી બનીએ.
નવતત્વના અભ્યાસ દ્વારા સમ્યગ્દર્શન પામીએ.
દંડકના પરિચયને પામી ૨૪ દંડકમાંથી મુક્તિ વરીએ.
લઘુસંગ્રહણીને જાણી શાશ્વત ધામ રૂપી સિદ્ધશીલા પર જઇ વસીએ.

આજ હેતુથી થયેલા આ પ્રકાશનમાં જેમણે જેમણે લાભ લઇ પુણ્યાનુબંધી પુણ્યનું ભાતું બાંધ્યું છે. તે હાર્દિક અનુમોદનાને પાત્ર છે.

સરળ ભાષામાં તત્વજ્ઞાન સમજાવતાં મોહ કે પ્રમાદવશ કોઇ ક્ષતિ રહી ગઇ હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડં.

લી.
સા. જયદર્શિતાશ્રીજી.

# સુકૃતના સહભાગી
# શ્રુત રત્ન

✻ શ્રી શત્રુંજય - મુક્તિ વિરેન્દુ રત્નત્રયી ટ્રસ્ટ (હુબલી)
✻ શ્રી દેવલાલી જૈન શ્વે. તીર્થ ટ્રસ્ટ (દેવલાલી)
✻ અ.સૌ. જ્યોતિબેન ચીમન ખોના (નલીયા) - માટુંગા
✻ શ્રી શામજી હંસરાજ ધરમશી (સુથરી) - માટુંગા
✻ મા. નવલબાઇ વીરચંદ મોમાયા (સાંયરા) - ઘાટકોપર
✻ મા. સદ્‌ગુણાબેન મુલચંદ લોડાયા (બાંઢીયા) - મુલુંડ
✻ શ્રીમતી વાસંતીબેન નરેન્દ્ર શાહ (ચાંગડાઇ) - દેવલાલી
✻ સૌ. પ્રીતીબેન જેઠાલાલ રાજપાર નાગડા (નરેડી) - દેવલાલી
✻ સૌ. અમૃતબેન કીશોર છેડા - પ્રિન્સ પ્લાસ્ટીક (ડોણ) - માટુંગા
✻ મા. મણીબેન રાયશી ગડા (ચીઆસર) - વડાલા
  હ. ચિ. દીપ, અ.સૌ. નેણ અનીલ રાયશી ગડા
✻ સંઘમાતા હેમલતાબેન ભવાનજી રાયશી ગોસર
  હ. ચિ. તીર્થ, ચિ. દિશા, અ.સૌ. તરૂણા અમીત ગોસર (દેવપુર) - વડાલા
✻ મા. ઇન્દુબાઇ વીરચંદ પટેલ (નલીયા) - હુબલી
✻ કુ. ઉર્વી વિપુલ ડાઘા (ગોએરસમા) - અમલનેર
✻ કુ. ઉન્નતિ પંકજ ધરમશી, હ. લક્ષ્મીબેન રમેશ ડાઘા (ગોએરસમા) - દેવલાલી
✻ ચિ. હર્ષ- ચિ. વૃષ્ટિ ભાવેશ મોમાયા, હઃ લેખાબેન ધનપતિ મોમાયા (બારોઇ) જલગાંવ
✻ એક શ્રુત પ્રેમી સદ્‌ગૃહસ્થ
✻ મા. નિર્મલાબેન સુમતીચંદ લોડાયા (બારોઇ) નાસિક
✻ ચિ. મેહા પિયુષ ડાઘા, ચિ. સલોની, ચિ. ધનવી કુમાર સોની (ગોએરસમા) પારોલા

# શ્રુત આધાર

- મા. જયાબેન નરશી શામજી ધરમશી (નલીયા) – મુલુંડ
- મા. બચુબેન માલશી હંસરાજ દેઢીયા (ગઢશીશા) – માટુંગા
- મા. વિમલાબેન ચીમનલાલ લાપસીયા (રંગપુર) – મુલુંડ
- મા. બાયાંબાઇ નથુભાઇ લાપસીયા તથા જયંતિલાલના સ્મરણાર્થે
  હ : ભારતીબેન (રંગપુર) – મુલુંડ
- શ્રુતપ્રેમી શ્રાવિકા – ન્યુજર્સી
- અ.સૌ. જયાબેન જીતુભાઇ મોતા (તેરા) – અંકલેશ્વર
- અ.સૌ. ડૉ. પ્રીતીબેન દિનેશ ગોસર (બારોઇ) – હૈદ્રાબાદ
- શ્રી નાનજી ગાંગજી હરીયા (દેવપુર) – માટુંગા
  હઃ ચિ. નાયકા, ચિ. નિસ્કા અલ્પેશ નાનજી હરીયા
- અ.સૌ. કાશ્મીરાબેન કાંતિલાલ કરમશી વિકમશી (જખૌ) – વાલકેશ્વર
- મા. લક્ષ્મીબાઇ હિરજી પુનશી શિયાળ (જખૌ) – માટુંગા
- સુશ્રા. માલાબેન હરીશ લોડાયા (બાંઢીયા) – મુલુંડ
- કુ. વાસંતી હિરજી ખોના (નલીયા) માટુંગાના સ્મરણાર્થે
  હઃ કલાવતી કિશોર મૈશેરી (લાલા) – મુલુંડ
- શ્રીમતી કલાવતી કિશોર મૈશેરી (લાલા) – મુલુંડ
- ચિ. માંયરા શ્રેણિક મોમાયા
  હઃ મનોરમા રુપમ મોમાયા (નલીયા) – ઘાટકોપર
- અ.સૌ. છાયા ભરત ગોસરના અક્ષયનિધિ તપની પૂર્ણાહુતિ નિમિત્તે (હાલાપર) – દેવલાલી
- મા. જયાબેન ઝવેરચંદ મોમાયા (સાંયરા) – ચાલીસગામ
- મા. શાંતાબાઇ બાબુભાઇ છેડા (કાંડાગરા) – દેવલાલી
- અ.સૌ. હેમાબેન કેશવજી દેવજી ગાલા (કોટડા રોહા) – દેવલાલી
- મા. નીતાબેન રાયચંદ છેડા (વારાપધ્ધર) – મુલુંડ
- સંઘમાતા હંસાબેન હિરાચંદ પટેલ (બાંઢીયા) – ઐરોલી
- અ.સૌ. નીલમબેન ઝવેરચંદ કેશવજી લોડાયા (સાંયરા) – ડોંબીવલી
- મા. ચંદનબેન શાંતિલાલ મોમાયા (સાંયરા) – ગાંધીધામ
- કુ. શ્વેતા પંકજ છેડા (ગોધરા) – દેવલાલી
- ચિ. ચિરાગ પંકજ છેડા (ગોધરા) – દેવલાલી
- મા. અમૃતબેન ઉમરશી ખીમસરીયા (ઉનડોઠ) – દેવલાલી
- શ્રી લક્ષ્મીચંદ હરખચંદ જેઠુ હરીયા (શેરડી) – વડાલા
- શ્રુતપ્રેમી શ્રાવિકા
- મા. ચંદનબેન નારાયણજી નાગડા (જખૌ) – જલગાંવ
- મા. દેવકુંવરબેન પિ.ડૉ. મેઘજી વેલજી ધરમશી
  હઃ ડૉ. ઉર્વશી, પ્રિયંવદા, વિધાતા, તક્ષશીલા (ગોરખડી) – તારદેવ

# નવતત્વ



આપણે જૈન છીએ...

જિનના... જિનેશ્વરના ભક્ત છીએ... અનુયાયી છીએ...

જિનના આરાધક છીએ... સેવક છીએ... પૂજક છીએ...

શું જિનેશ્વર પરમાત્માની પૂજા કરો છો ?

શું જિનપૂજાનો વિધિ જાણો છો ?

તો એક મહત્વનો પ્રશ્ન પૂછી લઉં ?

જિનેશ્વર પરમાત્માની પ્રતિમાના એક એક અંગ... અણુએ અણુ પાવન છે... પવિત્ર છે... પૂજનીક છે.. તો પછી નવ જ અંગે પૂજા શા માટે ? યાદ આવે છે પેલો દુહો...

**નવપદ તત્વબોધક પ્રભુ, પૂજો ભાવે નવાંગ;**
**ગૌતમ-નીતિ-ગુણ કહેં, જિમ પામો સિદ્ધિ સ્વાંગ.**

અરિહંત પરમાત્માના ઉપદેશનો સાર **'નવતત્વ અને નવપદ'** છે. જ્યાં જ્યાં જ્યારે જ્યારે અરિહંત પ્રભુ દેશના આપે છે ત્યારે ત્યારે એ ઉપદેશમાં નવતત્વ અને નવપદમાંથી કોઇને કોઇ તત્વ અને પદ હોય છે. **નવતત્વ અને નવપદ** વિના દેશના નથી. અને આવા આ નવતત્વને જાણીને એના ઉપર શ્રદ્ધા આવી ગઇ તો આપણો બેડો પાર. નવતત્વ ઉપર શ્રદ્ધા એ જ સમ્યગ્દર્શન છે. મોક્ષમાર્ગનો પાયો છે. આવો આવા નવતત્વને જાણવાનો, સમજવાનો, જીવનમાં ઉતારવાનો યથાશક્તિ પ્રયત્ન કરીશું.

**जीवाऽजीवा पुण्णं, पावाऽसव संवरो य निज्जरणा ।**
**बंधो मुक्खो य तहा, नव तत्ता हुंति नायव्वा ॥१॥**

**ગાથાર્થ -** જીવ - અજીવ - પુણ્ય-પાપ-આશ્રવ-સંવર-નિર્જરા-બંધ અને મોક્ષ એ નવતત્વ જાણવા.

વિશ્વ વિવિધ પ્રકારના વસ્તુ અને વ્યક્તિઓનો ભંડાર છે. પદાર્થો જુદા-જુદા પ્રકારના છે... જીવો જુદા-જુદા પ્રકારના છે. આ બધાનું મૂળ તે તત્વ કહેવાય છે.

જેવી રીતે જેટલા પણ વિવિધ પ્રકારના જીવજંતુ છે... જીવતા જીવો છે તે બધાનું મૂળ જીવ તત્વ છે.

ઘર...મહેલ...કબાટ...ટેબલ...પલંગ...વગેરે નિર્જીવ પદાર્થો છે બધાનું મૂળ અજીવ તત્વ છે.

એવી રીતે આ મુખ્ય બે તત્વના વિસ્તારથી નવ તત્વ શાસ્ત્રોએ જણાવ્યા છે. એમને સામાન્યથી આપણે જાણવા પ્રયત્ન કરીશું.

ચેતના સહિત હોય તથા પ્રાણ ધારણ કરે તે **જીવતત્વ** છે. જીવ તે જીવ છે.

જીવતત્વથી વિપરીત ચેતના રહિત જડસ્વભાવવાળું **અજીવતત્વ** છે.

જેનાથી શુભકર્મના પુદ્ગલોનો સંચય થાય અને તેથી અનુકુળતા અને સુખનો અનુભવ થાય તે **પુણ્યતત્વ** છે.



જીવ



અજીવ



પુણ્ય



પાપ



આશ્રવ



સંવર



નિર્જરા



બંધ



મોક્ષ

પુણ્યતત્વથી વિપરીત જેથી અશુભ કર્મના પુદ્ગલોનો સંચય થાય અને તેથી પ્રતિકુળતા અને દુઃખનો અનુભવ થાય તે **પાપતત્વ** છે.

હિંસાદિક ક્રિયાઓ દ્વારા જે નવા કર્મોપાર્જનના હેતુઓ તથા માર્ગો તે **આશ્રવ તત્વ** છે.

વ્રત-નિયમ-સંયમ વિગેરે દ્વારા આવતા કર્મો રોકાય તે **સંવર તત્વ** છે.

વિવિધ બાહ્ય અને અભ્યંતર તપ વડે ધીમે ધીમે કર્મોનો ક્ષય થવો તે **નિર્જરા તત્વ** છે.

મિથ્યાત્વાદિ હેતુએ કરી નવા કર્મોનું આત્મપ્રદેશ સાથે મળી જવું તે **બંધ તત્વ** છે.

સંવર અને નિર્જરા વડે સર્વથા બધા જ કર્મોનો ક્ષય થવો તે **મોક્ષ તત્વ** છે.

આ બધી નવતત્વની દ્રવ્ય દ્રષ્ટિથી વ્યાખ્યાઓ છે હવે આપણે ભાવથી નવતત્વને સમજવા પ્રયત્ન કરીશું.

જ્ઞાન-દર્શનાદિ ભાવ પ્રાણોને ધારણ કરે તે ભાવજીવ છે.

ચૈતન્ય રહિત, પોતાની મુખ્ય અર્થક્રિયામાં પ્રવર્તતું હોય તે **ભાવઅજીવ** છે.

શુભ કર્મ બંધમાં નિમિત્તરૂપ જીવનો શુભ અધ્યવસાય તે **ભાવ પુણ્ય** છે.

અશુભ કર્મ બંધમાં કારણરૂપ જીવનો અશુભ અધ્યવસાય તે **ભાવ પાપ** છે.

શુભ-અશુભ કર્મના આગમનમાં કારણરૂપ બનતા જીવના શુભ-અશુભ અધ્યવસાય તે **ભાવ આશ્રવ** છે.

શુભ-અશુભ કર્મના આગમનને રોકવામાં કારણરૂપ બનતા જીવના અધ્યવસાય તે **ભાવસંવર** છે.

કર્મોના દેશક્ષયમાં કારણરૂપ બનતા જીવના અધ્યવસાય તે **ભાવનિર્જરા** છે.

દ્રવ્યબંધમાં કારણરૂપ બનતા જીવના અધ્યવસાય તે **ભાવબન્ધ** છે.

કર્મોનો સંપૂર્ણ ક્ષય થવામાં કારણરૂપ બનતો આત્માનો પરિણામ તે **ભાવમોક્ષ** છે.

**चउदस चउदस, बाया-लीसा बासीय हुंति बायाला ।**
**सत्तावन्नं बारस, चउ नव भेया कमेणसिं ।।२।।**

**ચૌદ, ચૌદ, બેંતાલીસ, બ્યાસી, બેંતાલીસ, સત્તાવન, બાર, ચાર અને નવ ભેદો (નવતત્વના) ક્રમથી છે.**

જીવ તત્વ - ૧ ૪ ભેદ, અજીવ તત્વ - ૧ ૪ ભેદ, પુણ્ય તત્વ - ૪ ૨ ભેદ,
પાપ તત્વ - ૮ ૨ ભેદ, આશ્રવ તત્વ - ૪ ૨ ભેદ, સંવર તત્વ - ૫ ૭ ભેદ,
નિર્જરા તત્વ - ૧ ૨ ભેદ, બંધ તત્વ - ૪ ભેદ, મોક્ષ તત્વ - ૯ ભેદ,
એમ કુલ બધા મળીને નવતત્વના ૨ ૭ ૬ ભેદ થાય છે.

## હેય-જ્ઞેય-ઉપાદેય

નવતત્વમાં કેટલાક તત્વ જાણવા યોગ્ય છે. જે જ્ઞેય કહેવાય છે, કેટલાક તત્વ ત્યજવા યોગ્ય છે.તે હેય કહેવાય છે, અને કેટલાક તત્વ આદરવા યોગ્ય છે. તે ઉપાદેય કહેવાય છે.

હેય તત્વ - (પુણ્ય)પાપ, આશ્રવ, અને બન્ધ. જ્ઞેય તત્વ - જીવ અને અજીવ. ઉપાદેય તત્વ - સંવર, નિર્જરા, મોક્ષ, અને પુણ્યતત્વ.

પુણ્ય તત્વ પણ અંતે છોડવાનું છે, પરંતુ શ્રાવકને ખાસ આદરવા યોગ્ય છે. સાધુને ક્વચિત જ - અપવાદે આદરવાનું છે. પાપ જો લોખંડની બેડી છે તો પુણ્ય સોનાની બેડી છે. અંતે મોક્ષે જવા બંને બેડી રૂપ છે.

## સંખ્યા ભેદ

નવતત્વનો એકબીજામાં સમાવેશ કરવાથી ૭-૫ અને ૨ તત્વો પણ ગણાય છે.

✻ પાપ એ અશુભ કર્મનો આશ્રવ છે... પુણ્ય એ શુભ કર્મનો આશ્રવ છે...

એમ બન્ને આશ્રવ છે તેથી આશ્રવતત્વમાં પુણ્ય-પાપ સમાઇ જાય છે. તેથી તત્વ સાત થાયછે.

✻ આશ્રવ, પુણ્ય અને પાપ આ ત્રણે તત્વોનો બન્ધ તત્વમાં સમાવેશ થઇ શકે છે. તેમજ નિર્જરા અને મોક્ષનો એક તત્વમાં સમાવેશ થઇ શકે છે તેથી તત્વ પાંચ થાય છે.

✻ સંવર-નિર્જરા અને મોક્ષ એ ત્રણ તત્વ જીવ સ્વરૂપ હોવાથી જીવ તત્વ છે. અને પાપ, પુણ્ય, આશ્રવ અને બન્ધ એ ચાર તત્વ અજીવ સ્વરૂપ હોવાથી અજીવ તત્વ છે. તેથી તત્વ બે જ થાય છે.

## રૂપી - અરૂપી

જીવ અરૂપી છે પરંતુ અહી સંસારી જીવ હોવાથી તે રૂપી છે.
સંવર-નિર્જરા અને મોક્ષ જીવના પરિણામ સ્વરૂપ છે... પરિણામ અરૂપી છે તેથી આ ત્રણે તત્વ અરૂપી છે.
અજીવ રૂપી છે. સાથે સાથે પુણ્ય-પાપ-આશ્રવ-બંધ પણ અજીવ રૂપ હોવાથી રૂપી છે.
તેથી કુલ નવતત્વના ભેદમાં ૮૮ ભેદ અરૂપી છે ૧ ૮ ૮ ભેદ રૂપી છે.
કુલ નવતત્વના ભેદમાં ૯ ૨ ભેદ જીવ છે ૧ ૮ ૪ ભેદ અજીવ છે.
કુલ નવતત્વના ભેદમાં ૨ ૮ ભેદ જ્ઞેય છે.
૧ ૧ ૮ ભેદ હેય છે.
૧ ૨ ૦ ભેદ ઉપાદેય છે.
એવી રીતે સંક્ષેપમાં નવ તત્વને સમજાવીને આગળ એક એક તત્વ વિસ્તારથી સમજાવવામાં આવશે.

## નવતત્વના ૨૭૬ ભેદોનું પૃથક્કરણ –

| નવતત્વો | જીવ | અજીવ | રૂપી | અરૂપી | જ્ઞેય વિગેરે |
|---|---|---|---|---|---|
| જીવ | ૧૪ | ૦ | ૧૪ | ૦ | ૧૪ જ્ઞેય |
| અજીવ | ૦ | ૧૪ | ૪ | ૧૦ | ૧૪ જ્ઞેય |
| પુણ્ય | ૦ | ૪૨ | ૪૨ | ૦ | ૪૨ ઉપાદેય |
| પાપ | ૦ | ૮૨ | ૮૨ | ૦ | ૮૨ હેય |
| આશ્રવ | ૦ | ૪૨ | ૪૨ | ૦ | ૪૨ હેય |
| સંવર | ૫૭ | ૦ | ૦ | ૫૭ | ૫૭ ઉપાદેય |
| નિર્જરા | ૧૨ | ૦ | ૦ | ૧૨ | ૧૨ ઉપાદેય |
| બંધ | ૦ | ૪ | ૪ | ૦ | ૪ હેય |
| મોક્ષ | ૯ | ૦ | ૦ | ૯ | ૯ ઉપાદેય |
| | ૯૨ | ૧૮૪ | ૧૮૮ | ૮૮ | ૨૭૬ |

જ્ઞેય એટલે જાણવા યોગ્ય...............................૧૪+૧૪ = ૨૮
હેય એટલે ત્યજવા યોગ્ય.........................૮૨+૪૨+૪ = ૧૨૮
ઉપાદેય એટલે આદરવા યોગ્ય...............૪૨+૫૭+૧૨+૯ = ૧૨૦

૨૭૬

## જીવ તત્વ

**अेगविह दुविह तिविहा, चउव्विहा पंच छव्विहा जीवा ।**
**चेयण तस इयरेहिं, वेय गइ करण काअेहिं ।।३।।**

એક પ્રકારે, બે પ્રકારે, ત્રણ પ્રકારે, ચાર પ્રકારે, પાંચ પ્રકારે તથા છ પ્રકારે જીવો ચૈતન્ય, ત્રસ અને ઈતર, વેદ, ગતિ, ઈન્દ્રિય અને કાયના આધારે છે.



જીવના વિવિધ દૃષ્ટિથી છ પ્રકારે ભેદ કરવામાં આવ્યા છે.

(૧) **ચૈતન્યની અપેક્ષાએ સર્વ જીવોનો એક જ પ્રકારમાં સમાવેશ થાય છે.**

જ્યાં જીવ છે ત્યાં ચૈતન્ય છે... જ્યાં ચૈતન્ય છે ત્યાં જીવ છે.

એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીના સર્વ

જીવોના... સર્વ જાતિના... સર્વ ગતિના... સર્વ વેદના... સર્વ ઈન્દ્રિય અને કાયવાળા જીવોમાં ચૈતન્ય છે. બધાનો જ એ પ્રકારમાં સમાવેશ થાય છે.

(૨) **ત્રસ અને ઈતર એટલે સ્થાવરની અપેક્ષાએ સર્વ જીવો બે પ્રકારના છે... સર્વ જીવોનો આ બે પ્રકારમાં સમાવેશ થાય છે.**

સ્વ ઇચ્છાથી એક સ્થાનેથી બીજા સ્થાને જઇ શકે તે ત્રસ જીવો છે.

સ્વ ઇચ્છાથી એક સ્થાનેથી બીજા સ્થાને ન જઇ શકે તે સ્થાવર જીવો છે.







વિશ્વના સર્વ જીવોનું જો ત્રસ-સ્થાવરની અપેક્ષાએ વિભાજન કરવામાં આવે તો બે જ પ્રકાર થાય. ત્રીજો કોઇ પ્રકાર સંભવી શકે નહીં. વિશ્વનો કોઇ પણ જીવ હોય એ કાં તો ત્રસ છે અથવા સ્થાવર છે. દા. ત. ઇયળ, મચ્છર, માખી, હાથી, બળદ, વિગેરે જીવો હાલી ચાલી શકે છે તેથી તે ત્રસ જીવ છે. ઝાડ, પાણી, હવા, પત્થર વિગેરે જીવો સ્વ ઇચ્છાથી એક સ્થાનેથી બીજા સ્થાને જઇ શકે નહિં તેથી તે જીવો સ્થાવર કહેવાય છે.


**(૩) વેદની અપેક્ષાએ જીવો ત્રણ પ્રકારે છે. સર્વ જીવોનો ત્રણ વેદમાં સમાવેશ થાય છે.**

વેદ ત્રણ પ્રકારે છે. (૧) સ્ત્રી વેદ (૨) પુરુષ વેદ અને (૩) નપુંસક વેદ.

વિશ્વના પ્રત્યેક જીવનો ત્રણમાંથી એક પ્રકારમાં સમાવેશ થાય છે.




**(૪) ગતિની અપેક્ષાએ જીવો ચાર પ્રકારે છે. સર્વ જીવોનો ચાર ગતિમાં સમાવેશ થઈ જાય છે.**




ગતિ ચાર છે - ૧. નરક ગતિ ૨. તિર્યંચ ગતિ ૩. મનુષ્ય ગતિ અને ૪. દેવ ગતિ

કોઇ પણ જીવનો ગતિની અપેક્ષાએ આ ચારમાંથી એક પ્રકારમાં સમાવેશ થાય છે. દા.ત. ઝાડ, સ્વાતિ, શંખ, સિંહ, વાનર, પદ્માવતી દેવી, વિમલેશ્વર યક્ષ, શાલીભદ્ર વિગેરેનો એક એક ગતિમાં સમાવેશ થાય છે.

ઝાડ-શંખ-સિંહ-વાનર વિગેરે તિર્યંચ ગતિના જીવો છે.

સ્વાતિ-શાલીભદ્ર વિગેરે મનુષ્ય ગતિના જીવો છે.

પદ્માવતી દેવી - વિમલેશ્વર યક્ષ વિગેરે દેવગતિના જીવો છે.

નારકો નારક ગતિના જીવો છે.




(૫) **જાતિની અપેક્ષાએ જીવો પાંચ પ્રકારે છે. સર્વ જીવોનો પાંચ જાતિમાં સમાવેશ થઇ જાય છે. ઇન્દ્રિયો પાંચ હોવાથી એક -બે -ત્રણ - ચાર અને પાંચ ઇન્દ્રિયોવાળા જીવોનો પાંચ પ્રકારમાં સમાવેશ થાય છે.**

ઇન્દ્રિયોની અપેક્ષાએ જીવો પાંચ પ્રકારના છે.

**૧. એકેન્દ્રિય -** દા.ત. હીરા, માણેક, ભીંડા, તુરીયા, મગ, વાલ, હવા, પાણી, અગ્નિ વિગેરે.

**૨. બેઇન્દ્રિય -** દા.ત. શંખ, કોડી, અળસીયા.

**૩. તેઇન્દ્રિય -** દા.ત. ધનેરીયા, માંકડ, જૂ, ઇંદ્રગોપ.

**૪. ચઉરિન્દ્રિય -** દા.ત. માખી, મચ્છર, પતંગિયા, માંકડ.

**૫. પંચેન્દ્રિય -** દા.ત. દેવ, મનુષ્ય, હંસ, બગલા, કુતરા, બીલાડી વગેરે.

( ૬ ) કાયની અપેક્ષાએ જીવો છ પ્રકારે છે. કાયમાં સર્વ જીવોનો સમાવેશ થઇ જાય છે.

પૃથ્વીકાય





અપ્કાય







તેઉકાય    વાયુકાય






વનસ્પતિકાય    ત્રસકાય

૧. **પૃથ્વીકાય** – અભ્રક, તેજંતુરી, સર્વ ધાતુઓ, પાષાણોનો એમાં સમાવેશ થાય છે.
૨. **અપ્કાય** – વિવિધ પ્રકારના પાણીઓનો એમાં સમાવેશ થાય છે.
૩. **તેઉકાય** – વિવિધ પ્રકારના અગ્નિઓનો એમાં સમાવેશ થાય છે.
૪. **વાયુકાય** – વિવિધ પ્રકારના હવાઓનો એમાં સમાવેશ થાય છે.
૫. **વનસ્પતિકાય** – વિવિધ પ્રકારના ઝાડોનો, શાકભાજી-ફળાદિનો એમાં સમાવેશ થાય છે.
૬. **ત્રસકાય** – સર્વ હાલતા ચાલતા બેઈન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિયના જીવોનો એમાં સમાવેશ થાય છે.

**अेगिंदिय सुहुमियरा, सान्नियर पणिंदियाय सबितिचउ ।**
**अपजत्ता पजत्ता, कमेण चउदस जियट्ठाणा ।।४।।**

**એકેન્દ્રિય, સૂક્ષ્મ અને ઈત્તર (એટલે એકેન્દ્રિય બાદર) સંજ્ઞિ અને ઈતર (અસંજ્ઞિ) પંચેન્દ્રિય તથા બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય અપર્યાપ્ત અને પર્યાપ્ત એમ ક્રમથી ચૌદ જીવસ્થાન છે.**

જીવના ચૌદ ભેદ છે તેની વિશેષતા અહીં જણાવે છે.

પ્રથમ ઇન્દ્રિયોની અપેક્ષાએ જીવના પાંચ ભેદ થાય છે –

(૧) એકેન્દ્રિય (૨) બેઈન્દ્રિય (૩) તેઇન્દ્રિય (૪) ચઉરીન્દ્રિય અને (૫) પંચેન્દ્રિય.

હવે એકેન્દ્રિય જીવો એક સ્પર્શેન્દ્રિય સહિત છે. આ એકેન્દ્રિય જીવો બે પ્રકારના છે. (૧) સૂક્ષ્મ એકેન્દ્રિય અને (૨) બાદર એકેન્દ્રિય

(૧) સૂક્ષ્મ જીવો ચૌદ રાજલોકમાં ઠાંસી ઠાંસીને ભરેલા છે. પર્વત પ્રમુખને ભેદીને જે આવાગમન કરી શકે છે. કોઇ વસ્તુથી છેદાય નહીં – ભેદાય નહીં. બળી શકે નહીં... ચર્મચક્ષુથી જોઇ શકાય નહીં. મનુષ્યના કોઇ ઉપયોગમાં આવે નહીં. એમની દ્રવ્ય હિંસા સંભવે નહીં. ભાવ હિંસાથી જીવ કર્મ બાંધી શકે. સૂક્ષ્મ નામકર્મના ઉદયથી સૂક્ષ્મતાને પામેલા સૂક્ષ્મ એકેન્દ્રિય જીવો છે.

(૨) ચર્મ ચક્ષુથી જોઇ શકાય એવા બાદર નામ કર્મના ઉદયવાળા બાદર જીવો છે. તે કોઇ વસ્તુને છેદી – ભેદી ન શકે પરંતુ તે સ્વયં અન્ય વસ્તુથી છેદાય – ભેદાય તેમજ અગ્નિથી બાળી શકાય એવા હોય છે. મનુષ્ય તેમજ બીજા પ્રાણીઓના ઉપયોગમાં આવે છે. આવા એકેન્દ્રિય જીવો તે બાદર એકેન્દ્રિય જીવો છે.

(૩) બેઇન્દ્રિય જીવ – સ્પર્શ અને રસનેન્દ્રિય સહિત જીવો બે ઇન્દ્રિય છે. દા.ત. શંખ–કોડી–અળસીયા.

(૪) તેઇન્દ્રિય જીવ – સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય અને ઘ્રાણેન્દ્રિય એ ત્રણ ઇન્દ્રિયો સહિત જીવો તેઇન્દ્રિય છે. દા.ત. ધનેરીયા, માંકડ, જૂ.

(૫) ચઉરિન્દ્રિય જીવ – સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય અને ચક્ષુરિન્દ્રિય એ ચાર ઇન્દ્રિયો સહિત જીવ ચઉરિન્દ્રિય છે. દા.ત માખી, મચ્છર, પતંગિયું.

પંચેન્દ્રિય જીવ – સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય તથા શ્રોતેન્દ્રિય એ પાંચ ઇન્દ્રિયો સહિત જીવ પંચેન્દ્રિય છે.

આ પંચેન્દ્રિય જીવો બે પ્રકારના છે – (૧) સંજ્ઞિ અને (૨) અસંજ્ઞિ.

(૬) સંજ્ઞિ પંચેન્દ્રિય જીવ – મન સંજ્ઞા સહિત જીવો તે સંજ્ઞિ છે. મન સહિત પંચેન્દ્રિય જીવો તે સંજ્ઞિ પંચેન્દ્રિય જીવો છે.

(૭) અસંજ્ઞિ પંચેન્દ્રિય જીવો – મન સંજ્ઞા વિનાના જીવો અસંજ્ઞિ છે. મન સંજ્ઞા રહિત પંચેન્દ્રિય જીવો અસંજ્ઞિ પંચેન્દ્રિય જીવો છે.

આ પ્રમાણે જીવના સાત ભેદ થયા. એ પ્રત્યેકના પર્યાપ્ત અને અપર્યાપ્ત એમ બે – બે ભેદ કરતાં કુલ ૧૪ ભેદ જીવના થાય છે.

જે જીવની જેટલી પર્યાપ્તિ કહી છે તે પુરી કરીને પછી મરણ પામે તે પર્યાપ્ત જીવ છે.

જે જીવની જેટલી પર્યાપ્તિ કહી છે તે પુરી કર્યા વિના મરણ પામેતે અપર્યાપ્ત જીવ છે.

એવી રીતે જીવતત્વના ચૌદ ભેદ નીચે મુજબ છે –

(૧) સૂક્ષ્મ એકેન્દ્રિય પર્યાપ્ત (૨) સૂક્ષ્મ એકેન્દ્રિય અપર્યાપ્ત

(૩) બાદર એકેન્દ્રિય પર્યાપ્ત (૪) બાદર એકેન્દ્રિય અપર્યાપ્ત

(૫) બેઇન્દ્રિય પર્યાપ્ત (૬) બેઇન્દ્રિય અપર્યાપ્ત

(૭) તેઇન્દ્રિય પર્યાપ્ત (૮) તેઇન્દ્રિય અપર્યાપ્ત

(૯) ચઉરિન્દ્રિય પર્યાપ્ત (૧૦) ચઉરિન્દ્રિય અપર્યાપ્ત

(૧૧) સંજ્ઞિ પંચેન્દ્રિય પર્યાપ્ત (૧૨) સંજ્ઞિ પંચેન્દ્રિય અપર્યાપ્ત


(૧૩) અસંજ્ઞિ પંચેન્દ્રિય પર્યાપ્ત અને (૧૪) અસંજ્ઞિ પંચેન્દ્રિય અપર્યાપ્ત

**नाणं च दंसण चेव, चरित्तं च तवो तहा ।**
**वीरियं उवओगो य, अेयं जीवस्स लक्खणं ।।५।।**

**જ્ઞાન, દર્શન તો ખરા જ, ચારિત્ર, તપ તેમજ વીર્ય અને ઉપયોગ એ જીવ (આત્મા)ના લક્ષણ છે.**


જે ગુણ જે વસ્તુનો કહ્યો હોય તે ગુણ તે વસ્તુમાં સંપૂર્ણપણે ઘટતો હોય પરંતુ તે ગુણ બીજી કોઇપણ વસ્તુમાં ઘટતો ન હોય... સંભવતો ન હોય તે ગુણ તે વસ્તુનો વિશેષ ધર્મ છે તે વસ્તુનું લક્ષણ છે.

અહિં જીવના લક્ષણ જણાવે છે.
















**(૧) જ્ઞાન -** **ज्ञायते परिच्छिद्यते वस्त्वनेनेति ज्ञानम् ।**

**જેનાથી વસ્તુ જણાય પરિછેદાય તે જ્ઞાન છે.**

વસ્તુમાં બે પ્રકારના ધર્મ (ગુણ) છે - (૧) સામાન્ય ધર્મ અને (૨) વિશેષ ધર્મ.


વસ્તુનો વિશેષ ધર્મ તે જ્ઞાન છે. તેને જ વિશેષોપયોગ અને સાકારોપયોગ પણ કહેવાય છે. જ્ઞાનના આઠ પ્રકાર છે - પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન.

(૧) મતિજ્ઞાન (૨) શ્રુતજ્ઞાન (૩) અવધિજ્ઞાન (૪) મનઃપર્યવ જ્ઞાન અને (૫) કેવળજ્ઞાન. અને ત્રણ અજ્ઞાન (૧) મતિ અજ્ઞાન (૨) શ્રુત અજ્ઞાન અને (૩) અવધિઅજ્ઞાન એટલે જ વિભંગજ્ઞાન

સમ્યગ્દૃષ્ટિનું જ્ઞાન તે જ્ઞાન છે.

મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન તે અજ્ઞાન છે.

આ આઠ જ્ઞાનમાંથી કોઇ પણ એક અથવા વધુ જ્ઞાનનો ઓછો કે અધિક અંશ પ્રત્યેક જીવમાં હોય જ છે. જ્ઞાન વિનાનો જીવ ન હોય. જ્યાં જીવ ત્યાં જ્ઞાન... જ્યાં જ્ઞાન ત્યાં જીવ. જીવ છે પણ જ્ઞાન નથી અથવા જ્ઞાન છે પણ જીવ નથી, એવું ક્યારે પણ ન જ સંભવે.






છદ્મસ્થ જીવને જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ પ્રમાણે ઓછું – અધિક જ્ઞાન હોય છે. કેવળજ્ઞાનીને સંપૂર્ણ જ્ઞાન (કેવળજ્ઞાન) હોય છે.




**(૨) દર્શન-** **दृश्यते वस्त्वनेन सामान्यरुपेणेति दर्शनम् ।**

જેનાથી વસ્તુ સામાન્યરૂપે દેખાય તે દર્શન.

દર્શન એ પણ જીવનું લક્ષણ છે. ઉપર વસ્તુના બે ધર્મ જણાવ્યા એમાં વિશેષ ધર્મ તે જ્ઞાન છે અને સામાન્ય ધર્મ તે દર્શન છે. વસ્તુનો સામાન્ય ધર્મ જાણવાની જીવની શક્તિ તે દર્શન છે. તેને જ સામાન્યોપયોગ અથવા નિરાકારોપયોગ કહેવાય છે.

દર્શન ચાર પ્રકારે છે. (૧) ચક્ષુ દર્શન (૨) અચક્ષુદર્શન (૩) અવધિદર્શન અને (૪) કેવળ દર્શન.

આ ચાર દર્શનમાંથી ઓછા-અધિક અંશે એક પણ દર્શન જીવને અવશ્ય હોય જ. જ્ઞાનની જેમ દર્શન વિનાનો જીવ હોય જ નહીં. છદ્મસ્થ જીવને અંતર્મુહૂર્ત સુધી દર્શન હોય પછી અન્તર્મુહૂર્ત સુધી જ્ઞાન હોય એમ દર્શન-જ્ઞાન, દર્શન-જ્ઞાન, દર્શન-જ્ઞાન ચાલુ જ હોય. છદ્મસ્થને પ્રથમ દર્શન પછી જ્ઞાન હોય. કેવળી ભગવંતને પ્રથમ કેવળજ્ઞાન થાય પછી કેવળદર્શન થાય. કેવળજ્ઞાનીને સમયે સમયે જ્ઞાનમાંથી દર્શનમાં અને દર્શનમાંથી જ્ઞાનમાં સાદિ અનંત પરિવર્તન ચાલુ હોય છે.

**(૩) ચારિત્ર -** **चरन्ति अनिन्दितमनेनेति चारित्रम् ।**



ચારિત્રના જુદ-જુદા અર્થ છે. મૂળ અર્થ છે – જેનાથી અનિંદિત શુભ આચરણ થાય તે ચારિત્ર.

આ ચારિત્રના સાત પ્રકાર છે. (૧) સામાયિક ચારિત્ર (૨) છેદોપસ્થાપન ચારિત્ર (૩) પરિહારવિશુદ્ધિ ચારિત્ર (૪) સૂક્ષ્મસંપરાય ચારિત્ર (૫) યથાખ્યાત ચારિત્ર (૬) દેશવિરતિ ચારિત્ર અને (૭) અવિરતિ ચારિત્ર.

આ સાત પ્રકારના ચારિત્રમાંથી કોઇ પણ પ્રકારનું ચારિત્ર ઓછા વત્તા અંશે બધા જ જીવોને હોય છે. જીવ હોય ત્યાં ચારિત્ર હોય અને ચારિત્ર હોય ત્યાં જીવ હોય જ. બીજા કોઇ દ્રવ્યમાં ચારિત્ર નથી તેથી જ ચારિત્ર જીવનું લક્ષણ છે.


## (૪) તપ -

**तापयति अष्टप्रकारं कर्म इति तपः ।**



આઠ પ્રકારના કર્મને તપાવે તે તપ. ઇચ્છા નિરોધ ભાવ તપ છે તેના સહાયક ઉપવાસાદિ દ્રવ્ય તપ છે. બાહ્ય અથવા દ્રવ્ય તપ અને અભ્યંતર અથવા ભાવ તપ એ બે મુખ્ય ભેદ છે. બન્નેના છ-છ ભેદ હોવાથી તે કુલ ૧ ૨ ભેદે છે. દરેક જીવમાં ઓછા-અધિક અંશે તપ છે. તપ વિના જીવ નથી.જીવ વિના તપ નથી. તેથી જ જીવનું લક્ષણ છે.

## (૫) વીર્ય -



વિશેષતાથી આત્માને ક્રિયામાં પ્રેરે તે વીર્ય છે. તે યોગ, ઉત્સાહ, પરાક્રમ, બળ, શક્તિ રુપે છે. વીર્યના બે પ્રકાર છે - (૧) કરણ વીર્ય અને (૨) લબ્ધિ વીર્ય. (૧) મન-વચન-કાયાના આલંબનથી પ્રવર્તતું વીર્ય તે કરણવીર્ય અને (૨) આત્મામાં શક્તિરૂપે રહેલું તે લબ્ધિ વીર્ય. કરણવીર્ય સર્વ જીવોને હિનાધિક પ્રમાણમાં હોય જ છે જ્યારે લબ્ધિવીર્ય વીર્યાંતરાય કર્મના ક્ષયોપશમથી પ્રાપ્ત થાય છે. તે પણ સર્વ જીવોની પાસે હોય જ છે. વીર્ય વિનાનો જીવ નથી. માટે એ જીવનું લક્ષણ છે.

## (૬) ઉપયોગ -

જીવમાં રહેલી વસ્તુના સામાન્ય અને વિશેષ ધર્મને જાણવાની શક્તિનો વપરાશ - વ્યાપાર તે ઉપયોગ કહેવાય છે. જ્યારે જ્ઞાનશક્તિનો ઉપયોગ થાય ત્યારે તે જ્ઞાનોપયોગ છે. તે જ્ઞાનના ૮ પ્રકારના કારણે ૮ પ્રકારનો છે. જ્યારે દર્શનશક્તિનો વ્યાપાર તે દર્શનોપયોગ છે. ૪ પ્રકારના દર્શનના કારણે દર્શનોપયોગ ૪ પ્રકારે છે. તેથી ઉપયોગ કુલ ૧૨ પ્રકારનો છે. આ બારમાંથી એક અથવા વધારે ઉપયોગ ઓછા-અધિક પ્રમાણમાં સર્વ જીવોને હોય છે. ઉપયોગ વિના જીવ નથી. જીવ વિના ઉપયોગ નથી તેથી તે જીવનું લક્ષણ છે.

**आहार शरीर इंदिय, पज्जत्ती आण पाण भास मणे ।**
**चउ पंच पंच छप्पिय, इग विगला सन्नि सन्निणं ।।६।।**

**આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસોશ્વાસ, ભાષા અને મન એ છ પર્યાપ્તિ છે.**
**તે ચાર, પાંચ-પાંચ, અને છ અનુક્રમે એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, અસંજ્ઞી અને સંજ્ઞી પંચેન્દ્રિયને હોય છે**

વિશ્વના પ્રત્યેક સંસારી આત્મામાં શરીર ધારણ કરીને જીવન જીવવાની શક્તિ હોય છે. પરંતુ શરીરધારી બનીને જીવન જીવવાની શક્તિ કેવળ આત્મા દ્વારા પ્રગટ થતી નથી. તે માટે પુદ્ગલની સહાયતા અનિવાર્ય બને છે. પુદ્ગલના સમુહથી પ્રગટ થયેલી આત્માની વિશેષ પ્રકારની જીવનશક્તિ તે પર્યાપ્તિ કહેવાય છે. આ પર્યાપ્તિ છ પ્રકારની છે -

(૧) **આહાર પર્યાપ્તિ -** જીવ જ્યાં ઉત્પન્ન થાય ત્યાં પ્રથમ આહાર ગ્રહણ કરવાનું કામ કરે છે. જીવ જે શક્તિ વડે આહાર યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરે અને તેમને રસ - ખલ રૂપે પરિણમવવાની શક્તિ વિશેષ તે આહાર પર્યાપ્તિ છે. શરીર બનાવવાના કામમાં ઉપયોગી થાય તે રસ અને મળ-મૂત્રાદિ બને તે ખલ જાણવું. આ પર્યાપ્તિ પ્રથમ સમયે જ પૂર્ણ થાય છે.

(૨) **શરીર પર્યાપ્તિ** - આહારના પુદ્ગલોમાંથી બનેલા રસને જે શક્તિ વડે જીવ સાત ધાતુમય શરીરરૂપે પરિણમાવાની શક્તિ વિશેષ તે **શરીર પર્યાપ્તિ** કહેવાય છે.

(૩) **ઈન્દ્રિય પર્યાપ્તિ** - સાત ધાતુ રૂપે પરિણમાવેલો રસ, તે જે જીવને જેટલી દ્રવ્ય ઈન્દ્રિય હોય તેને તેટલા ઈન્દ્રિય રૂપે પરિણમાવવાની શક્તિ વિશેષ તે **ઈન્દ્રિય પર્યાપ્તિ** કહેવાય છે. આ પ્રથમ ત્રણ પર્યાપ્તિ પૂર્ણ કર્યા વિના કોઇ જીવ મરે નહીં.




(૪) **શ્વાસોશ્વાસ પર્યાપ્તિ** – ઉપરોક્ત ત્રણ પર્યાપ્તિ પૂર્ણ કર્યા પછી શ્વાસોશ્વાસ યોગ્ય વર્ગણાના દળિયા લઈને શ્વાસોશ્વાસ રૂપે પરિણમાવીને અવલંબીને મૂકવાની જે શક્તિ વિશેષ તે શ્વાસોશ્વાસ પર્યાપ્તિ કહેવાય છે. જીવ જ્યારે શ્વાસોશ્વાસ ક્રિયામાં સમર્થ થાય ત્યારે આ પર્યાપ્તિની સમાપ્તિ થાય છે.

(૫) **ભાષા પર્યાપ્તિ** – ભાષા યોગ્ય ભાષા વર્ગણાના પુદ્ગલ લઈ, ભાષારુપે પરિણમાવીને અવલંબીને મૂકવાની જે શક્તિ વિશેષ તે ભાષા પર્યાપ્તિ કહેવાય છે. જીવ જ્યારે વચનક્રિયામાં સમર્થ થાય છે ત્યારે તે પર્યાપ્તિની સમાપ્તિ થાય છે.

(૬) **મન પર્યાપ્તિ** – મન યોગ્ય મનો વર્ગણાના પુદ્ગલ લઈ, મનરુપે પરિણમાવીને અવલંબીને મૂકવાની જે શક્તિ વિશેષ તે મન પર્યાપ્તિ કહેવાય છે. જીવ જ્યારે વિષય ચિંતનમાં સમર્થ થાય છે ત્યારે આ પર્યાપ્તિની સમાપ્તિ થાય છે.

**पणिंदियत्ति बलूसा, साऊ दस पाण चउ छ सग अट्ठ ।**
**इगदुति चउरिंदीणं, असन्नि सन्नीण नव दसय ।।७।।**

**પાંચ ઈન્દ્રિય, ત્રણ બળ, શ્વાસોશ્વાસ અને આયુષ્ય એ દસ પ્રાણ છે. તે ચાર, છ, સાત અને આઠ અનુક્રમે એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિયને તથા અસંજ્ઞી-સંજ્ઞી પંચેન્દ્રિયને નવ અને દસ પ્રાણ હોય છે.**

**प्राणिति जीवति अनेनेति प्राण: ।** જીવ જેનાથી જીવે તે પ્રાણ કહેવાય છે.
**प्राणान् धारयति इति प्राणी ।** પ્રાણોને ધારણ કરે તે પ્રાણી કહેવાય છે.

પ્રાણ બે પ્રકારના છે – (૧) દ્રવ્ય પ્રાણ અને (૨) ભાવ પ્રાણ.
દ્રવ્ય પ્રાણ સંસારી જીવોને હોય છે અને ભાવ પ્રાણ સિદ્ધના જીવોને હોય છે.
દ્રવ્ય પ્રાણ દસ છે – પાંચ ઈન્દ્રિય + ત્રણ બળ + શ્વાસોશ્વાસ + આયુષ્ય.
ભાવ પ્રાણ ચાર છે – દર્શન + જ્ઞાન + ચારિત્ર + વીર્ય.



ઈન્દ્રિય-પ્રાણ



મન-વચન-કાય બળ પ્રાણ




### કયા જીવને કેટલા પ્રાણ ?

**એકેન્દ્રિય** – એકેન્દ્રિયની પાસે ૧ ઈન્દ્રિય (સ્પર્શેન્દ્રિય) છે, મન-વચન નથી તેથી એક જ કાયબળ છે તથા શ્વાસોશ્વાસ અને આયુષ્ય મળીને ૪ પ્રાણ છે.

**બેઈન્દ્રિય** – સ્પર્શેન્દ્રિય સાથે રસનેન્દ્રિય – બે ઈન્દ્રિય છે, કાયબળ સાથે વચનબળ છે તથા શ્વાસોશ્વાસ અને આયુષ્ય હોવાથી ૬ પ્રાણ છે.

**તેઈન્દ્રિય** – સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય સાથે ઘ્રાણેન્દ્રિય જોડાવાથી ૩ ઈન્દ્રિય, બે બળ, શ્વાસોશ્વાસ અને આયુષ્ય એમ કુલ ૭ પ્રાણ હોય છે.

**ચઉરિન્દ્રિય** – સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય સાથે ચક્ષુરિન્દ્રિય જોડાવવાથી ૪ ઈન્દ્રિય, બે બળ, શ્વાસોશ્વાસ અને આયુષ્ય એમ કુલ ૮ પ્રાણ હોય છે.

**પંચેન્દ્રિય** – બે પ્રકારે છે – (૧) અસંજ્ઞિ અને (૨) સંજ્ઞિ.

અસંજ્ઞિ પંચેન્દ્રિયને ૫ ઈન્દ્રિય, બે બળ, શ્વાસોશ્વાસ અને આયુષ્ય એમ ૯ પ્રાણ હોય છે જ્યારે સંજ્ઞિ પંચેન્દ્રિયને મન હોવાથી મનોબળ વધવાથી ૧૦ પ્રાણ હોય છે.

અપર્યાપ્ત જીવોને જઘન્યથી ૩ અને ઉત્કૃષ્ટ થી ૭ પ્રાણ હોય છે.

## અજીવ તત્વ

**धम्मा - धम्मागासा, तिय तिय भेया तहेव अद्धाय ।**
**खंधा देस पएसा, परमाणु अजीव चउ दसहा ।।८।।**

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય આ દરેકના ત્રણ-ત્રણ ભેદ ગણતાં નવ થાય, તેમજ કાળનો એક એમ દસ સ્કંધ, દેશ, પ્રદેશ અને પરમાણુ એ ચારને દસમાં મેળવતાં અજીવના કુલ (૧૪) ચૌદ ભેદ થાય છે.

અસ્તિ એટલે પ્રદેશો અને કાય એટલે સમુહ. તેથી અસ્તિકાય એટલે પ્રદેશોના સમુહ.

અજીવ એટલે જીવ રહિત. અજીવના મુખ્ય પાંચ ભેદ છે –

(૧) ધર્માસ્તિકાય (૨) અધર્માસ્તિકાય (૩) આકાશાસ્તિકાય (૪) કાળ અને (૫) પુદ્‌ગલાસ્તિકાય.

એમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય તથા આકાશાસ્તિકાયના ત્રણ-ત્રણ ભેદ છે.














આ ત્રણ-ત્રણ ભેદ નીચે પ્રમાણે છે -
(૧) સ્કંધ (૨) દેશ અને (૩) પ્રદેશ.
વસ્તુનો આખો ભાગ તે સ્કંધ કહેવાય છે.
સ્કંધથી નાનો પરંતુ ફરી જેના વિભાગ થઈ શકે તે સ્કંધ સાથે જોડાયેલો સ્કંધનો ભાગ તે દેશ કહેવાય છે.
સ્કંધ સાથે જોડાયેલો સ્કંધનો નાનામાં નાનો અવિભાજ્ય સૂક્ષ્મ અણુ તે પ્રદેશ કહેવાય છે.
તેથી ધર્માસ્તિકાય - અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાયના કુલ ૯ ભેદ થયા.

(૧) ધર્માસ્તિકાય સ્કંધ (૪) અધર્માસ્તિકાય સ્કંધ (૭) આકાશાસ્તિકાય સ્કંધ
(૨) ધર્માસ્તિકાય દેશ (૫) અધર્માસ્તિકાય દેશ (૮) આકાશાસ્તિકાય દેશ
(૩) ધર્માસ્તિકાય પ્રદેશ (૬) અધર્માસ્તિકાય પ્રદેશ (૯) આકાશાસ્તિકાય પ્રદેશ.

કાળનો એક જ ભેદ હોવાથી ૧ ભેદ થયો.
સ્કંધથી છૂટો પડેલો સ્કંધનો નાનામાં નાનો અવિભાજ્ય સૂક્ષ્મ અણુ તે પરમાણુ કહેવાય છે.




## પુદ્‌ગલાસ્તિકાય

સ્કંધથી છૂટો અણુ ધર્માસ્તિકાય - અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાયમાં સંભવિ જ ન શકે કારણ તે સર્વવ્યાપી છે. જ્યારે છૂટો અણુ પુદ્‌ગલાસ્તિકાયમાં હોય છે તેથી પુદ્‌ગલાસ્તિકાયના ૪ ભેદ નીચે મુજબ થાય છે.

(૧) પુદ્‌ગલાસ્તિકાય સ્કંધ (૨) પુદ્‌ગલાસ્તિકાય દેશ (૩) પુદ્‌ગલાસ્તિકાય પ્રદેશ અને (૪) પુદ્‌ગલાસ્તિકાય પરમાણુ.

તેથી અજીવના કુલ ૧૪ ભેદ થયા.

ધર્માસ્તિકાય - ૩
અધર્માસ્તિકાય - ૩
આકાશાસ્તિકાય - ૩
કાળ - ૧
પુદ્‌ગલાસ્તિકાય - ૪

**કુલ - ૧૪ અજીવના ભેદ**

धम्माऽधम्मा पुग्गल, नह कालो पंच हुंति अज्जीवा ।
चलण सहावो धम्मो, थिर संठाणो अहम्मो य ।।९।।

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, આકાશાસ્તિકાય અને કાળ એ પાંચ અજીવ છે.
ચલન સ્વભાવવાળો ધર્માસ્તિકાય છે તો સ્થિર રાખવાના સ્વભાવવાળો અધર્માસ્તિકાય છે.

અસ્તિ એટલે પ્રદેશોનો અને કાય એટલે સમુહ

અસ્તિકાય એટલે પ્રદેશોનો સમુહ. આવા પ્રદેશોનો સમુહ અસ્તિકાય કહેવાય છે. તે ધર્મ-અધર્મ-આકાશ અને પુદ્ગલમાં સંભવે છે. તેથી તે ધર્માસ્તિકાય - અધર્માસ્તિકાય - આકાશાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાય કહેવાય છે. કાળ દ્રવ્ય માટે આવું સંભવતું નથી તેથી કાળ એક જ ભેદ સહિત છે. પરિવર્તન સ્વભાવવાળું નવાને જૂનું કરનાર છે.

આ પાંચ દ્રવ્ય અજીવ છે.

આમાં ધર્માસ્તિકાય ગતિ આપવાના સ્વભાવવાળો છે. ગતિ સહાયક છે. આપણને સહુને ચાલવામાં તે સહાયક બને છે. જો વાતાવરણમાં ધર્માસ્તિકાય ન હોય તો આપણે ચાલી જ ન શકીએ.

સિદ્ધના જીવો લોકના છેડે જઇને અટકી જાય છે કારણ કે આગળ ધર્માસ્તિકાયનો અભાવ છે.

અધર્માસ્તિકાય સ્થિર રાખવાના સ્વભાવવાળો છે. તે આપણને સ્થિર રહેવામાં સહાયક બને છે.

આપણે એક સ્થાને ઉભા રહી શકીએ... બેસી શકીએ છીએ એમાં અધર્માસ્તિકાય સહાયક બને છે. સિદ્ધના જીવો અલોકને અડીને સ્થિર રહે છે એમાં પણ અધર્માસ્તિકાયની જ સહાયતા છે.

अवगाहो आगासं, पुग्गल जीवाण पुग्गला चउहा ।
खंधा देस पएसा, परमाणु चेव नायव्वा ।।१०।।

અવકાશ આપવાના સ્વભાવવાળો આકાશાસ્તિકાય છે. જીવ અને પુદ્ગલને સ્થાન આપે છે.
સ્કંધ, દેશ, પ્રદેશ અને પરમાણુ એ ચાર પ્રકારે પુદ્ગલ નિશ્ચયથી જાણવું.

આકાશાસ્તિકાય અવકાશ આપે છે. દરેક જીવ-અજીવને જગ્યા આપવાના સ્વભાવવાળો છે.

પુદ્ગલાસ્તિકાય પૂરણ અને ગલન સ્વભાવવાળું છે.

પૂરણ એટલે મળવું... અને ગલન એટલે વિખરવું...

સમયે સમયે પુદ્ગલના સ્કંધ સાથે બીજા નવા પરમાણુ જોડાતા હોય છે અને જુના પુદ્ગલો એનાથી જુદા પડતા હોય છે. સદા-સર્વદા એમાં ફેરફાર થતો જ રહે છે. આપણી નજરમાં વસ્તુ કે સ્કંધ રોજ એક સરખો જ દેખાતો હોય તો પણ એમાં સમયે-સમયે સૂક્ષ્મ ફેરફાર થતો જ હોય છે. કદાચ આપણે એ સૂક્ષ્મ ફેરફારને સમજી ન શકીએ. સમયે સમયે એના વર્ણ-ગંધ-રસ-સ્પર્શના ૨૦ ભેદમાં ક્યાંક ને ક્યાંક નવા પુદ્ગલોનું પુરવું અને જુના પુદ્ગલોનું વિખરવું ચાલુ હોય છે.

પુદ્ગલાસ્તિકાયના સ્કંધ-દેશ-પ્રદેશ અને પરમાણુ એમ ચાર ભેદ છે.

**सद्दंधयार उज्जोअ, पभा छाया तवेहिआ ।**
**वण्ण गंध रसा फासा, पुग्गलाणं तु लक्खणं ॥११॥**

**શબ્દ, અંધકાર, પ્રકાશ, જ્યોતિ, છાયા, આતપ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ એ પુદ્ગલોનું નિશ્ચયપણે લક્ષણ છે.**

પુદ્ગલના ૧૦ લક્ષણ જણાવે છે –

(૧) **શબ્દ** – શબ્દ એટલે અવાજ – ધ્વનિ – નાદ. શબ્દ એ પુદ્ગલનું લક્ષણ છે. આ શબ્દ ત્રણ પ્રકારનો છે – (૧) સચિત્ત – જીવ મુખથી બોલે તે. કોયલનો ટહુંકાર, મોરનો કેકારવ, કુતરાનું ભસવું, આપણું બોલવું.

(૨) અચિત્ત શબ્દ – વાસણ વગેરે (અચિત્ત–અજીવ) પદાર્થોના અફળાવવાથી ઉત્પન્ન થતો નાદ – શબ્દ. દા.ત. વાસણ પડતાં થતો નાદ–અવાજ.

**(૩)** મિશ્ર શબ્દ **–** જીવના પ્રયત્નથી વાગતા સંગીતના સાધન. દા.ત. શંખનાદ, ઘંટનાદ, તબલા, બંસરી વિગેરે.

(૨) **અંધકાર –** અન્ય દર્શનો પ્રકાશના અભાવને જ અંધકાર કહે છે ત્યારે જૈન શાસન અંધકારને પુદ્ગલ સ્કંધ માને છે. અંધકાર પુદ્ગલરૂપ છે અને ઘ્રાણેન્દ્રિયથી ગ્રાહ્ય છે.

(૩) **ઉદ્યોત પ્રકાશ** – શીત વસ્તુનો શીત પ્રકાશ તે ઉદ્યોત છે. ઉદ્યોત સ્વયં પુદ્ગલ સ્કંધો છે. ઉદ્યોતનામ કર્મના ઉદયથી સૂર્ય સિવાયના ચન્દ્ર–તારા વિગેરે જ્યોતિષી દેવોના વિમાનોનો... ચંદ્રકાન્ત વિગેરે રત્નોનો... આગિયા વિગેરે જીવોના શીત પ્રકાશ તે ઉદ્યોત છે.

(૪) **પ્રભા –** સૂર્ય–ચંદ્રના પ્રકાશમાંથી બીજો કિરણો રહિત ઉપપ્રકાશ તે પ્રભા છે. પ્રભા સ્વયં પુદ્ગલના સ્કંધ સ્વરૂપ છે.

(૫) **છાયા** – દર્પણમાં, તડકામાં, પ્રકાશમાં પડતું પ્રતિબિમ્બ અથવા પડછાયો તે છાયા છે. છાયા પુદ્ગલરૂપ છે. પુદ્ગલનું લક્ષણ છે.

(૬) **આતપ** – શીત વસ્તુનો ઉષ્ણ પ્રકાશ તે આતપ છે. દા.ત. સૂર્ય – સૂર્યકાન્ત મણિ.

(૭) **વર્ણ** – શ્વેત, રક્ત, પીત, નીલ અને કૃષ્ણ એ પાંચ મૂળ વર્ણ છે. ભેદ – પ્રભેદ ઘણા છે.

(૮) **ગંધ** – સુગંધ–દુર્ગંધ બે પ્રકારની ગંધ પ્રસિદ્ધ છે. ગંધ વિના પુદ્ગલ નથી તેથી તે પુદ્ગલનો ગુણ છે. લક્ષણ છે.

(૯) **રસ** – તીખો, કડવો, તૂરો, ખાટો, મીઠો એ પાંચ મૂળ રસ છે. રસ વિના પુદ્ગલ નથી તેથી તે તેનું લક્ષણ છે.

(૧૦) **સ્પર્શ** – શીત, ઉષ્ણ, સ્નિગ્ધ, રુક્ષ, લઘુ, ગુરુ, મૃદુ, કર્કશ આ આઠ સ્પર્શ છે. દરેક પુદ્ગલમાં હોવાથી તેનું લક્ષણ છે.

**પુદ્ગલના લક્ષણ**
















## પાંચ વર્ણ



(૧) શ્યામ અથવા કૃષ્ણ (૨) નીલ અથવા લીલો (૩) રક્ત અથવા લાલ (૪) પીત અથવા પીળો (૫) શ્વેત અથવા સફેદ.

## બે પ્રકારની ગંધ






## આઠ પ્રકારનો સ્પર્શ




## પાંચ પ્રકારનો રસ



**अेगा कोडी सतसट्ठि, लक्खा सत्तहुत्तरी सहस्साय ।**
**दोय सया सोलहिआ, आवलिया इग मुहुत्तम्मि ।।१२।।**

**એક કરોડ, સડસઠ લાખ, સત્તોતેર હજાર, બસો સોળ આવલીઓ એક મુહૂર્તમાં થાય છે.**

કેવળી ભગવંતની દૃષ્ટિએ પણ જેના બે ભાગ ન થઇ શકે એવો સૂક્ષ્મમાં સૂક્ષ્મ અવિભાજ્ય કાળ તે એક સમય છે.

અતિ જીર્ણ સહજતાથી ફાટિ જાય એવા વસ્ત્રને જલ્દિથી ફાડતાં એક તંતુથી બીજા તંતુ સુધી ફાડવામાં જે કાળ લાગે તેમાં અસંખ્ય સમય નિકળી જાય છે.

આંખનું મટકું મારતાં અસંખ્ય સમય વીતી જાય છે.

કમળની અતિ મુલાયમ-કોમળ પાંખડીઓના થપ્પાને (એકની ઉપર એક એમ ગોઠવેલા શતાધિક પાંખડીઓને) બળવાન વ્યક્તિ અતિ તીક્ષ્ણ ભાલાની અણીથી વીંધે ત્યારે એક પાંખડીને વિંધતા જે કાળ લાગે એમાં અસંખ્ય અસંખ્ય સમય વ્યતીત થાય છે.

એવું અતિ સૂક્ષ્મ કાળનું અવિભાજ્ય ઘટક **સમય** છે.

ઉપરના બધા દૃષ્ટાંતો સમયની સૂક્ષ્મતા જણાવવા-સમજાવવા કહેલા છે. આવા અસંખ્યાત સમયની એક આવલિકા થાય છે.

આવી ૧,૬૭,૭૭,૨૧૬ આવલિકાનું એક મુહૂર્ત થાય છે.

**समयवावली मुहुत्तं, दीहा पक्खा य मास वरिसाय ।**
**भणिओ पलिया सागर, उस्सप्पिणी सप्पिणी कालो ।।१३।।**

**સમય, આવલી, મુહૂર્ત, દિવસ, પક્ષ, મહિનો, વરસ, પલ્યોપમ, સાગરોપમ, ઉત્સર્પિણી, અવસર્પિણી રુપી કાળ છે.**

## પલ્યોપમ





એક યોજન લાંબો - પહોળો અને ઉંડો કૂવો બનાવવામાં આવે. આ કૂવામાં દેવકુરુ-ઉત્તરકુરુ ક્ષેત્રના એકથી સાત દિવસના જન્મેલા બાળકના વાળ નાના નાના (અવિભાજ્ય) ટુકડા કરીને નાંખવામાં આવે. અવિભાજ્ય એટલે કોઇ પણ તીક્ષ્ણ હથિયારથી જેના બે ભાગ ન થઇ શકે. એવા વાળના ટુકડાઓથી ઉપરોક્ત કૂવાને ઠાંસી ઠાંસીને ભરવામાં આવે. ચક્રવર્તીની સેના પણ એના ઉપરથી ચાલી જાય તો પણ વાળ જરાય દબાય નહીં. પછી આ કૂવામાંથી સો સો વરસે એક-એક વાળનો ટુકડો કાઢવામાં આવે છે. આવી રીતે વાળ કાઢતાં જ્યારે આ કૂવો ખાલી થાય છે, એક પણ વાળનો ટુકડો બાકી રહેતો નથી ત્યારે જેટલા વરસ થાય છે એટલા વરસને એક પલ્યોપમ કહેવાય છે.

આવા દસ કોડાકોડી પલ્યોપમનો એક સાગરોપમ થાય છે.

# વ્યવહાર કાળનું કોષ્ટક

અવિભાજ્ય સૂક્ષ્મ કાળ = ૧ સમય
૯ સમય = ૧ જઘન્ય અન્તર્મુહૂર્ત
અસંખ્ય સમય = ૧ આવલિકા
૨૫૬ આવલિકા = ૧ ક્ષુલ્લક ભવ
સાધિક ૧૭ાા ભવ = ૧ શ્વાસોચ્છ્વાસ (પ્રાણ)
૭ પ્રાણ (શ્વાસો.) = ૧ સ્તોક
૭ સ્તોક = ૧ લવ
૩૮ાા લવ = ૧ ઘડી
૭૭ લવ (૩૭૭૩ શ્વાસોશ્વાસ) = ૧ મુહુર્ત
૧૬૭૭૭૨૧૬ થી કાંઇક અધિક આવલિકા તથા બેઘડી = ૧ મુહૂર્ત
૩૦ મુહૂર્ત = ૧ દિવસ (અહોરાત્રિ)
૧૫ દિવસ = ૧ પક્ષ (પખવાડિયું)
૨ પક્ષ = ૧ માસ
૬ માસ = ૧ ઉત્તરાયણ અથવા ૧ દક્ષિણાયન
૨ અયન અથવા ૧૨ માસ = ૧ વર્ષ
૫ વર્ષ = ૧ યુગ
૮૪ લાખ પૂર્વ = ૧ પૂર્વાંગ
૭૦૫૬૦૦૦૦૦૦૦૦૦૦ વર્ષ = ૧ પૂર્વ
અસંખ્ય વર્ષ = ૧ પલ્યોપમ
૧૦ કોડાકોડી પલ્યોપમ = ૧ સાગરોપમ
૧૦ કોડાકોડી સાગરોપમ = ૧ ઉત્સર્પિણી અથવા ૧ અવસર્પિણી
૨૦ કોડાકોડી સાગરોપમ = ૧ કાળચક્ર
અનંત પુદ્ગલ પરાવર્તન કાળ = ભૂતકાળ
ભૂતકાળ કરતાં અનંત પુદ્ગલ પરાવર્તન કાળ = ભવિષ્ય કાળ
એક સમય = વર્તમાન કાળ
ભૂત - ભવિષ્ય - વર્તમાનકાળ = અદ્ધાકાળ.

# કાળના ભેદ

| અસંખ્ય સમય | ૨૫૬ આવલિકા | ૬૫૫૩૬ ક્ષુલ્લક ભવ |
|---|---|---|
|  |  |  |
| = આવલિકા | = ક્ષુલ્લક ભવ | = ૧ મુહૂર્ત |
| = મુહૂર્ત | ૬૦ ઘડી (૩૦ મુહૂર્ત) | ૧૫ અહોરાત્ર |
|  |  |  |
| = ૨ ઘડી (૪૮ મિનિટ) | ૧ અહોરાત્ર | = ૧ પક્ષ |
| ૨ પક્ષ | ૬ ઋતુ (૧૨ માસ) | ૨ અયન |
|  |   |   |
| = ૧ મહિના | = ૨ અયન | = ૧ વર્ષ |









# કાળચક્ર

એક કાળચક્ર વીસ કોડાકોડી સાગરોપમનું હોય છે. આ એક કાળચક્રનાં બે ભાગ થાય (૧) ઉત્સર્પિણી અને (૨) અવસર્પિણી ઉત્સર્પિણી કાળમા જમીનની રસકસાદી, ધર્મ વિનયાદી ગુણો, શરીરની શક્તિ, આયુષ્ય, ઉંચાઇ વગેરે ઉત્તરોત્તર વધતા જાય છે. જ્યારે અવસર્પિણી કાળમાં જમીનના રસકસાદી, ધર્મ વિનયાદી ગુણો, શરીરની શક્તિ, આયુષ્ય, ઉંચાઇ વગેરે ઉત્તરોત્તર ઘટતા જાય છે. ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળમાં પ્રત્યેકી છ છ આરા હોય છે. હાલ ભરત ક્ષેત્રમાં અવસર્પિણી કાળ ચાલે છે તેથી આપણે અવસર્પિણીના ક્રમથી છ આરાનું સ્વરૂપ સમજીએ છીએ.

### ૧. સુષમ-સુષમ નામનો પહેલો આરો

આ આરો ૪ કોડાકોડી સાગરોપમના કાળનો અને યુગલિક ભાવનો છે. મનુષ્યો તિર્યંચો જોડલે જન્મે છે. ત્રણ દિવસના આંતરે મનુષ્યો અને બે દિવસના આંતરે તિર્યંચો તુવેરના દાણા જેટલો આહાર લે છે. આ આરાના મનુષ્યો ત્રણ ગાઉના શરીરવાળા ત્રણ પલ્યોપમના આયુષ્યવાળા અને બસો છપ્પન પાંસળીયોવાળા હોય છે. દશ પ્રકારના કલ્પવૃક્ષ તેમના મનોવાંછિત પૂરે છે. આયુષ્યના ઓગણપચાસ દિવસ પૂર્વે પુત્ર પુત્રીરૂપી યુગલને જન્મ આપી, ઓગણપચાસ દિવસ અપત્યપાલન કરી. મૃત્યુ પામી સ્વર્ગે જાય છે પહેલા આરાના અંતે ધીમે ધીમે આયુષ્યાદિ ઘટતા જાય છે.

### ૨. સુષમ નામનો બીજો આરો

આ આરો ત્રણ કોડાકોડી સાગરોપમના કાળનો અને યુગલિક ભાવનો છે. બીજા આરાના મનુષ્યો ઉત્કૃષ્ટ બે ગાઉના શરીરવાળા બે પલ્યોપમના આયુષ્યવાળા એકસો અઠ્યાવીસ પાંસળીયોવાળા હોય છે. માનવીઓ બે દિવસના આંતરે અને તિર્યંચ એક દિવસના આંતરે બોર પ્રમાણે આહાર લે છે. આયુષ્ય પૂર્ણ થતા પૂર્વે એક યુગલને જન્મ આપી ચોસઠ દિવસ અપત્યપાલન કરી, મરીને સ્વર્ગે જાય છે. બીજા આરાના અંતે ધીમે ધીમે આયુષ્યાદિ ઘટતા જાય છે,

### ૩. સુષમ દુષમ નામનો ત્રીજો આરો

આ આરો બે કોડાકોડી સાગરોપમના કાળનો અને બહુધા યુગલિક ભાવનો હોય છે, આ આરાના મનુષ્યો ઉત્કૃષ્ટથી એક ગાઉના શરીરવાળા, એક પલ્યોપમના આયુષ્યવાળા તેમજ ચોસઠ પાંસળીયોવાળા હોય છે. મનુષ્યો એક દિવસના આંતરે, તિર્યંચો દરરોજ આવળા પ્રમાણ આહાર લે છે. આયુષ્ય પૂર્ણ થતા પૂર્વે એક પુત્ર-પુત્રી રૂપ યુગલને જન્મ આપી, ઓગણએંસી દિવસ અપત્યપાલન કરી મરીને સ્વર્ગમાં જાય છે. ત્રીજા આરાનો પલ્યોપમનો આઠમો ભાગ જ્યારે બાકી રહે ત્યારે પ્રથમ કુલકરનો જન્મ થાય છે. અને ચોર્યાસી લાખ પૂર્વ ત્રણ વર્ષ અને સાડા આઠ માસ બાકી રહે ત્યારે પ્રથમ તીર્થંકરનો જન્મ થાય છે, પ્રથમ ચક્રવર્તી પણ આજ આરામાં થાય છે.

### ૪. દુષમ સુષમ નામનો ચોથો આરો

આ આરો બેંતાલીશ હજાર વર્ષ ઓછા એવા એક કોડાકોડી સાગરોપમના પ્રમાણવાળા આ આરામાં મનુષ્યનું ઉત્કૃષ્ટ આયુષ્ય ક્રોડ પૂર્વનું અને શરીરમાન ૫૦૦ ધનુષ્યનું હોય છે, આરાના અંતે આયુષ્યએક સો વર્ષથી કંઇક અધિક અને શરીરમાન સાત હાથનું હોય છે. આ આરામાં યુગલિક ધર્મ હોતો નથી. આ આરામાં ત્રેવીશ તીર્થંકર, અગીયાર ચક્રવર્તી નવ વાસુદેવ, નવ પ્રતિવાસુદેવ અને નવ બળદેવ થાય છે. આ આરાના મનુષ્યો રૂચિ પ્રમાણે ભોજન કરનારા કર્મ પ્રમાણે ચારે ગતિમાં જનારા તેમજ કર્મક્ષય કરીને મોક્ષમાં જનારા પણ હોય છે. આ આરામાં છ સંઘયણ અને છ સંસ્થાન જીવોને હોય છે.

### ૫. દુષમ નામનો પાંચમો આરો

આ આરો એકવીસ હજાર વર્ષના પ્રમાણવાળો છે. આ આરામાં મનુષ્યનું ઉત્કૃષ્ટ આયુષ્ય એકસો વર્ષથી કાંઇક અધિક હોય છે. મનુષ્યનું શરીરમાન સાત હાથનું હોય છે. ઘટતા જતાં આરાના અંતે આયુષ્ય વીશ વર્ષનું અને શરીર પ્રમાણ એક હાથનું રહે છે આ આરામાં જન્મેલા મનુષ્ય કર્માનુસાર ચારે ગતિમાં જાય છે પણ કર્મક્ષય કરીને મોક્ષમાં જતા નથી.

### ૬. દુષમ દુષમ નામનો છઠ્ઠો આરો

આ આરો એકવીસ હજાર વર્ષ પ્રમાણવાળો હોય છે. આ આરાની શરૂઆતમાં આયુષ્ય વીશ વર્ષનું અને શરીરમાન એક હાથનું હોય છે. જ્યારે આરાના અંતમાં આયુષ્ય સોલ વર્ષનું અને શરીરમાન મુઠી વાળેલા હાથનું હોય છે. આ આરાના મનુષ્યો મહાક્રોધી, હિંસક, નિર્લજ્જ અને મર્યાદા વિનાના હોય છે. આ આરાના જીવો મરીને નરકાદિ દુર્ગતિમાં જાય છે.

ઉત્સર્પિણી કાળમાં આજ ચક્ર ઉલટું ફરે છે.

**परिणामि जीवमुत्तं, सपएसा एगखित्त करिआ य ।**
**णिच्चं कारण कत्ता, सव्वगय मियर अप्पवेसे ।।१४।।**

**પરિણામીપણું, જીવપણું, રૂપીપણું, સપ્રદેશીપણું,એક પણું, ક્ષેત્રપણું, ક્રિયાપણું, નિત્યપણું, કારણપણું, કર્તાપણું, સર્વવ્યાપીપણું, અને ઈતરમાં અપ્રવેશીપણું વિચારવું.**

## છ દ્રવ્યની ૨૩ દ્વારોથી વિચારણા

(૧) **પરિણામી** – જેનું પરિવર્તન થાય – અવસ્થા બદલાય તે પરિણામી. જીવ મનુષ્યમાંથી તિર્યંચ – દેવ – નારકી બને ૪ ગતિમાં ભમે તેથી પરિણામી છે. પુદ્ગલમાં પણ અવસ્થા બદલાય. દુધ–દહિં–ઘી વિગેરે થાય તેથી તે પણ **પરિણામી** છે.

(૨) **અપરિણામી** – ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને કાળ એમાં પરિવર્તન ન આવતું હોવાથી તે **અપરિણામી** છે.

(૩) **જીવ** – જેમાં જીવ હોય તે જીવ દા.ત. જીવાસ્તિકાય.

(૪) **અજીવ** – જેમાં જીવ નથી તે અજીવ. દા.ત. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને કાળ.

(૫) **રૂપી (મૂર્ત)** – જેમાં વર્ણ–ગંધ–રસ–સ્પર્શ છે તે રૂપી –મૂર્ત છે. દા.ત. પુદ્ગલાસ્તિકાય.

(૬) **અરૂપી (અમૂર્ત)** – જેમાં વર્ણ–ગંધ–રસ–સ્પર્શ નથી તે અરૂપી–અમૂર્ત છે. દા.ત.ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય અને કાળ.

(૭) **સપ્રદેશી** – પ્રદેશો સહિત તે સપ્રદેશી. દા.ત. જીવાસ્તિકાય, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાય.

(૮) **અપ્રદેશી** – પ્રદેશ રહિત તે અપ્રદેશી છે. દા.ત. કાળ

(૯) **એક** – જે દ્રવ્ય સંખ્યામાં એક જ એકલું છે. દા.ત. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય.

(૧૦) **અનેક** – જે દ્રવ્ય અનેક હોય છે. દા.ત. જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને કાળ.

(૧૧) **ક્ષેત્ર** – જે રાખે તે રાખનાર ક્ષેત્ર કહેવાય છે. દા.ત. આકાશાસ્તિકાય.

(૧૨) **ક્ષેત્રી** – ક્ષેત્રમાં રહેનાર ક્ષેત્રી છે. દા.ત. જીવાસ્તિકાય, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય.

(૧૩) **સક્રિય** – જે ગતિ કરવાને શક્તિમાન છે તે સક્રિય. દા.ત. જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય.

(૧૪) **અક્રિય** – જે ગતિ કરવાને અસમર્થ છે તે અક્રિય. દા.ત. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને કાળ.

(૧૫) **નિત્ય** (શાશ્વત) – જે સદા એક સરખું રહે, જેમાં પરિવર્તન ન થાય તે નિત્ય કહેવાય. દા.ત. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને કાળ.

(૧૬) **અનિત્ય** (અશાશ્વત) – જે સદા એક સરખું ન રહે, જેનું પરિવર્તન થાય તે અનિત્ય કહેવાય. દા.ત. જીવાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાય.

(૧૭) **કારણ** – જે બીજાને સહાયભૂત બને તે કારણ. દા.ત. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્‌ગલાસ્તિકાય અને કાળ.

(૧૮) **અકારણ** – જે બીજાને સહાયભૂત ન બને તે અકારણ. દા.ત. જીવાસ્તિકાય.

(૧૯) **કર્તા** – જે કાર્ય કરવામાં સ્વતંત્ર હોય તે કર્તા છે. દા.ત. જીવાસ્તિકાય.

(૨૦) **અકર્તા** – જે સ્વતંત્ર કાર્ય કરનાર નથી તે અકર્તા છે. દા.ત. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્‌ગલાસ્તિકાય અને કાળ.

(૨૧) **સર્વગત** – સર્વગત એટલે સર્વવ્યાપક. દા.ત. આકાશાસ્તિકાય.

(૨૨) **દેશગત** – સર્વ વ્યાપક ન હોય તે દેશગત. દા.ત. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, પુદ્‌ગલાસ્તિકાય, જીવાસ્તિકાય અને કાળ.

(૨૩) **પરસ્પર અપ્રવેશી** – એકબીજા દ્રવ્યોમાં જે પ્રવેશ ન કરી શકે તે પરસ્પર અપ્રવેશી. દા.ત. જીવાસ્તિકાય, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય.

| દ્રવ્ય | પરિણામ | જીવ | મૂર્ત-રૂપી | સપ્રદેશ | એક-અનેક | ક્ષેત્રી-ક્ષેત્ર | સક્રિય | નિત્ય | કારણ | કર્તા | સર્વગત-દેશગત | અપ્રવેશી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ધર્માસ્તિકાય | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ક્ષેત્રી | ૦ | ૧ | ૧ | ૦ | દે. | ૧ |
| અધર્માસ્તિકાય | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ક્ષેત્રી | ૦ | ૧ | ૧ | ૦ | દે. | ૧ |
| આકાશાસ્તિકાય | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ક્ષેત્ર | ૦ | ૧ | ૧ | ૦ | સ. | ૧ |
| પુદ્‌ગલાસ્તિકાય | ૧ | ૦ | ૧ | ૧ | અનંત | ક્ષેત્રી | ૧ | ૦ | ૧ | ૦ | દે. | ૧ |
| જીવાસ્તિકાય | ૧ | ૧ | ૦ | ૧ | અનંત | ક્ષેત્રી | ૧ | ૦ | ૦ | ૧ | દે. | ૧ |
| કાળ | ૦ | ૦ | ૦ | ૦ | અનંત | ક્ષેત્રી | ૦ | ૧ | ૧ | ૦ | દે. | ૧ |

## પાપ પુણ્યની ચતુર્ભંગી

બાહ્ય ક્રિયા કરતી વખતે અંતરમાં ચાલતી ભાવધારાના આધારે પુણ્યના બે ભાંગા જણાવવામાં આવ્યા છે. આ બે ભાંગા નીચે મુજબ છે –

**(૧) પુણ્યાનુબંધી પુણ્ય** – જે પુણ્યના ઉદય કાળમાં જીવને શુભ સામગ્રી એવં શુભ બુદ્ધિની પ્રાપ્તિ થાય છે. પુણ્યના ઉદયથી મળેલી શક્તિ, સંપત્તિ, સત્તાના સદુપયોગથી જીવ ફરી પુણ્ય ઉપાર્જન કરે છે, તે પુણ્યાનુબંધી પુણ્ય કહેવાય છે. જે સાધકને મોક્ષની મંઝિલે પહોંચાડે છે. દા.ત. શાલીભદ્ર.

**(૨) પાપાનુબંધી પુણ્ય** – જે પુણ્યના ઉદયકાળમાં જીવને શુભ સામગ્રીતો મળે છે પરંતુ સાથે સદ્‌બુદ્ધિ ન હોવાથી, સામગ્રીનો દુરુપયોગ કરીને ફરી પાપનો બંધ કરે છે તે પાપાનુબંધી પુણ્ય છે. બ્રહ્મદત્ત ચક્રવર્તી પુણ્યના ઉદયે સત્તા–સામગ્રી પામ્યા પરંતુ એનો દુરુપયોગ કરી નરકમાં ગયા.

# પુણ્ય તત્વ

**साउच्च गोअ मणुदुग, सुर दुग पंचिंदिजाइ पण देहा ।**
**आइति तणुणुवंगा, आइम संघयण संठाणा ।।१५।।**
**શાતાવેદનીય, ઉચ્ચગોત્ર, મનુષ્યદ્વિક, દેવદ્વિક, પંચેન્દ્રિય જાતિ,**
**પાંચ શરીર, પહેલા ત્રણ શરીરના ઉપાંગ, પ્રથમ સંઘયણ અને પ્રથમ સંસ્થાન.**

**શુભ કર્મોનો બંધ તે પુણ્ય છે.** પુણ્યના કારણરૂપ ૪ ૨ શુભ કર્મો બંધાય છે. તેની અહિં ગણત્રી કરવામાં આવી છે. આ શુભ કર્મોના ઉદયથી અનુકુળતાની પ્રાપ્તિ થાય છે તેથી પુણ્ય ભોગવાય છે. ૪૨ શુભ કર્મો નીચે પ્રમાણે છે –

(૧) **શાતાવેદનીય કર્મ** – સુખનો અનુભવ કરાવે છે.
(૨) **ઉચ્ચ ગોત્ર કર્મ** – ઉચ્ચ કુળ – જાતિમાં જન્મ અપાવે છે.
(૩) **મનુષ્યગતિ નામકર્મ** – મનુષ્યગતિ અપાવે છે.
(૪) **મનુષ્યાનુપૂર્વી નામકર્મ** – મનુષ્યગતિ તરફ લઇ (ખેંચી) જાય છે.
(૫) **દેવગતિ નામકર્મ** – દેવગતિ અપાવે છે.
(૬) **દેવાનુપૂર્વી નામકર્મ** – દેવગતિ તરફ લઇ (ખેંચી) જાય છે.
(૭) **પંચેન્દ્રિય જાતિ નામકર્મ** – પાંચ ઇન્દ્રિયની જાતિ અપાવે છે.
(૮) **ઔદારિક શરીર નામકર્મ** – ઔદારિક શરીર અપાવે છે.
(૯) **વૈક્રિય શરીર નામકર્મ** – વૈક્રિય શરીર અપાવે છે.
(૧૦) **આહારક શરીર નામકર્મ** – આહારક શરીર અપાવે છે.
(૧૧) **તૈજસ શરીર નામકર્મ** – તેજસ શરીર અપાવે છે.
(૧૨) **કાર્મણ શરીર નામકર્મ** – કાર્મણ શરીર અપાવે છે.
(૧૩) **ઔદારિક અંગોપાંગ નામકર્મ** – ઔદારિક શરીરમાં અંગોપાંગ અપાવે છે.
(૧૪) **વૈક્રિય અંગોપાંગ નામકર્મ** – વૈક્રિય શરીરમાં અંગોપાંગ અપાવે છે.
(૧૫) **આહારક અંગોપાંગ નામકર્મ** – આહારક શરીરમાં અંગોપાંગ અપાવે છે.
(૧૬) **વજ્ર ઋષભ નારાચ સંહનન નામ કર્મ** – હાડકાનો મજબૂતમાં મજબૂત બાંધો અપાવે છે.
(૧૭) **સમચતુરસ્ત્ર સંસ્થાન નામ કર્મ** – શરીરને ઉત્તમમાં ઉત્તમ સર્વશ્રેષ્ઠ આકાર અપાવે છે.

**वण्ण चउक्का गुरुलहु, परघा उसास आय वुज्जोअं ।**
**शुभ खगइ निमिण तसदस, सुर नर तिरिआउ तिथ्थयरं ।।१६।।**
**વર્ણચતુષ્ક, અગુરુલઘુ, પરાઘાત, ઉચ્છવાસ, આતપ, ઉદ્યોત, શુભવિહાયોગતિ, નિર્માણ,**
**ત્રસદશક, દેવનું આયુષ્ય, મનુષ્યનું આયુષ્ય અને તિર્યંચનું આયુષ્ય અને તીર્થંકરપણું.**

આગળની ગાથામાં આપણે પુણ્યતત્વના ૧૭ ભેદોનો વિચાર કર્યો. આ ગાથામાં આગળની પુણ્ય પ્રકૃતિઓની વિચારણા કરીશું.

૧૮. **શુભ વર્ણ** – શ્વેત, રક્ત અને પીત આ ત્રણ શુભ વર્ણ છે.

૧૯. **શુભ ગંધ** – સુગંધ અથવા સુરભિગંધ તે શુભ ગંધ છે.

૨૦. **શુભ રસ** – આમ્લ, મધુર અને કષાય રસ આ ત્રણ શુભ રસ છે.

૨૧. **શુભ સ્પર્શ** – લઘુ, મૃદુ, ઉષ્ણ અને સ્નિગ્ધ એ ચાર શુભ સ્પર્શ છે. પુણ્યના ઉદયથી શુભવર્ણાદિ યુક્ત શરીરની પ્રાપ્તિ થાય છે.

૨૨. **અગુરુલઘુ નામ કર્મ** – જીવને પોતાનું શરીર ભારે – હલકું ન લાગવા દે.

૨૩. **પરાઘાત નામકર્મ** – જીવને એવું પ્રભાવશાળી પણું અપાવે કે એના દર્શન અથવા વાણીમાત્રથી બળવાન માણસ પણ ક્ષોભ પામી જાય... કાંઇ જ બોલી ન શકે.

૨૪. **શ્વાસોશ્વાસ નામકર્મ** – જીવને સુખે સુખે શ્વાસ લેવાની લબ્ધિ અપાવે છે.

૨૫. **આતપ નામકર્મ** – જીવનું શરીર અનુષ્ણ હોય છતાં ઉષ્ણ પ્રકાશને આપવાની શક્તિ આતપ નામકર્મથી પ્રાપ્ત થાય છે.

૨૬. **ઉદ્યોત નામકર્મ** – જીવનું શરીર અનુષ્ણ હોય અને શીતલ પ્રકાશને ફેલાવે છે.

૨૭. **શુભ વિહાયોગતિ નામકર્મ** – બીજાને પ્રિય લાગે એવી ચાલવાની સુલક્ષણી રીત આપે છે.

૨૮. **નિર્માણ નામકર્મ** – અંગ-ઉપાંગ અને અંગોપાંગની નિયત સ્થાને રચના આ કર્મથી પ્રાપ્ત થાય છે.

**(ત્રસ દશકનું વિવેચન ૧૭મી ગાથામાં આપવામાં આવ્યું છે.)**

૨૯. **દેવ આયુષ્ય કર્મ** – પોતાના શરીરની સ્વાભાવિક કાંતિથી દીપે તે દેવ. દેવગતિના કોઇ પણ એક ભવમાં જન્મથી મરણ સુધી ટકાવી રાખનાર કર્મ તે દેવાયુ કર્મ.

૩૦. **મનુષ્યાયુ કર્મ** – વસ્તુસ્થિતિને યથાર્થ સમજી શકે તે મનુષ્ય. મનુષ્યગતિના કોઇપણ એક ભવમાં જન્મથી મરણ સુધી ટકાવી રાખનાર કર્મ તે મનુષ્યાયુ કર્મ.

૩૧. **તિર્યંચાયુ કર્મ** – તિર્ચ્છા ચાલે તે તિર્યંચ. તિર્યંચગતિના કોઇપણ એક ભવમાં જન્મથી મરણ સુધી ટકાવી રાખનાર કર્મ તે તિર્યંચાયુ કર્મ.

૩૨. **તીર્થંકર નામકર્મ** – આ કર્મોદયથી આઠ મહાપ્રાતિહાર્યાદિ અતિશયોની પ્રાપ્તિ થાય છે, ત્રણ ભુવનને પૂજ્ય બને છે. અને પૂજનીય ધર્મતીર્થ પ્રવર્તાવે છે.

**तस बायर पज्जत्तं, पत्तेअथिरं सुभं च सुभगं च ।**
**सुस्सर, आइज्ज जसं, तसाइ दसगं इमं होइ ॥१७॥**

**ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, સ્થિર, શુભ,**
**સૌભાગ્ય, સુસ્વર, આદેય અને યશ આ ત્રસ દશક.**

૩૩. **ત્રસ નામકર્મના** ઉદયથી જીવો બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિય થાય છે. (સ્વ ઇચ્છાથી હલનચલન કરનારા થાય છે.)

૩૪. **બાદર નામકર્મના** ઉદયથી જીવો બાદર એટલે સ્થૂલ થાય છે. (ઘણા, સંખ્યાતા, અસંખ્યાતા, અનંતા ભેગા થતાં પણ જોઇ શકાય છે.)

૩૫. **પર્યાપ્ત નામકર્મના** ઉદયથી જીવો સ્વયોગ્ય પર્યાપ્તિઓ પુરી કરવામાં સમર્થ થાય છે.

૩૬. **પ્રત્યેક નામકર્મના** ઉદયથી પ્રત્યેક (જીવવાર ભિન્ન ભિન્ન) શરીરની પ્રાપ્તિ થાય છે.

૩૭. **સ્થિર નામકર્મના** ઉદયથી શરીરમાં સ્થિર અવયવોની પ્રાપ્તિ થાય છે. દા.ત. દાંત-હાડકા વગેરે.

૩૮. **શુભ નામકર્મના** ઉદયથી નાભિ ઉપરના મસ્તકાદિ શુભ અવયવોની પ્રાપ્તિ થાય છે.

૩૯. **સૌભાગ્ય નામકર્મના** ઉદયથી બીજા ઉપર ઉપકાર ન કરવા છતાં સહુને વહાલો લાગે છે.

૪૦. **સુસ્વર નામકર્મના** ઉદયથી જીવ મીઠા-મધુર-સુખકર આવાજ વાળો થાય છે.

૪૧. **આદેય નામકર્મના** ઉદયથી જીવ સહુને માન્ય વચનવાળો થાય છે.

૪૨. **યશ નામકર્મના** ઉદયથી જીવ યશ અને કિર્તિ વાળો થાય છે.

આ દસ કર્મનો સમુહ ત્રસ દસક કહેવાય છે. આ દસ કર્મ શુભ છે તેથી તેનો સમાવેશ પુણ્ય તત્વમાં થાય છે.
તેથી પુણ્ય-તત્વમાં કુલ ૪૨ શુભ કર્મ પ્રકૃતિઓનો સમાવેશ થાય છે.

## પુણ્ય બંધના નવ પ્રકાર




પુણ્ય ભોગવાય છે ૪૨ પ્રકારે પરંતુ બંધાય છે ૯ પ્રકારે. પુણ્ય બંધના નવ પ્રકાર આ પ્રમાણે છે -

૧. સુયોગ્ય પાત્રમાં અન્નદાન કરવાથી. - **અન્ન પુણ્ય**

૨. સુયોગ્ય પાત્રમાં પાન (પાણીનું) દાન આપવાથી. - **પાન પુણ્ય**

૩. સુયોગ્ય પાત્રને સ્થાનદાન કરવાથી. - **સ્થાન પુણ્ય**

૪. સુયોગ્ય પાત્રને શયન (સુવાના સાધન) દાન કરવાથી. -**શયન પુણ્ય**

૫. સુયોગ્ય પાત્રને વસ્ત્રદાન કરવાથી. - **વસ્ત્ર પુણ્ય**

૬. મનમાં શુભ વિચારણા - ચિંતન કરવાથી. - **મન પુણ્ય**

૭. વચનનો શુભ વ્યાપાર - વ્યવહાર કરવાથી. - **વચન પુણ્ય**

૮. કાયાનો શુભ વ્યાપાર - વ્યવહાર કરવાથી અને - **કાય પુણ્ય**

૯. દેવ-ગુરુ-ઉપકારી-વડિલોને નમસ્કાર કરવાથી. - **નમસ્કાર પુણ્ય**

જો આપણને સુખ જોઈતું હોય તો પુણ્યનો બંધ અતિ આવશ્યક બની જાય છે. પુણ્યના બંધનો પ્રારંભ દાનથી થાય છે. દાન એ ધર્મનો પહેલો પગથિયો છે. સુખી થવું છે ? તો તમારી સંપત્તિનો સદુપયોગ કરતાં શીખવું પડશે.

પુણ્યથી મળી ગયેલા મન-વચન અને કાયાનો શુભ ઉપયોગ કરતાં શિખવું જ પડશે. કાયાને પ્રભુ દર્શન-પૂજા-દાન-પરોપકારમાં જોડવી પડશે. વાણીનો સદુપયોગ કરી પ્રભુ સ્તુતિ - સ્તવના - ભક્તિમાં એને જોડવી પડશે. મનના અશુભ વિચારોને દૂર કરી શુભ સંકલ્પમય શુભ ચિંતન-મનન-અનુપ્રેક્ષામાં જોડાઈ જવું પડશે. એનાથી પુણ્યના ભંડાર ભરપૂર બનશે.

દેવ-ગુરુને નમસ્કાર કરી એમના ગુણોની અનુમોદના અને એવા મહાન ગુણોની પ્રાપ્તિ માટે પ્રાર્થના આવશ્યક બની જાય છે.

પુણ્યબંધના નવેનવ સ્થાનોને જીવનમાં સ્થાન આપી પુણ્ય કમાવવા પ્રયત્નશીલ બનીશું તો વર્તમાન આરાધનામય અને ભાવિ સુખમય બન્યા વગર નહીં રહે. આદરો પુરૂષાર્થ... મેળવો સિદ્ધિ...

## પાપ પુણ્યની ચતુર્ભંગી

બાહ્ય ક્રિયા કરતી વખતે અંતરમાં ચાલતી ભાવધારાના આધારે પાપના બે ભાંગા જણાવવામાં આવ્યા છે. આ બે ભાંગા નીચે મુજબ છે -

**(૩) પુણ્યાનુબંધી પાપ -** જે પાપના ઉદયકાળમાં જીવની પાસે સત્તા-સામગ્રી ન હોવા છતાં સદ્બુદ્ધિ હોવાથી કષ્ટને સહન કરી પાપ ખપાવતાં પણ ભાવોને શુભ રાખીને પુણ્ય ઉપાર્જન કરે છે તે પુણ્યાનુબંધી પાપ છે. સીતાજીના પાપનો ઉદય હોવાથી રામ સાથે વિયોગ થયો... જંગલમાં કષ્ટો આવ્યા. પરંતુ એ કષ્ટોને શુભ ભાવોમાં રહી સહન કરવાથી સીતાજીએ પુણ્ય ઉપાર્જન કર્યું.

**(૪) પાપાનુબંધી પાપ -** જે પાપનો ઉદય આર્તધ્યાન-રૌદ્રધ્યાન કરાવે અને પાપનો જ બંધ કરાવી આપે તે પાપાનું બંધી પાપ છે. કાલસૌરીક કસાઈ પાપના ઉદયથી કસાઈ બન્યો અહીં પણ રોજના ૫૦૦ પાડા મારી આર્તધ્યાન કરી નરકમાં ગયો.

આ પાપ-પુણ્યની ચતુર્ભંગી જાણીને એક માત્ર પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કરવા જેવું છે એમ સમજીને એ માટે પુરૂષાર્થ આદરવાનો છે.

# પાપ તત્વ

**नाणंतराय दसगं, नव बीओ नीअसाय मिच्छतं ।**
**थावर दस नरय तिगं, कसाय पण वीस तिरिय दुगं ॥१८॥**
**જ્ઞાનાવરણીય અને અન્તરાય મળીને દશ, બીજામાં નવ, નીચ ગોત્ર, અશાતાવેદનીય, મિથ્યાત્વ મોહનીય, સ્થાવર દશક, નરક ત્રિક, પચીસ કષાય અને તિર્યંચદ્વિક –**

**પાપ પ્રતિકુળતાને આપનાર છે.** પાપ ૮૨ પ્રકારે ભોગવાય છે. તે ૮૨ પ્રકાર અહીં વિસ્તારથી બતાવવામાં આવ્યા છે. જ્ઞાનાવરણીય અને અંતરાય કર્મના દસ ભેદ પાપ કર્મમાં આવે છે. તે નીચે મુજબ છે –

૧. **મતિજ્ઞાનાવરણીય કર્મ** – ઈન્દ્રિય અને મનથી જાણીએ તે મતિજ્ઞાન એને આવરણ કરે તે મતિજ્ઞાનાવરણીય કર્મ.

૨. **શ્રુતજ્ઞાનાવરણીય કર્મ** – સાંભળીને, સદ્શાસ્ત્રનું જે જ્ઞાન પ્રાપ્ત થાય તે શ્રુતજ્ઞાન એને આવરણ કરે તે શ્રુતજ્ઞાનાવરણીય કર્મ.

૩. **અવધિજ્ઞાનાવરણીય કર્મ** – અવધિ એટલે મર્યાદા. મર્યાદામાં રહેલા રૂપી પદાર્થોને જાણવું તે અવધિજ્ઞાન. તેને આવરણ કરે તે અવધિજ્ઞાનાવરણીય કર્મ.

૪. **મનઃપર્યવજ્ઞાનાવરણીય કર્મ** – અઢી દ્વિપમાં રહેલા સંજ્ઞી પંચેન્દ્રિયના મનોગત ભાવ જાણવા તે મનઃપર્યવજ્ઞાન. તેને આવરણ કરે તે મનઃપર્યવજ્ઞાનાવરણીય કર્મ.

૫. **કેવળજ્ઞાનાવરણીય કર્મ** – અખંડપણે લોકાલોકનું તથા રૂપી–અરૂપી સર્વ દ્રવ્યોનું તથા જીવાજીવના સર્વ પર્યાયનું સમકાળે જાણવું તે કેવળજ્ઞાન. તેને આવરણ કરે તે કેવળજ્ઞાનાવરણીય કર્મ.

૬. **દાનાંતરાય કર્મ** – જેના કારણે શકિત સંયોગ હોવા છતાં, દાનના મહિમાને જાણવા છતાં દાન આપવાનો ઉત્સાહ ન થાય તે દાનાંતરાય કર્મ.

૭. **લાભાંતરાય કર્મ** – પાત્રતા – યોગ્યતા હોવા છતાં લાભ ન થવા દે તે લાભાંતરાય કર્મ.

૮. **ભોગાંતરાય કર્મ** – સર્વ પ્રકારની ભોગ સામગ્રી ઉપલબ્ધ હોવા છતાં જીવને ભોગવવા ન દે તે ભોગાંતરાય કર્મ.

૯. **ઉપભોગાંતરાય કર્મ** – સર્વ પ્રકારની ઉપભોગની સામગ્રી ઉપલબ્ધ હોવા છતાં જીવ તેનો ઉપભોગ ન કરી શકે તે ઉપભોગાંતરાય કર્મ.

૧૦. **વીર્યાંતરાય કર્મ** – યુવાન હોય... નિરોગી હોય... સમર્થ હોય છતાં બળ ફોરવવાનું મન ન થાય તે વીર્યાંતરાય કર્મ.

આગળ દર્શનાવરણીય કર્મના નવ ભેદ જણાવે છે – (૪ દર્શન + ૫ નિદ્રા)

૧૧. **ચક્ષુદર્શનાવરણીય કર્મ** – જેનાથી ચક્ષુ ઈન્દ્રિયની શક્તિને આવરણ થાય તે ચક્ષુદર્શનાવરણીય કર્મ.

૧૨. **અચક્ષુદર્શનાવરણીય કર્મ** – જેનાથી ચક્ષુ સિવાયની ચાર ઈન્દ્રિય અને મન એ પાંચની શક્તિને આવરણ થાય તે અચક્ષુદર્શનાવરણીય કર્મ.

૧૩. **અવધિદર્શનાવરણીય કર્મ** – જેનાથી અવધિદર્શનને આવરણ થાય તે અવધિદર્શનાવરણીય કર્મ.

૧૪. **કેવલદર્શનાવરણીય કર્મ** – જેનાથી કેવલદર્શનને આવરણ થાય તે કેવલદર્શનાવરણીય કર્મ.

૧૫. **નિદ્રા** – સુખે જાગી શકાય તે નિદ્રા.

૧૬. **નિદ્રા-નિદ્રા**–દુઃખે જાગી શકાય તે નિદ્રાનિદ્રા.

૧૭. **પ્રચલા** – બેઠા–બેઠા કે ઉભા–ઉભા ઉંઘ કરે તે પ્રચલા.

૧૮. **પ્રચલા પ્રચલા** – ચાલતાં ચાલતાં નિદ્રા કરે તે પ્રચલા પ્રચલા.

૧૯. **થિણદ્ધિ/સ્ત્યાનર્દ્ધિ** – દિવસે ચિંતવેલું કાર્ય જીવ ઉંઘમાં રાતે કરી આવે અને પ્રથમ સંઘયણ (વજ ઋષભ નારાચ) વાળાને વાસુદેવથી અર્ધા બળની પ્રાપ્તિ થાય. વર્તમાનમાં હોય એનાથી ૭-૮ ગણું બળ ઉંઘમાં હોય તેવી નિદ્રા તે થિણદ્ધિ.

૨૦. **નીચ ગોત્ર કર્મ** – હલકા કુળ–જાતિ–વંશમાં જન્મ લેવરાવે તે નીચ ગોત્ર કર્મ.

૨૧. **અશાતા વેદનીય કર્મ** – શરીરમાં અશાતા–વેદના–પીડા કે દુઃખની પ્રાપ્તિ થાય તે અશાતાવેદનીય કર્મ.

૨૨. **મિથ્યાત્વ મોહનીય કર્મ** – તીર્થંકર પરમાત્માએ પ્રરૂપેલા માર્ગથી વિપરીત માર્ગની શ્રદ્ધા થાય તે મિથ્યાત્વ મોહનીય કર્મ.

(સ્થાવર દશકના દસ ભેદોનું વર્ણન આગળ ૨૦મી ગાથામાં આવશે.)

૨૩. **નરકગતિ** – નરકગતિ અપાવે છે.

૨૪. **નરકાનુપૂર્વી** – નરકગતિ તરફ લઇ (ખેંચી) જાય છે.

૨૫. **નરકાયુષ્ય** – નરકગતિના કોઈ પણ એક ભવમાં જન્મથી મરણ સુધી ટકાવી રાખનાર કર્મ તે નરકાયુષ્ય.

**૨૫ કષાય મોહનીયના ભેદમાં ૧૬ કષાય અને ૯ નોકષાયનો સમાવેશ થાય છે.**

૧૬ કષાયમાં (૧) ક્રોધ (૨) માન (૩) માયા (૪) લોભ ચાર છે. દરેકના ચાર–ચાર પ્રકાર છે.

(૧) અનંતાનુબંધીન (૨) અપ્રત્યાખ્યાનાવરણીય (૩) પ્રત્યાખ્યાનાવરણીય અને(૪) સંજ્વલન. એટલે ૧૬ ભેદ થાય છે. નવ નોકષાય - (૧) હાસ્ય (૨) રતિ (૩) અરતિ (૪) શોક (૫) ભય (૬) દુગંચ્છા (૭) સ્ત્રી વેદ (૮) પુરૂષ વેદ (૯) નપુંસક વેદ.

ઉપરોક્ત ૨૫ ભેદમાં કષાય - નોકષાયના ૨૫ ભેદ ભેળવતાં કુલ ૫૦ ભેદ થયા.

૫૧. **તિર્યંચગતિ કર્મ** - તિર્યંચગતિ અપાવે છે.

૫૨. **તિર્યંચાનુપૂર્વી કર્મ** - તિર્યંચગતિ તરફ લઇ (ખેંચી) જાય છે.

**इग बिति चउ जाइओ, कुखगइ उवघाय हुंति पावस्स ।**
**अपसत्थं वण्णचउ, अपढम संघयण संठाणा ॥१९॥**

**એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય અને ચઉરિન્દ્રિય જાતિ, અશુભ વિહાયોગતિ, ઉપઘાત, અપ્રશસ્ત વર્ણચતુષ્ક, પહેલાં સિવાયના સંઘયણ, અને સંસ્થાન એ પાપતત્વોના ભેદો છે.**

૫૩. **એકેન્દ્રિય જાતિ નામ કર્મ** - એક ઈન્દ્રિય (સ્પર્શેન્દ્રિય) વાળા શરીરની પ્રાપ્તિ કરાવનાર કર્મ. દા.ત. પૃથ્વીકાય, અપકાય.

૫૪. **બેઈન્દ્રિય જાતિ નામ કર્મ** - બે ઈન્દ્રિય (સ્પર્શ-રસ)વાળા શરીરની પ્રાપ્તિ કરાવનાર કર્મ. દા.ત. શંખ, અળસીયા.

૫૫. **તેઈન્દ્રિય જાતિ** – ત્રણ ઈન્દ્રિય (સ્પર્શ-રસ-ઘ્રાણેન્દ્રિય)વાળા શરીરની પ્રાપ્તિ કરાવનાર કર્મ. દા.ત. માંકડ, મંકોડા, જુ.

૫૬. **ચઉરિન્દ્રિય જાતિ નામ કર્મ** – ચાર ઈન્દ્રિય (સ્પર્શ-રસ-ઘ્રાણ-ચક્ષુરિન્દ્રિય) વાળા શરીરની પ્રાપ્તિ કરાવનાર કર્મ. દા.ત. વીંછી, પતંગિયા.

૫૭. **અશુભ વિહાયોગતિ નામ કર્મ** – બીજાને ન ગમે તેવી ચાલવાની કુલક્ષણી રીત તે અશુભ વિહાયોગતિની પ્રાપ્તિ કરાવનાર કર્મ. દા.ત. ઉંટ, ગધેડા.

૫૮. **ઉપઘાત નામકર્મ** – પોતાના શરીરના અવયવોથી પોતે જ દુઃખી થાય. હણાય તે ઉપઘાત નામકર્મ દા.ત. પડજીભ, રસોળી વગેરે.

૫૯. **અશુભ વર્ણ નામ કર્મ** – કૃષ્ણ અને નીલ અશુભ વર્ણ છે તેમની પ્રાપ્તિ પાપથી થાય છે.

૬૦. **અશુભ ગંધ નામ કર્મ** – દુર્ગંધ અથવા અસુરભિ અશુભ ગંધ છે. તેની પ્રાપ્તિ પાપથી થાય છે.

૬૧. **અશુભ રસ નામ કર્મ** – તીખો અને કડવો રસ અશુભ રસ છે. તેની પ્રાપ્તિ પાપથી થાય છે.

૬૨. **અશુભ સ્પર્શ નામ કર્મ** – ગુરુ, કર્કશ, શીત, તથા રૂક્ષ આ ચાર અશુભ સ્પર્શ છે. તેની પ્રાપ્તિ પાપથી થાય છે.

૬૩. **ઋષભ નારાચ સંઘયણ** – મર્કટબંધ અને પાટા સહિત પરંતુ વજ એટલે ખીલી રહિત હાડકાની સંધિઓનું જોડાણ પ્રાપ્ત કરાવનાર કર્મ.

૬૪. **નારાચ સંઘયણ**– જ્યાં કેવળ બે બાજુ મર્કટબંધ છે. પાટો-ખીલી નથી આવું સંધિઓનું જોડાણ પ્રાપ્ત કરાવનાર કર્મ.

૬૫. **અર્ધનારાચ સંઘયણ**– જ્યાં એક બાજુ મર્કટબંધ હોય – પાટો અને ખીલો ન હોય એવું હાડકાની સંધિઓનું જોડાણ પ્રાપ્ત કરાવનાર કર્મ.

૬૬. **કિલિકા સંઘયણ** – કેવળ જ્યાં ખીલી છે એવું હાડકાના સંધિઓનું જોડાણ પ્રાપ્ત કરાવનાર કર્મ.

૬૭. **સેવાર્ત/છેવટ્ઠુ સંઘયણ** – જ્યાં હાડકાના બે છેડા ફક્ત એકબીજાને સ્પર્શીને રહેલા છે એવું સંધિઓનું જોડાણ પ્રાપ્ત કરાવનાર કર્મ.

૬૮. **ન્યગ્રોધ સંસ્થાન સંઘયણ** – વડના ઝાડની જેમ નાભિ ઉપરનો ભાગ લક્ષણયુક્ત, નાભિ નીચેનો ભાગ લક્ષણ રહિત હોય એવા દેહની પ્રાપ્તિ કરાવનાર કર્મ.

૬૯. **સાદિ સંસ્થાન સંઘયણ** – નાભિ નીચેનો ભાગ લક્ષણયુક્ત, ઉપરનો ભાગ લક્ષણ રહિત હોય એવા દેહની પ્રાપ્તિ કરાવનાર કર્મ.

૭૦. **વામન સંસ્થાન સંઘયણ** – હાથ-પગ-મસ્તક અને કમર આ ચાર લક્ષણ રહિત હોય, ઉદર વગેરે લક્ષણયુક્ત હોય એવા દેહની પ્રાપ્તિ કરાવનાર કર્મ.

૭૧. **કુબ્જ સંસ્થાન સંઘયણ** – વામન સંસ્થાનથી વિપરીત કુબ્જ સંસ્થાન છે એવા દેહની પ્રાપ્તિ કરાવનાર કર્મ.

૭૨. **હુંડક સંસ્થાન સંઘયણ** – જ્યાં સર્વ અંગ લક્ષણ રહિત હોય છે એવા દેહની પ્રાપ્તિ કરાવનાર કર્મ.

थावर सुहुमं अपज्जं, साहारण मथिर मसुभ दुभगाणि ।
दुस्सरणाइज्ज जसं, थावर दसगं तु विवज्जत्थं ।।२०।।

**સ્થાવર, સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ, અસ્થિર,**
**અશુભ, દુર્ભગ, દુસ્વર, અનાદેય, અને અપયશ.**

૭૩. **સ્થાવર નામકર્મના** ઉદયથી જીવને સ્થાવર પણું પ્રાપ્ત થાય છે. જેથી તે સ્વેચ્છાએ એક સ્થાનેથી બીજા સ્થાને જઇ શકતા નથી. દા.ત. એકેન્દ્રિય - પત્થર, પાણી, અગ્નિ વગેરે.

૭૪. **સૂક્ષ્મ નામકર્મના** ઉદયથી જીવને સૂક્ષ્મ શરીરની પ્રાપ્તિ થાય છે. જેથી ઘણા - અનંત ભેગા થાય તો પણ ચર્મચક્ષુથી જોઇ ન શકાય.

૭૫. **અપર્યાપ્ત નામકર્મના** ઉદયથી જીવ સ્વયોગ્ય પર્યાપ્તિઓ પુરી કરવા સમર્થ ન થાય.

૭૬. **સાધારણ નામકર્મના** ઉદયથી જીવને જુદું શરીર ન મળે પરંતુ એક શરીરમાં અનંત જીવોને રહેવું પડે છે. દા.ત. કાંદા, બટેટા.

૭૭. **અસ્થિર નામકર્મના** ઉદયથી જીવને અસ્થિર અવયવની પ્રાપ્તિ થાય છે. દા.ત. પાંપણ, કાન, જીભ વિગેરે.

૭૮. **અશુભ નામકર્મના** ઉદયથી નાભિથી નીચેના પગસુધીના અશુભ અવયવોની પ્રાપ્તિ થાય છે.

૭૯. **દુર્ભગ નામકર્મના** ઉદયથી જીવ બધાને અળખામણો થાય છે.

૮૦. **દુસ્વર નામકર્મના** ઉદયથી જીવને કોઇને ન ગમે એવા કર્કશ અવાજની પ્રાપ્તિ થાય છે.

૮૧. **અનાદેય નામકર્મના** ઉદયથી જીવનું સાચું-સારું અને હિતકારી વચન સાંભળવા માનવા કોઇ ઇચ્છતું નથી.

૮૨. **અપયશ નામકર્મના** ઉદયથી જીવ સર્વત્ર અપયશ અને અપકિર્તિ પામે છે.

આ દસ કર્મનો સમુહ ત્રસ દશકથી વિપરીત છે. આ દસ કર્મનો સમુહ સ્થાવર દશકના નામે ઓળખાય છે. આ દસ અશુભ કર્મ છે. તેથી તેનો સમાવેશ પાપ તત્વમાં થાય છે.

**આ કુલ ૮૨ પાપ પ્રકૃતિઓ છે. બાંધેલું પાપ આ ૮૨ પ્રકૃતિઓ દ્વારા ભોગવાય છે.**

**પાપબંધના અઢાર સ્થાનને બધા જાણે છે તેથી અહીં જણાવેલ નથી.**

# આશ્રવ તત્વ

**इंदिअ कसाय अव्वय, जगा पंच चउ पंच तिन्निकम्मा ।**
**किरियाओ पणवीसं, इमाउ ताओ अणुक्कमसो ।।२१।।**

**ઇન્દ્રિય, કષાય, અવ્રત, યોગો અનુક્રમે પાંચ, ચાર, પાંચ અને ત્રણ છે. ક્રિયાઓ પચ્ચીસ છે અને તે અનુક્રમે આ છે.**

| આશ્રવ ભેદ | |
|---|---|
| ઇન્દ્રિય | ૫ |
| કષાય | ૪ |
| અવ્રત | ૫ |
| યોગ | ૩ |
| ક્રિયાઓ | ૨૫ |
| કુલ ભેદ | ૪૨ |










**શુભ-અશુભ કર્મોના આવવાના માર્ગ તે આશ્રવ છે.**

આશ્રવ તત્વના ૪૨ ભેદ જણાવે છે.

અનાદિ કાળથી આ જીવ સંસાર સાગરમાં પરિભ્રમણ કરે છે એનું મુખ્ય કારણ આશ્રવ છે. સતત એના આત્મામાં કર્મોનું (શુભ કે અશુભ) આગમન ચાલુ જ છે.

## (૧) ઇન્દ્રિય

આશ્રવ પાંચ કારણોમાં પ્રથમ કારણ ઇન્દ્રિયો છે. ઇન્દ્રિયો પાંચ છે -

(૧) સ્પર્શેન્દ્રિય - ત્વચા અથવા ચામડી દ્વારા સ્પર્શનું જ્ઞાન થાય છે. સ્પર્શેન્દ્રિયના વિષય આઠ છે. શીત, ઉષ્ણ, સ્નિગ્ધ, રુક્ષ, લઘુ, ગુરુ, મૃદુ અને કર્કશ આ આઠ વિષયોનુ જ્ઞાન સ્પર્શેન્દ્રિયથી થાય છે. એમાં રાગ-દ્વેષ કરવાથી શુભ-અશુભ કર્મો આત્મામાં પ્રવેશે છે તેથી તે આશ્રવ છે.

(૨) રસનેન્દ્રિય - જીભથી રસનું જ્ઞાન થાય છે. રસનેન્દ્રિયના મુખ્ય પાંચ વિષય છે. રસનેન્દ્રિય દ્વારા તીખા, કડવા, તૂરા, ખાટા અને મીઠા રસનું જ્ઞાનન રસનેન્દ્રિયથી થાય છે. એમાં રાગ-દ્વેષ કરવાથી શુભ-અશુભ કર્મો આત્મામાં પ્રવેશે છે તેથી તે આશ્રવ છે.

(૩) ઘ્રાણેન્દ્રિય - નાકથી ગંધનું જ્ઞાન થાય છે. ઘ્રાણેન્દ્રિયના બે વિષય છે. ઘ્રાણેન્દ્રિય દ્વારા સુગંધ - દુર્ગંધનું જ્ઞાન થાય છે. એમાં રાગ-દ્વેષ કરવાથી શુભ-અશુભ કર્મો આત્મામાં પ્રવેશે છે તેથી તે આશ્રવ છે.

(૪) ચક્ષુરિન્દ્રિય - આંખથી વર્ણનું જ્ઞાન થાય છે. ચક્ષુરિન્દ્રિયના પાંચ મુખ્ય વિષય છે. ચક્ષુરિન્દ્રિય દ્વારા શ્વેત, રક્ત, પીત, નીલ, અને કૃષ્ણ વર્ષનું જ્ઞાન થાય છે. એમાં રાગ-દ્વેષ કરવાથી શુભ-અશુભ કર્મો આત્મામાં પ્રવેશે છે તેથી તે આશ્રવ છે.

(૫) શ્રોતેન્દ્રિય - કાનથી શબ્દનું જ્ઞાન થાય છે. શ્રોતેન્દ્રિયના ત્રણ વિષય છે. શ્રોતેન્દ્રિય દ્વારા સચિત્ત, અચિત્ત અને મિશ્ર શબ્દનું જ્ઞાન થાય છે. એમાં રાગ-દ્વેષ કરવાથી શુભ-અશુભ કર્મો આત્મામાં પ્રવેશે છે. તેથી તે આશ્રવ છે.

## (૨) કષાય

આશ્રવના પાંચ કારણોમાં કષાય મુખ્ય કારણ છે.

કષ એટલે સંસાર અને આય એટલે આવક - પ્રાપ્તિ.

જેનાથી સંસારની આવક કે વૃદ્ધિ થાય તે કષાય છે. કષાયના મુખ્ય ૪ ભેદ છે.

(૧) ક્રોધ - ક્રોધ એટલે રોષ, કોપ, ગુસ્સો, આવેશ વિગેરે.

(૨) માન - માન એટલે અહંકાર, અભિમાન, મોટાઇ, ઘમંડ, ગર્વ વિગેરે.

(૩) માયા - માયા એટલે શઠતા, કપટ, છેતરપીંડી, ઠગાઇ, છળ પ્રપંચ વિગેરે

(૪) લોભ - લોભ એટલે મમત્વ, આસક્તિ, લાલચ, મૂચ્છાં વિગેરે.

આ પ્રત્યેક કષાયના અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજ્વલન એમ ૪-૪ પ્રકાર થાય છે.

અનંતાનુબંધી કષાય સમ્યગ્દર્શનને આવવા ન દે. અપ્રત્યાખ્યાની કષાય કોઇ પચ્ચક્ખાણ કે વ્રતોને આવવા ન દે. પ્રત્યાખ્યાની કષાય સર્વ વિરતિને આવવા ન દે અને સંજ્વલન કષાય પરમાત્માએ જણાવેલા યથાખ્યાત ચારિત્રને આવવા ન દે. આ બધા કારણોથી જીવમાં સતત શુભ-અશુભ કર્મોનું આગમન ચાલુ રહે છે. તેથી કષાય આશ્રવ બને છે.

### અવ્રત

અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ જીવનના પાયાના વ્રતો છે. એનો ત્યાગ એ અવ્રત છે. આ અવ્રતના કારણે જીવ હિંસા, અસત્ય, ચોરી, મૈથુન અને પરિગ્રહમાં ફસાય છે એનાથી રાગ-દ્વેષની પરિણતિ થાય છે તેથી શુભાશુભ કર્મોનું આત્મામાં આગમન થાય છે અને તે આશ્રવ બને છે.

જીવોને અશાતા પહોંચાડવી, હેરાન કરવા, વધ કરવો, બંધનમાં નાખવું આ બધી હિંસા છે.

અસત્યના દ્વારા બીજાને હેરાન-પરેશાન કરી રાગ-દ્વેષ ઉભા કરવા તે અસત્ય છે. મૃષાવાદ છે.

બીજાની વસ્તુ એની રજા વગર લેવી અથવા એના ઉપર આપણો હક-અધિકાર જમાવવો તે ચોરી છે.

વિજાતિયના આકર્ષણ અને આસક્તિમાં અયોગ્ય વર્તન કરવું દુરાચાર સેવવો તે મૈથુન છે.

વિશ્વની ભોગ સામગ્રીને ભેગી કરી એના ઉપર મમત્વભાવ ધારણ કરવો તે પરિગ્રહ છે.

આ પાંચે પાંચ અવ્રતો જીવને રાગ-દ્વેષ કરાવનાર હોવાથી આશ્રવ બને છે.

### યોગ

જ્યાં શરીર છે ત્યાં જાતિ-ગતિ અનુસાર મન-વચન-કાયારૂપી યોગ છે. જ્યાં સુધી મન-વચન-કાયા છે. ત્યાં તેમનો વ્યવહાર અને પ્રવૃત્તિ છે તેથી પણ શુભ-અશુભ કર્મોનું આગમન થાય છે. તે પણ આશ્રવ છે.

## પચ્ચીસ ક્રિયાઓ

જે વ્યાપારથી આત્મા શુભાશુભ કર્મોને ગ્રહણ કરે છે તે ક્રિયા છે અને તે પણ આશ્રવ રૂપ જ છે.

**काइअ अहिगरणीया, पाउसिया पारितावणी किरिआ ।**
**पाणाइ वायारंभिअ, परिग्गहिया मायवत्ती य ।।२२।।**
**मिच्छा दंसणवत्ती, अपच्चक्खाण दिट्ठि पुट्ठीय ।**
**पाडुच्चिअ सामंतो, वणीअ नेसत्थि साहत्थी ।।२३।।**
**आणवणि विआरणिया, अणभोगा अणवकंखव पच्चइआ ।**
**अन्नापओग समुदाण, पिज्जदोसेरिआ वहिआ ।।२४।।**

કાયિકી ક્રિયા, અધિકરણિકી ક્રિયા, પ્રાદ્વેષિકી ક્રિયા, પારિતાપનિકી ક્રિયા, પ્રાણાતિપાતિકી ક્રિયા, આરંભિકી ક્રિયા, પરિગ્રહિકી ક્રિયા, અને માયાપ્રત્યયિકી ક્રિયા. ૨૨

તથા મિથ્યાદર્શન પ્રત્યયિકી, અપ્રત્યાખ્યાનિકી, દષ્ટિકી, સ્પૃષ્ટિકી, (પૃષ્ટિકી અથવા પ્રશ્નિકી ક્રિયા), પ્રાતિત્યકી, સામન્તોપનિપાતિકી, નૈશસ્ત્રિકી (અથવા નૈસૃષ્ટિ ક્રિયા) અને સ્વહસ્તિકી ક્રિયા. ૨૩

આજ્ઞાપનિકી, વૈદારણિકી, અનાભોગિકી, અનવકાંક્ષપ્રત્યયિકી, અને બીજી પ્રાયોગિકી, સામુદાનિકો, પ્રૈમિકી, દ્વૈષિકી અને ઈર્યાપથિકી ક્રિયા. ૨૪

જે વ્યાપાર વડે આત્મા શુભાશુભ કર્મને ગ્રહણ કરે તે ક્રિયા કહેવાય છે. આશ્રવ તત્વ અંતર્ગત ૨૫ ક્રિયાઓ જણાવી છે તે સંક્ષેપમાં આ પ્રમાણે છે –

**૧. કાયિકી ક્રિયા –** જોયા-પ્રમાર્જ્યા વગર અજયણા પૂર્વકનો કાયાનો વ્યાપાર તે કાયિકી ક્રિયા છે. દા.ત. અજયણાથી ઉઠવું-બેસવું-સૂવું વગેરે.

**૨. અધિકરણિકી ક્રિયા –** જીવ નાશક વસ્તુ કે પ્રવૃત્તિ તે અધિકરણ. સંસારના વ્યવહારમાં અધિકરણ વડે કરીને જીવોની હિંસા કરવી તે અધિકરણિકી ક્રિયા છે. દા.ત. ઘરઘંટી, છરી, ચાકુ, વિદ્યુત સાધન, ખાંડણી, ધોકો વિગેરેનો ઉપયોગ.

**૩. પ્રાદ્વેષિકી ક્રિયા –** જીવ-અજીવ પ્રત્યે દ્વેષ કરવો – દ્વેષના વિચાર કરવા તે પ્રાદ્વેષિકી ક્રિયા કહેવાય છે. દા.ત. પ્રતિકુળ સામગ્રી, પ્રતિકુળ બનનાર વ્યક્તિ પ્રત્યેનો વ્યવહાર.

**૪. પારિતાપનિકી ક્રિયા –** સ્વ કે પરને પરિતાપ – પીડા થાય એવો વ્યવહાર કે ક્રોધાદિ ક્રિયા તે પારિતાપનિકી ક્રિયા કહેવાય છે.

**૫. પ્રાણાતિપાતિકિ ક્રિયા –** એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીના જીવોને હણવા તથા હણાવવાથી જે ક્રિયા લાગે તે પ્રાણાતિપાતિકિ ક્રિયા છે.

**૬. આરંભિકી ક્રિયા –** ખેતી, મીલ, ફેક્ટરી વગેરે આરંભ-સમારંભથી જે ક્રિયા લાગે તે આરંભિકી ક્રિયા છે.

**૭. પરિગ્રહિકી ક્રિયા –** ધનધાન્યાદિ નવ પ્રકારના પરિગ્રહને મેળવતાં તથા તેના ઉપર મમત્વ કે આસક્તિ ભાવ કરવાથી જે ક્રિયા લાગે તે પરિગ્રહિકી ક્રિયા કહેવાય છે.

**૮. માયાપ્રત્યયિકી ક્રિયા –** માયા પ્રપંચ – કાવાદાવા કરીને બીજાને છેતરવાથી જે ક્રિયા લાગે તે માયાપ્રત્યયિકી ક્રિયા છે.

**૯. મિથ્યાદર્શન પ્રત્યયિકી ક્રિયા –** જિન વચન ઉપર અશ્રદ્ધા કરવાથી અથવા જિન વચન વિરૂદ્ધ-વિપરીત પ્રરૂપણા કરવાથી જે ક્રિયા લાગે તે મિથ્યાદર્શન પ્રત્યયિકી ક્રિયા છે.

**૧૦. અપ્રત્યાખ્યાનિકી ક્રિયા –** પચ્ચક્ખાણ ન કરવાથી, અવિરતિના કારણે જે સર્વ વસ્તુની ક્રિયા લાગે તે અપ્રત્યાખ્યાનિકી ક્રિયા છે.

**૧૧. દષ્ટિકી ક્રિયા –** સારા કે ખરાબ, અનુકુળ કે પ્રતિકુળ, ગમતા કે અણગમતા પદાર્થો ઉપર સરાગ દષ્ટિ કરવાથી અથવા કૌતુકથી વરઘોડા – સરકસ – નાટક વગેરે જોવાથી જે ક્રિયા લાગે તે દષ્ટિ કી ક્રિયા છે.

**૧૨. સૃષ્ટિ કી ક્રિયા –** રાગના વશથી પુરૂષ, સ્ત્રી, ગાય, બળદ, વસ્ત્ર પ્રમુખ સુકોમળ વસ્તુને સ્પર્શ કરવાથી જે ક્રિયા લાગે તે સૃષ્ટિ કી ક્રિયા છે.

**૧૩. પ્રાતિત્યકી ક્રિયા –** બીજાના ઘરે હાથી-ઘોડા-ગોકુળ-વસ્ત્ર-આભુષણ પ્રમુખ રિદ્ધિ-સિદ્ધિ જોઇ રાગ-દ્વેષ કરી કર્મ બંધન કરાવે તે પ્રાતિત્યકી ક્રિયા છે.

# પચ્ચીસ ક્રિયાઓ

કાયિકી ક્રિયા





અધિકરણિકી ક્રિયા

પ્રદોષિકી ક્રિયા



પારિતાપનિકી ક્રિયા



પ્રાણાતિપાતિકી ક્રિયા



આરંભિકી ક્રિયા



પરિગ્રહિકી ક્રિયા



માયા પ્રત્યયિકી ક્રિયા



મિથ્યા દર્શન પ્રત્યયિકી ક્રિયા



અપ્રત્યાખ્યાનિકી ક્રિયા



દષ્ટિકી ક્રિયા



સૃષ્ટિકી ક્રિયા



પ્રાત્યયિકી ક્રિયા



સામંતોપાતિકી ક્રિયા



નૈસૃષ્ટિકી ક્રિયા



સ્વહસ્તિકી ક્રિયા



આજ્ઞાપનિકી ક્રિયા



વિદારણકી ક્રિયા



અનાભોગિકી ક્રિયા




દ્વેષિકી ક્રિયા



અનવકાંક્ષા પ્રત્યયિકી ક્રિયા



પ્રાયોગિકી ક્રિયા



સમાદાન ક્રિયા



પ્રેમ પ્રત્યયિકી ક્રિયા



ઇર્યાપથ ક્રિયા



**૧૪. સામંતોપનિ પાતિકી ક્રિયા** - પોતાનો મહેલ રિદ્ધિ-સિદ્ધિ-વસ્ત્ર-આભુષણ-રાચ-રચેલું જોઇ બીજાઓ પ્રશંસા કરે તે સાંભળી રાજી થાય તે અથવા દુધ-ઘી-દહીં-તેલના વાસણ ખુલ્લા રાખવાથી તેમાં જે ત્રસ જીવો આવી પડે - તરફડે - મરે તેથી જે લાગે તે સામંતોપનિપાતિકી ક્રિયા છે.

**૧૫. (નૈસૃષ્ટિકી ક્રિયા)નૈશસ્ત્રિકી ક્રિયા** - રાજાની આજ્ઞા લઇને બીજા પાસેથી શસ્ત્રાદિ ઘડાવવા તે અથવા પરોપદેશિત પાપમાં ઘણો કાળ પ્રવર્તે તે, પાપની ભાવથી અનુમોદના કરે તે નૈશસ્ત્રિકી અથવા નૈસૃષ્ટિકી ક્રિયા છે.

**૧૬. સ્વહસ્તિકી ક્રિયા** - પોતાના હાથથી જ જીવાદિકનો ઘાત કરવો તે સ્વહસ્તિકી ક્રિયા છે.

**૧૭. આજ્ઞાપનિકી ક્રિયા** - અરિહંત પ્રભુની આજ્ઞાનું ઉલ્લંઘન કરી બીજાને આજ્ઞા કરી એની પાસેથી પાપ વ્યાપાર કરાવવાથી - પાપકારી ક્રિયાઓ કરાવવાથી જે ક્રિયા લાગે તે આજ્ઞાપનિકી ક્રિયા છે.

**૧૮. વિદારણિકી ક્રિયા** - સચિત્ત (ફળાદિ) અથવા અચિત્ત (મૂર્તિ-ફોટો) વસ્તુને વિદારવા (ભાંગવા-ફોડવા-ફાડવા)થી અથવા કોઇના અછતાં ખરાબ આચરણને પ્રકાશ કરી તેની પૂજાનો નાશ કરવાથી (ગાળ-કલંક દેવાથી) જે ક્રિયા લાગે તે વિદારણિકી ક્રિયા છે.

**૧૯. અનાભોગિકી ક્રિયા** - આભોગ એટલે ઉપયોગ, અનાભોગ એટલે ઉપયોગ શૂન્ય. ઉપયોગ રહિત કાર્ય કરવાથી જે ક્રિયા લાગે તે અનાભોગિકી ક્રિયા છે.

**૨૦. અનવકાંક્ષા પ્રત્યયિકી ક્રિયા** - પોતાની તથા પરની જે અપેક્ષા કરવી તે અવકાંક્ષા. તેનાથી વિપરીત તે અનવકાંક્ષા. પ્રત્યયિકી એટલે કારણ. અનવકાંક્ષા જેનું કારણ છે તે એટલે પોતાના કે પરના હિતનો વિચાર કર્યા વગર આલોક-પરલોક વિરુદ્ધ આચરણ ક્રિયા કરવી તે અનવકાંક્ષા પ્રત્યયિકી ક્રિયા છે.

**૨૧. પ્રાયોગિકી ક્રિયા** - મન-વચન-કાયાના અશુભ-ધર્મ વિરુદ્ધ વ્યાપાર દ્વારા જે ક્રિયા લાગે તે પ્રાયોગિકી ક્રિયા છે.

**૨૨. સામુદાનિકી ક્રિયા** - જેથી કરીને વિષય ગ્રહણ કરીએ તે સમાદાન ઇંદ્રિય છે. સમાદાનનો અર્થ કર્મનો સંગ્રહ પણ થાય છે. આઠે આઠ કર્મની સમુહમાં ગ્રહણ ક્રિયા અથવા એવો ઇન્દ્રિયોનો વ્યાપાર તે સામુદાનિકી ક્રિયા છે.

**૨૩. પ્રેમપ્રત્યયિ કી ક્રિયા** - માયા કે લોભના વશથી સ્વયં પ્રેમ (રાગ) કરવાથી અથવા બીજાને પ્રેમ (મોહ) ઉત્પન્ન થાય તેવા વચન બોલવાની કે પ્રવૃત્તિ કરવાની જે ક્રિયા તે પ્રેમ પ્રત્યયિકી ક્રિયા છે.

**૨૪. દ્વેષિકી ક્રિયા** - ક્રોધ કે માનના વશથી દ્વેષ કરવાથી કે બીજાને દ્વેષ ઉત્પન્ન થાય તેવા વચન બોલવાની કે પ્રવૃત્તિ કરવાની જે ક્રિયા તે દ્વેષિકી ક્રિયા છે.

**૨૫. ઈર્યાપથિકી ક્રિયા** - ઈર્યા એટલે ગમનાગમન. પથ એટલે માર્ગ. કર્મ બંધનના બીજા નિમિત્તની ગેરહાજરીમાં કેવળ યોગ દ્વારા કરાતી ગમનાગમનની ક્રિયા તે ઈર્યા-પથિકી ક્રિયા છે. માત્ર કેવળીને આ ક્રિયા લાગે છે.

## સંવર તત્વ

**समिइ गुत्ति परीसह, जइ धम्मो भावणा चरित्ताणि ।**
**पण ति दुवीस, दस,बार, पंच भेएहिं सगवन्ना ।।२५।।**

**સંવર તત્વમાં સમિતિ, ગુપ્તિ, પરિષહ, યતિધર્મ, ભાવના અને ચારિત્ર પાંચ, ત્રણ, બાવીસ, દશ, બાર અને પાંચ એમ કુલ ૫૭ સત્તાવન ભેદો વડે છે.**

સંવર તત્વના સત્તાવન ભેદ જણાવ્યા છે. આશ્રવથી કર્મોનું જો આગમન થાય છે તો સંવર આવતા કર્મોને અટકાવવા માટેની આરાધના છે. સંવર તત્વના ૫૭ ભેદ ટુંકમાં નીચે મુજબ છે -

સમિતિ - ૦૫
ગુપ્તિ - ૦૩
પરિષહ - ૨૨
યતિધર્મ - ૧૦
ભાવના - ૧૨
ચારિત્ર - ૦૫
સંવર તત્વના કુલ ભેદ - ૫૭



## સમિતિ ગુપ્તિ

**इरिया भासेसणा दाणे, उच्चारे समिइसु अ ।**
**मणगुत्ति वयगुत्ति कायगुत्ति तहेव य ।।२६।।**

**ઈર્યા સમિતિ, ભાષા સમિતિ, એષણા સમિતિ, આદાન ભંડમત્ત નિક્ખેવણા સમિતિ અને ઉચ્ચાર અથવા પારિષ્ઠાપ નિકા સમિતિ એમ પાંચ સમિતિ છે તથા મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ (એમ ત્રણ ગુપ્તિ) છે.**

સમિતિ એટલે સમ્યગ્ પ્રકારના ઉપયોગ સહિત પ્રવૃત્તિ.

ગુપ્તિ એટલે સમ્યગ્ પ્રકારે ઉપયોગ સહિત નિવૃત્તિ તથા પ્રવૃત્તિ.

સમિતિના પાંચ અને ગુપ્તિના ત્રણ પ્રકાર છે.

૧. **ઈર્યા સમિતિ -** ઈર્યા એટલે માર્ગ. માર્ગમાં ઉપયોગપૂર્વક એટલે યુગ માત્ર ( ૩।। હાથ) ભૂમિ જોઈને શુદ્ધ-નિર્જીવ ભાગમાં ચાલવું તે ઈર્યા સમિતિ છે.

૨. **ભાષા સમિતિ -** સમ્યક્ પ્રકારે પાપરહિત હિત-મિત-પ્રિય-નિર્વદ્ય વચન બોલવા તે ભાષા સમિતિ છે.

૩. **એષણા સમિતિ -** આગમમાં જણાવેલા ૪૨ દોષ રહિત નિર્દોષ આહાર પાણીને સમ્યક્ પ્રકારે ગ્રહણ કરવા તે એષણા સમિતિ છે.

૪. **આદાન ભંડમત્ત નિક્ખેવણા સમિતિ -** આદાન એટલે લેવાં અને નિક્ખેવણા એટલે મૂકવા. ભંડ એટલે પાત્ર અને મત્ત એટલે માત્રક વિગેરે. જયણાપૂર્વક, પોંજી પ્રમાર્જીને વસ્ત્ર - પાત્ર વિગેરે લેવાં-મૂકવાં તે આદાન ભંડમત્ત નિક્ખેવણા

સમિતિ છે.

૫. **ઉત્સર્ગ અથવા પારિષ્ઠાપનિકા સમિતિ** - લઘુનીતિ - વડીનીતિ - અશુદ્ધ આહાર - ફાટેલા વસ્ત્ર - તુટેલા પાત્ર વિગેરે નિરુપયોગી ઉપકરણોનો વિધિપૂર્વક ત્યાગ તે ઉત્સર્ગ અથવા પારિષ્ઠાપનિકા સમિતિ છે.

**(૧) મનોગુપ્તિ** - મનને પાપકારી - અશુભ - સાવદ્ય વિચારોમાંથી અટકાવવું અને સમ્યગ્ વિચારોમાં પ્રવૃત્ત કરવું તે મનોગુપ્તિ છે. આ મનોગુપ્તિ ત્રણ પ્રકારે છે -

(૧) મનને અશુભ - પાપકારી - સાવદ્ય પ્રવૃત્તિમાંથી અટકાવવું તે અકુશલ નિવૃત્તિ.

(૨) મનને શુભ-લાભદાયી-નિર્વદ્ય પ્રવૃત્તિમાં જોડવું તે કુશલ પ્રવૃત્તિ.

(૩) મનનો સંપૂર્ણ પણે નિરોધ... શુભ-અશુભ બન્ને પ્રવૃત્તિમાંથી નિવૃત્તિ તે યોગનિરોધ રુપ મનોગુપ્તિ છે. આજ સાચી મનોગુપ્તિ છે.

**(૨) વચનગુપ્તિ** - સાવદ્ય પાપકારી વચનનો ત્યાગ કરી નિર્વદ્ય વચનમાં પ્રવૃત્તિ તે વચનગુપ્તિ છે. સર્વ પ્રકારના હાથ-મસ્તકાદિના ઇશારાના ત્યાગપૂર્વક મૌન ધારણ કરવું તે **મૌનાવલમ્બિની** વચનગુપ્તિ છે. મુહપત્તિના ઉપયોગપૂર્વક નિર્વદ્ય વચનમાં પ્રવૃત્તિ તે **વાક્નિયમિની** વચનગુપ્તિ છે.

(૩) **કાયગુપ્તિ** - કાયાને અશુભ - પાપકારી-સાવદ્ય પ્રવૃત્તિમાંથી અટકાવી નિર્વદ્ય પ્રવૃત્તિમાં જોડવી તે કાયાગુપ્તિ છે.

શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે ગમનાગમનાદિ ક્રિયાઓ કરવી તે **યથાસૂત્રચેષ્ટાનિયમિની** કાયગુપ્તિ છે. મરણાંત ઉપસર્ગોમાં પણ કાયાને સ્થિર રાખવી... ચલાયમાન ન થવા દેવી તે કેવલી ભગવંત સમાન સંપૂર્ણ કાયયોગને નિરોધ તે **ચેષ્ટાનિવૃત્તિ** કાયગુપ્તિ છે.

## પરિષહ

પરિ એટલે સમસ્ત પ્રકારે (કષ્ટને) સહ એટલે સહન કરવું.

કષ્ટને સમતા ભાવે સહન કરવું પણ ધર્મ માર્ગથી ચલાયમાન ન થવું તે પરિષહ છે. આવા ૨૨ પરિષહ છે.

**खुहा पीवासा सीउण्हं दंसा चेला रइत्थिओ ।**
**चरिआ निसिहिया सिज्जा, अक्कोस वह जायणा ।।२७।।**
**अलाभ रोग तण फासा, मल्ल सक्कार परीसहा ।**
**पन्ना अन्नाण सम्मत्तं, इअ बावीस परीसहा ।।२८।।**

ક્ષુધા (ભુખ), પીપાસા (તરસ), શીત, ઉષ્ણ, દંશ, અચેલક, અરતિ, સ્ત્રી, ચર્યા, નૈષેધિકી, શય્યા, આક્રોશ, વધ અને યાચના પરિષહ. ૨૭
અલાભ, રોગ, તૃણ, મલ, સત્કાર, પ્રજ્ઞા, અજ્ઞાન અને સમ્યક્ત્વ એ પ્રમાણે બાવીસ પરિષહો છે. ૨૮

ક્ષુધા પરિષહ




પિપાસા પરિષહ



**૧. ક્ષુધા પરિષહ** - ૧. દેહમાં ક્ષુધા વ્યાપ્ત થવા છતાં મુનિ ફળ વિગેરેનું છેદન ન કરે - ન કરાવે, ન પકાવે, ન પકવાવે. ભુખને સમતા પૂર્વક સહન કરે. અદીન ભાવે વિચરે તે ક્ષુધા પરિષહ છે.

**૨. પિપાસા પરિષહ** - પિપાસા એટલે તૃષા. મુનિ તરસથી અત્યંત વ્યાકુળ થાય. મોઢું સુકાઇ જાય છતાં સચિત્ત પાણીનું સેવન ન કરે. પ્રાસુક જળ

શીત પરિષહ



ઉષ્ણ પરિષહ



દંશમશક પરિષહ



અચેલ પરિષહ



નિર્દોષ પામે તો જ લે. આર્તધ્યાન ન કરે સમતાભાવમાં રહે તે પિપાસા પરિષહ જય છે.

**૩. શીત પરિષહ** – કડકડતી ઠંડીમાં શરીર અકડાઇ જાય તો પણ સાધુને ન કલ્પે એવા વસ્ત્ર કે અગ્નિ આદિની ઇચ્છા ન કરે. રાગ-દ્વેષ વિના સમાધિ ભાવમાં સ્થિર બને તે શીત પરિષહ જય છે.

**૪. ઉષ્ણ પરિષહ** – ગ્રીષ્મકાલીન સૂર્યના પરિતાપથી સંતપ્ત થવા છતાં, ધૂળ, મેલ આદિથી પીડિત થવા છતાં આકુળ વ્યાકુળ ન બને, સ્નાનની ઇચ્છા ન કરે, વસ્ત્ર આદિથી હવા ન નાંખે તે ઉષ્ણ પરિષહ જય છે.

**૫. દંશ પરિષહ** – ડાંસ અને મચ્છરનો ઉપદ્રવ થવા છતાં તેથી સંત્રસ્ત ન બને, મનમાં દ્વેષ ન લાવે. તેમને દૂર ભગાડવા ઝેરી ઉપાયો – ધુમાડા વિગેરે ન કરે. સમભાવમાં રહે. તે દંશ પરિષહ જીત્યો કહેવાય.

**૬. અચેલ પરિષહ** – વસ્ત્ર મળે અથવા ન મળે, જીર્ણ મળે – નવું મળે, મુલ્યવાન ન મળે – અલ્પમુલ્યવાળું મળે – બધી પરિસ્થિતિમાં સાધુ અદીન હોય... સમતાયુક્ત હોય તે અચેલ પરિષહ જીત્યો કહેવાય.

અરતિ પરિષહ



સ્ત્રી પરિષહ



ચર્યા પરિષહ



નૈષેધિકી પરિષહ



**૭. અરતિ પરિષહ** – સાધુને સંયમ જીવન દરમ્યાન ગામોગામ વિહાર કરતાં અનેક અરતિના નિમિત્તો મળે ત્યારે એને વશ ન થતાં અરતિને દૂર કરવા પ્રયત્ન ન કરવો. ધર્મભાવ દઢ કરવો પરંતુ ઉદ્વેગ ધારણ ન કરવો. સમતા રાખવી તે અરતિ પરિષહ ઉપર જીત કહેવાય.

**૮. સ્ત્રી પરિષહ** – આત્મ કલ્યાણના માર્ગે આગળ વધતા સાધુને માટે સ્ત્રી વિઘ્ન કરનાર છે. સાધુને નીચે પાડનાર છે. એમ જાણીને સ્ત્રી તરફ સરાગ દૃષ્ટિ ન કરે. સંયમની મર્યાદામાં રહીને જ વ્યવહાર કરે. મન-વચન-કાયાને ક્યાંય અબ્રહ્મ તરફ ન ઝુકવા દે તે સ્ત્રી પરિષહનો વિજય છે. સાધ્વીજી ભગવંત માટે એ જ વાત પુરુષ પરિષહ રૂપે વિચારવાની છે.

**૯. ચર્યા પરિષહ** – ચર્યા એટલે ચાલવું. સાધુ એક સ્થાને મઠ કે આશ્રમ બનાવીને ન રહે. શાસ્ત્ર મર્યાદા મુજબ નવકલ્પી વિહાર કરે જ એમાં પ્રમાદ ન કરે. તે ચર્યા પરિષહનો જય છે.


**૧૦. નૈષેધિકી પરિષહ** – રાગ-દ્વેષ રહિત સાધુ ચંચળતાનો ત્યાગ કરીને સ્મશાન, શુન્યઘર, ગુફા વિગેરે સ્થાનોમાં રહે અને ત્યાં આવતા ઉપસર્ગોમાં સમતા ધારણ કરે તે નૈષેધિકી પરિષહનો જય કહેવાય. આને સ્થાન પરિષહ અને નિષદ્યા પરિષહ પણ કહેવાય છે.




શય્યા પરિષહ



આક્રોષ પરિષહ



વધ પરિષહ



યાચના પરિષહ



અલાભ પરિષહ

**૧૧. શય્યા પરિષહ –** ઉત્કૃષ્ટ કે નિકૃષ્ટ ઉપાશ્રય પામીને, ઉંચી-નીચી શય્યા પામીને સાધુ હર્ષ કે શોક ન કરે, સુખ-દુઃખ આવી પડે તેને સમતા પૂર્વક સહન કરે તે શય્યા પરિષહનો વિજય છે.

**૧૨. આક્રોશ પરિષહ –** સાધુ કઠોર -દારુણ-કર્ણકંટક કાનમાં ખૂંચનારી વાણી સાંભળીને મૌન રહે, ક્રોધ ન કરે, દ્વેષ ન લાવે, આક્રોશ ન કરે, સમતા રાખે તે આક્રોશ પરિષહ જય છે.

**૧૩. વધ પરિષહ –** કોઇ અજ્ઞાની જીવ પૂર્વ ભવના વેરના કારણે મારે... ઇજા કરે... અથવા મારી નાંખવા પ્રયત્ન કરે તો પણ સાધુ ન બદલાની અપેક્ષા રાખે ન તો મનમાં ક્રોધ કે દ્વેષ લાવે પરંતુ આત્મા અમર છે એનું ચિંતવન કરે આર્ત - રૌદ્રધ્યાન ન કરતાં ધર્મધ્યાનમાં લીન બની સમતાથી સહન કરે તે વધ પરિષહ જય છે.

**૧૪. યાચના પરિષહ –** સાધુને જીવનભર યાચનાથી જ મળે છે. એની પાસે અયાચિત કાંઇપણ હોતું નથી. માન અને લજ્જાને જીતીને પોતાને સંયમ નિર્વાહ માટે જરૂરી વસ્તુની યાચના કરે છે. ઘેર-ઘેર ભીક્ષા માટે પણ ભ્રમણ કરે છે. તે યાચના પરિષહ છે. તેમાં અદીનતા તે પરિષહ જય છે.

**૧૫. અલાભ પરિષહ –** યાચના કર્યા તાં પણ ક્યારેક સાધુને ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ ન થાય ત્યારે સાધુ દુઃખી ન થાય. મનમાં દ્વેષ કે દુર્ભાવ ન લાવે પરંતુ સમતાભાવ ધારણ કરે. મળે તો સંયમવૃદ્ધિ ના મળે તો તપવૃદ્ધિ. એવી ભાવના ભાવતા અલાભ પરિષહને જીતે.



રોગ પરિષહ




સ્પર્શ પરિષહ



મલ પરિષહ



પ્રજ્ઞા પરિષહ



સત્કાર પુરસ્કાર પરિષહ

**૧૬. રોગ પરિષહ –** શરીર એ રોગોનું ઘર છે. સાધુ જીવનમાં પણ અશાતા વેદનીયના ઉદયે રોગ ઉત્પન્ન થાય ત્યારે સાધુ અનુતાપ ન કરે... આર્તધ્યાન ન કરે... હાયવોય ન કરે પરંતુ સમતા રાખે ચિકિત્સાની ઇચ્છા પણ ન રાખે. એ જ રોગ પરિષહ જય છે.

**૧૭. તૃણ પરિષહ –** જિનકલ્પી સાધુઓને તૃણનો સંથારો હોય છે. તૃણની - ઘાસની અણીઓ શરીરમાં વાગે તો પણ વસ્ત્રની ઇચ્છા ન રાખે. સ્થવિરકલ્પી સાધુને વસ્ત્રનો જ સંથારો હોય છતાં પ્રતિકુળ હોય તો પણ દીન ન બને. મનને ચંચળ ન બનાવે પણ સમાધિને જાળવી રાખે તે તૃણ પરિષહ જીત્યો કહેવાય.

**(૧૮) મલ પરિષહ –** મેલ, રજ કે ઉનાળાના પરિતાપથી પરસેવો વગેરે થવા છતાં સ્નાનની ઇચ્છા ન કરે. મલ પરિષહને સાધુ સહન કરે એમાં આકુળ-વ્યાકુળ ન બને તે મલ પરિષહ જય છે.

અજ્ઞાન પરિષહ



અદર્શન પરિષહ

અચેલ પરિષહ



**(૧૯) સત્કાર પરિષહ** – સાધુનો ગૃહસ્થો સન્માન – સત્કાર કરે તેથી સાધુ હર્ષ ન પામે તેવા સન્માન-સત્કારની ઈચ્છા પણ ન રાખે. ક્યાંક સન્માન – સત્કાર ન થાય તો ઉદ્વેગ પણ ન પામે તે સત્કાર પરિષહનો વિજય છે.

**(૨૦) પ્રજ્ઞા પરિષહ** – સાધુની પ્રજ્ઞા સારી હોય તો સારું ભણે, બહુશ્રુત થાય. અનેકોના પુછેલા પ્રશ્નોના સંતોષકારક જવાબ આપી શકે છતાં તે અહંકાર ન કરે પરંતુ પૂર્વના મહાજ્ઞાનીઓને યાદ કરે તે પ્રજ્ઞા પરિષહ જય છે

**(૨૧) અજ્ઞાન પરિષહ** – કર્મના ઉદયે કદાચ પ્રજ્ઞા સૂક્ષ્મ ન મળવાથી ગૃહસ્થોના પ્રશ્નોના જવાબ ન આપી શકે તો પણ ખેદ ન કરે. કર્મને વખાણે સમતા ધારણ કરે તે અજ્ઞાન પરિષહ જય કહેવાય છે.

**(૨૨) સમ્યક્ત્વ પરિષહ** – ગમે તેવા ભયાનક કષ્ટ અને ઉપસર્ગ આવે તો પણ પરમાત્માના શાસનથી, પરમાત્મા ઉપરની શ્રદ્ધાથી જરા પણ ચલાયમાન ન થાય. પ્રભુ તત્વજ્ઞાન અને મોક્ષમાર્ગ ઉપર અતુટ શ્રદ્ધા ધારણ કરે. ચમત્કારાદિ જોઈ મિથ્યાધર્મમાં આકર્ષાય નહીં તે સમ્યક્ત્વ પરિષહ જય છે.

**खंती मद्दव अज्जव, मुत्ती तव संजमे अ बोधव्वे ।**
**सच्चं सोअं अकिंचणं च बंभंच जइ धम्मो ।।२९।।**
**ક્ષમા, નમ્રતા, સરલતા, નિરાળાપણું (મુક્તિ), તપશ્ચર્યા, સંયમ, સત્ય, પવિત્રતા, અકિંચનપણું અને બ્રહ્મચર્ય એ યતિ ધર્મ જાણવો.**

આત્મામાં ઠરવું... આત્માના જ્ઞાયક ભાવમાં સ્થિર થવું તે સાચી વીતરાગતા છે તે જ સાચો ધર્મ છે. આ ધર્મ અહિં યતિધર્મના નામે દસ પ્રકારનો કહ્યો છે.

**(૧) ક્ષમા** – ક્રોધ કષાયનો અભાવ તે ક્ષમા.

આ ક્ષમા પાંચ પ્રકારે છે –

**૧. ઉપકાર ક્ષમા** – આપણો એક સમયનો ઉપકારી વ્યક્તિ આપણી સામે કટુ વચનાદિનો પ્રયોગ કરે આપણને અહિતકર-નુકસાનકારી પ્રવૃત્તિ કરે તો પણ એના પૂર્વના ઉપકારને સ્મરણમાં રાખી સહનશીલતા જાળવવી. ક્ષમા ધારણ કરવી તે ઉપકાર ક્ષમા.

**૨. અપકાર ક્ષમા** – બળવાન વ્યક્તિ આપણું નુકસાન કરે છતાં જો ક્રોધ કરીશ તો આ મને વધારે હેરાન કરશે... વધારે નુકસાન કરશે એમ જાણી ક્ષમા ધારણ કરવી તે અપકાર ક્ષમા.

**૩. વિપાક ક્ષમા** – ક્રોધ કરવા જેવો નથી. ક્રોધ કરવાથી એના કડવા ફળ ભોગવવા પડે છે. કર્મ બંધાય છે એમ જાણીને ક્રોધના નિમિત્તમાં પણ ક્રોધ ન કરતાં ક્ષમા ધારણ કરવી તે વિપાક ક્ષમા છે.

**૪. વચન ક્ષમા** – પરમાત્માએ શાસ્ત્રોમાં સાધુ એવં શ્રાવકને ક્ષમા ધારણ કરવાનું કહ્યુ છે. આગમ વચન માનવું જોઈએ. એમ જાણી ક્ષમા ધારણ કરવી તે વચન ક્ષમા છે.

**૫. ધર્મ ક્ષમા** – ક્ષમાએ આત્માનો ગુણ છે... આત્માનો સ્વભાવ છે... આત્માનો ધર્મ છે એમ જાણીને ક્રોધને ત્યાગી ક્ષમા ધારણ કરવી તે ધર્મ ક્ષમા છે.

**૨. માર્દવ** – જાતિમદ, કુળમદ વગેરે આઠ પ્રકારના મદનો એટલે જ અહંકારનો અભાવ તે માર્દવ છે. માર્દવ એટલે નમ્રતા – નિરભિમાનપણું. જ્યારે માન કષાય શાંત થાય ત્યારે જ માર્દવ–નમ્રતાનો ધર્મ પ્રગટે છે.

**૩.આર્જવ**–માયા કષાયમાંથી મુક્તિ અથવા માયા–કપટનો અભાવ તે આર્જવ છે. આર્જવ સરળતા અને નિષ્પકટતામય છે.

**૪. મુક્તિ** – લોભ કષાયમાંથી મુક્તિ અથવા લોભ કષાયનો અભાવ તે નિર્લોભીપણું તે 'મુક્તિ' છે.

**૫. તપ** – ઈચ્છાઓનો નિરોધ... ઈચ્છાઓને રોકવી તે તપ છે. તપ બાર પ્રકારે છે. એનો સંવર અને નિર્જરા બન્નેમાં સમાવેશ થાય છે.

**૬. સંયમ** – હિંસાદિ અશુભ પ્રવૃત્તિથી આંશિક અથવા સર્વથા નિવૃત્તિ તે સંયમ છે. સાધુનો સંયમ ૧૭ પ્રકારે છે. પાંચ મહાવ્રત, પાંચ ઈન્દ્રિય નિગ્રહ, ચાર કષાય જય અને મન–વચન–કાયાની અશુભ પ્રવૃત્તિથી નિવૃત્તિ.

**૭. સત્ય** – સત્ય, હિત, મિત, નિર્દોષ, નિર્વદ્ય, મધુર વચન બોલવા તે સત્ય ધર્મ છે.

**૮. શૌચ** – શૌચ એટલે પવિત્રતા, આ પવિત્રતા મન–વચન–કાયા અને આત્માની છે. અષ્ટ પ્રવચન માતાના પાલનથી, સત્ય મહાવ્રત પાલનથી, રાગ–દ્વેષ ત્યાગના લક્ષ્યથી તથા બાહ્ય–અભ્યંતર તપથી સાધુ–સાધ્વીજી ભગવંત શૌચ ધર્મનું પાલન કરે છે.

**૯. અકિંચન્ય** – કોઈ પણ પ્રકારનો પરિગ્રહ ન રાખવો તથા પરિગ્રહ ઉપર મમતા ન રાખવી તે અકિંચન્ય ધર્મ છે.

**૧૦. બ્રહ્મચર્ય** – મન–વચન–કાયાથી નવવાડ સહિત સંપૂર્ણ બ્રહ્મચર્ય વ્રતનું પાલન તે બ્રહ્મચર્ય ધર્મ છે.

## ભાવના

**पढम मणिच्च मसरणं, संसारो अेगयाय अण्णत्तं ।**
**असुइत्तं आसव संवरो अ तह निज्जरा नवमी ।।३०।।**
**लोग सहावो बोही, दुल्लहा धम्मस्स साहगा अरिहा ।**
**अेआओ भावणाओ, भावेअव्वा पयत्तेणं ।।३१।।**

પ્રથમ અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ, અશુચિત્વ, આશ્રવ અને સંવર તથા નવમી નિર્જરા ભાવના.૩૦
લોક સ્વભાવ, બોધિ અને ધર્મના સાધક અરિહંતાદિક પણ દુર્લભ છે. એ ભાવનાઓ પ્રયત્ન પૂર્વક ભાવવી.૩૧

### અનિત્ય ભાવના



સંસારના સાચા સ્વરૂપને સમજાવનારી અને આત્મકલ્યાણના માર્ગને સુચવનારી બાર ભાવનાઓનું ચિંતન આત્માને કર્મોના આશ્રવથી બચાવે છે. તેથી તેનો સમાવેશ સંવર તત્વમાં થાય છે. આ બાર ભાવનાઓનું સંક્ષિપ્ત સ્વરૂપ નીચે મુજબ છે.

**(૧) અનિત્ય ભાવના** – સંસારમાં... આ વિશ્વમાં આંખથી જે દેખાય છે તે બધું જ અનિત્ય છે... નશ્વર છે... અશાશ્વત અને ક્ષણભંગુર છે. સત્તા...સંપત્તિ...સમૃદ્ધિ... સૌંદર્ય...ગાડી...વાડી... લાડી... મહેલ...રૂપ... યૌવન...શરીર...સ્ત્રી...પુત્ર પરિવાર... બધુ જ નાશવંત છે. એનું ચિંતન... મનન આ વસ્તુ પ્રત્યેના મોહને ઘટાડનારું

અશરણ ભાવના



બને છે. તે અનિત્ય ભાવના છે.

**(૨) અશરણ ભાવના -** જન્મ... જરા... અને મૃત્યુમય આ સંસારમાં સંકટ સમયે કે મૃત્યુ સમયે કોઇ શરણ આપી શકતું નથી. યમરાજાના પંજામાંથી ન નોટોના બંડલ છોડાવી શકે છે... ન તો સ્નેહી સ્વજન છોડાવી શકે છે. બધા ત્યાં લાચાર છે. એક માત્ર ધર્મ જ શરણ આપવા સમર્થ છે. એનું ચિંતન જીવને સમાધિ મરણ આપવામાં સમર્થ બને છે તે અશરણ ભાવના છે.





**(૩) સંસાર ભાવના -** સંસાર સ્વાર્થમય... પાપમય...દુઃખમય છે. સંસારમાં જન્મ દુઃખમય છે... જરા-વૃદ્ધાવસ્થા દુઃખમય છે... મરણ દુઃખમય છે... કાયા રોગથી ઘેરાય છે... સંબંધો સ્વાર્થથી ભરેલા છે... ડગલે પગલે સંસારમાં પાપ કરવું પડે છે... આવા ભયાનક સંસારના સ્વરૂપનું ચિંતન-મનન કરવાથી સંસાર પ્રત્યે વૈરાગ્યભાવ જાગે છે. આ સંસાર ભાવના છે.



**(૪) એકત્વ ભાવના -** જીવ એકલો દુનિયામાં આવે છે... એકલો કર્મ બાંધે છે... એકલો જ કર્મના ફળ ભોગવે છે... એકલો જ દુનિયામાંથી વિદાય લે છે.. આ દુનિયામાં આવીને મારૂં મારૂં કરીને ઘણું જ ભેગું કરે છે પણ કાંઇ જ એનું થતું નથી... કાંઇ જ એની સાથે જતું નથી. બધું અહીંનું અહીં જ પડ્યું રહે છે. એનું ચિંતન એકત્વ ભાવના છે.



**(૫) અન્યત્વ ભાવના -** હું આત્મા છું... આત્માથી દેહ જુદો છે... ઘર-પરિવાર-ફર્નિચર બધું જ આત્માથી પર છે... અન્ય છે. બાહ્ય સામગ્રી આત્માથી પર છે... કોઇ કોઇનું નથી... આવી વિચારણા... એવું ચિંતન તે અન્યત્વ ભાવના છે.



**(૬) અશુચિ ભાવના -** બહારથી રૂડી-રૂપાળી દેખાતી કાયા અંદરથી મળ-મૂત્રથી ભરેલી છે. નગરની ગટરની જેમ તે અશુચિથી ભરેલી છે. હાડ-માંસ-રૂધિર-મેદ અને રસથી બનેલી આ કાયા ચામડીથી મઢેલી સારી દેખાય છે. પરંતુ અંદરથી જોતાં ભયાનક - બિભિત્સ લાગે છે. કાયાના અશુચિનું ચિંતવન તે અશુચિ ભાવના છે.




**(૭) આશ્રવ ભાવના -** સંસાર અનાદિ કાળથી છે... અનંતકાળ સુધી ચાલવાનો છે એનું કારણ આશ્રવ છે. આશ્રવ દ્વારા સતત શુભ-અશુભ કર્મોનું આવવું ચાલુ જ છે. મિથ્યાત્વ - અવિરતિ - કષાય અને પ્રમાદ એ કર્મબંધના કારણો છે. જેનાથી કર્મોનો પ્રવાહ આત્મામાં સતત વહેતો રહે છે. તેથી સંસારમાં જીવનું ભટકવું ચાલુ રહે છે. આવી રીતે સુખ-દુઃખનું કારણ આશ્રવ છે એનું ચિંતન-વિચારણા તે આશ્રવ ભાવના છે.



**(૮) સંવર ભાવના -** આશ્રવથી વિપરીત સંવર ભાવના છે. અનાદિથી આવતા કર્મોના પ્રવાહને અટકાવવાનું કાર્ય સંવર કરે છે. કર્મને અટકાવવાના હેતુરૂપ સમ્યક્ત્વ - વિરતિ -સમિતિ - ગુપ્તિની આરાધના જીવનમાં આવશ્યક છે. એ જ સંવરના સ્વરૂપનું ચિંતન-વિચારણા તેજ સંવર ભાવના છે.



**(૯) નિર્જરા ભાવના -** કર્મનું આવવું આશ્રવ છે... આવતા કર્મોને અટકાવવું તે સંવર છે. તો અનાદિથી આત્મા સાથે જોડાયેલા કર્મને જુદા કરવા તે નિર્જરા છે. વિવિધ પ્રકારના તપથી કર્મની નિર્જરા થાય છે. છ પ્રકારના બાહ્ય અને છ પ્રકારના અભ્યંતર તપ દ્વારા કર્મની અંશે-અંશે નિર્જરા થાય છે એનું ચિંતન કરવું તે નિર્જરા ભાવના છે.



**(૧૦) લોકસ્વરૂપ ભાવના -** આ લોક ૧૪ રાજલોક ઉંચુ છે... બે પગ પહોળા કરી કેડ ઉપર હાથ રાખી ઉભેલા મનુષ્ય જેવું છે. એમાં અધો લોક, તિર્ચ્છાલોક અને ઉર્ધ્વલોક એમ ત્રણ લોક છે. અધોલોકમાં ૭ નારકી છે, તિર્ચ્છાલોકમાં મનુષ્ય અને તિર્યંચ છે, ઉર્ધ્વલોકમાં દેવો છે. આ ચૌદરાજલોકમાં ધર્માસ્તિકાય વિગેરે દ્રવ્યો છે એમનું ચિંતન કરવું તથા સર્વ જીવો એ સર્વ સ્થાનોમાં અનંતા જન્મ-મરણ કર્યા છે એની વિચારણા કરવી તે લોકસ્વરૂપ ભાવના છે.




**(૧૧) બોધિ દુર્લભ ભાવના -** અનાદિ કાળથી આ સંસારમાં પરિભ્રમણ કરતાં આ જીવને દુર્લભ એવું આર્યક્ષેત્ર... મનુષ્ય ભવ... અને જિન શાસન મળ્યું પરંતુ એમાં અતિ દુર્લભ સમ્યગ્દર્શન અતિ દુર્લભ છે.પ્રાપ્ત ન થયું એ મળે તો માનવભવ સફળ છે. અતિ દુર્લભ બોધિની વિચારણા-ચિંતન કરવું તે બોધિ - દુર્લભ ભાવના છે.



**(૧૨) ધર્મ ભાવના -** આ વિશ્વના જીવોને દુઃખથી અને સંસારથી મુક્ત કરવાની તાકાત એક માત્ર જિન પ્રણીત ધર્મમાં છે. આ ધર્મના ઉપદેશક અરિહંત પરમાત્માનો યોગ મળવો ઘણો જ કઠીન છે. જેટલા પણ જીવો મુક્તિને પામ્યા આ ધર્મથી પામ્યા... જેટલા મુક્તિ પામે છે અને જેટલા ભવિષ્યમાં મુક્તિ પામશે એ બધો જિન પ્રણીત ધર્મનો જ પ્રભાવ છે. આવા અતિ મુલ્યવાન ધર્મનું ચિંતવન કરવું તે જ ધર્મભાવના છે.

## ચારિત્ર

**सामाइ अत्थ पढमं, छेओवट्ठाणं भवे बीअं ।**
**परिहार विसुद्धीअं, सुहुमं तह संपरायं च ॥३२॥**
**तत्तो अ अहक्खायं, खायं सव्वंमि जीव लोगम्मि ।**
**जं चरिऊण सुविहिआ, वच्चंति अयरामरं ठाणं ॥३३॥**

પહેલું સામાયિક, બીજું છેદોપસ્થાનિક ચારિત્ર, પરિહાર વિશુદ્ધિ તેમજ સૂક્ષ્મ સંપરાય ચારિત્ર છે. ૩૨ પછી યથાખ્યાત એટલે સર્વ જીવલોકમાં ખ્યાત એટલે પ્રસિદ્ધ ચારિત્ર છે જેને આચરીને સુવિહિતો મોક્ષ તરફ જાય છે. ૩૩

ચારિત્ર શબ્દ બે શબ્દોના જોડાણથી બનેલ શબ્દ છે - ચય + રિક્ત. ચય એટલે આઠ કર્મોનો સંચય અને રિક્ત એટલે ખાલી કરવું. તેથી ચારિત્ર એટલે સર્વ સાવદ્ય વ્યાપારનો ત્યાગ કરી નિર્દોષ - નિષ્પાપ જીવનના સ્વામિ બનવું જેનાથી અનાદિના સંચય કરેલા કર્મોનો સંચય ખાલી થાય છે.

આવા ચારિત્રના અવસ્થા ભેદથી ૫ પ્રકાર જણાવ્યા છે -

**(૧) સામાયિક ચારિત્ર -** સમ એટલે સમતા. આય એટલે આવક. સમતાની જેમાં આવક છે... સમતાનો જેમાં લાભ છે તે સામાયિક ચારિત્ર. વર્તમાન કાળમાં જે દીક્ષાઓ થાય છે તેમાં પ્રથમ લઘુ દીક્ષા આપવામાં આવે છે ત્યારે સામાયિક ચારિત્રનું ઉચ્ચારણ કરાવવામાં આવે છે. શુદ્ધિ પૂર્વક પવિત્ર પંચાચારનું પાલન કરવું તે સામાયિક ચારિત્ર છે.

**(૨) છેદોપસ્થાનિક ચારિત્ર -** છેદ અને ઉપસ્થાપન બન્ને શબ્દો આ ચારિત્રનું રહસ્ય ખુલ્લું કરે છે. પૂર્વના ચારિત્રનો છેદ કરી પાંચ મહાવ્રતોની સ્થાપના કરવી કે ઉચ્ચરાવવું તે છેદોપસ્થાનિક ચારિત્ર છે. આ ચારિત્ર વર્તમાનમાં વડિ દીક્ષા વખતે ઉચ્ચરાવાય છે. મહાવ્રતઘાત સમયે પ્રાયશ્ચિત રૂપે તથા તીર્થસંક્રાંતિ રૂપે ઉચ્ચરાવાય છે.

**(૩) પરિહાર વિશુદ્ધિ ચારિત્ર -** નવ સાધુઓ ગચ્છની બહાર નિકળી ૧૮ મહિના માટે પરિહાર કલ્પનો સ્વીકાર કરે. ૪ સાધુ ૬ મહિના તપ કરે, ૪ સાધુઓ વૈયાવચ્ચ કરે, એક સાધુ વાચનાચાર્ય થાય... પછી ૬ મહિના વૈયાવચ્ચ કરનારા તપ કરે, તપ કરનારા વૈયાવચ્ચ કરે એક વાચનાચાર્ય થાય... પછી ૬ મહિના વાચનાચાર્ય તપ કરે, ૧ થી ૭ સાધુ વૈયાવચ્ચ કરે એક વાચનાચાર્ય થાય. એવી રીતે ૧૮ મહિને પરિહાર કલ્પ પૂર્ણ થાય.

**(૪) સૂક્ષ્મ સંપરાય ચારિત્ર -** દસમા ગુણસ્થાનકે મોહનીય કર્મની ૨૮ પ્રકૃતિમાંથી એક સૂક્ષ્મ સંજ્વલન લોભ વિના બધી જ પ્રકૃતિ ક્ષય અથવા ઉપશમ પામે છે. ફક્ત સૂક્ષ્મ સંજ્વલન લોભનો ઉદય વર્તે છે તે જીવને સૂક્ષ્મ સંપરાય કહેવામાં આવે છે.

**(૫) યથાખ્યાત ચારિત્ર -** યથા એટલે જિનાગમમાં અરિહંત પ્રભુએ જેવું...ખ્યાત એટલે કહેલું છે તેવું...
આવું સંપૂર્ણ ચારિત્ર તે યથાખ્યાત ચારિત્ર છે. અરિહંત પ્રભુએ જેવું કહ્યું છે -
કષાયોનો સંપૂર્ણ ક્ષય અથવા ઉપશમ થવાથી આ અતિ વિશુદ્ધ-પવિત્ર ચારિત્રની પ્રાપ્તિ સાધુઓને થાય છે.
આ ચારિત્ર ૧૧, ૧૨, ૧૩ અને ૧૪ મા ગુણસ્થાનકે રહેલા વીતરાગને જ હોય છે.
આ ચારિત્ર જીવને નિશ્ચિત મોક્ષનગરીમાં પહોંચાડીને અજરામર સ્થાન આપે છે.

## નવતત્વ અભ્યાસ શા માટે ?

- ★ પાપ, આશ્રવ, બંધ તથા પાપાનુબંધી પુણ્ય છોડવા જેવું છે... હેય છે. આ હેય તત્વોનો ત્યાગ ન કરવાથી આત્મા કર્મથી મલિન બને છે. ભવભ્રમણ વધે છે.
- ★ પુણ્યાનુબંધી પુણ્ય, સંવર, નિર્જરા અને મોક્ષ આદરવા યોગ્ય છે... ઉપાદેય છે. ઉપાદેય તત્વોની આરાધના કરવાથી અનાદિના ભવ સંચિત કર્મોનો ક્ષય થાય છે આત્મા ઉર્ધ્વગામી બને છે.
- ★ જીવ અને અજીવ બન્ને જાણવા યોગ્ય તત્વ છે. જ્ઞેય તત્વ છે. જીવ તત્વ જાણવાથી આત્માનો પરિચય થાય છે. એની શક્તિ અને મહત્વ સમજાય છે. અજીવ તત્વને જાણવાથી એના ઉપરની આસક્તિ તુટે છે. જીવ મોહ-મમતામાંથી મુક્ત બને છે.

# નિર્જરા તત્વ

અનાદિ કાળથી આત્માની સાથે કર્મો જોડાયેલા છે. આ કર્મોને આત્માથી દૂર કરવાનું મુખ્ય શસ્ત્ર છે તપ. તપ થી જ કર્મની નિર્જરા થાય છે. આ તપ બે પ્રકારનો છે - (૧) બાહ્ય તપ (૨) અભ્યંતર તપ.

**अणसण मूणो अरिआ, वित्ति संखेवणं रसच्चाओ ।**
**काय किलेसो संली-णयाय बज्झो तवो होइ ।।३४।।**
**અનશન, ઊનૌદરિકા, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયક્લેશ અને સંલીનતા બાહ્ય તપ છે.**




## બાહ્ય તપ

બાહ્ય વિશ્વના જીવો જોઇ - જાણી શકે અને કાયાને તપાવે તે બાહય તપ છે. બાહ્ય તપનું જ બીજું નામ દ્રવ્ય તપ છે. કર્મ પુદ્ગલોને આત્માથી જુદા કરવા તે દ્રવ્ય નિર્જરા છે.

બાહ્ય તપના છ પ્રકાર છે -

**(૧) અનશન તપ -** અશન એટલે આહાર અને અનશન એટલે આહારનો ત્યાગ.

અનશન એટલે પરમાત્માએ બતાવેલા શાસ્ત્રોક્ત માર્ગથી આહારનો મર્યાદિત સમય માટે અથવા જીવનપર્યંત ત્યાગ છે.

**(૨) ઉણોદરી તપ -** ઉણ એટલે ઓછું, ઉદરી એટલે ઉદર પૂર્તિ.

આપણને ઉદર પૂર્તિ માટે (પેટ ભરવા માટે) જેટલું જરૂરી છે તેથી ઓછું વાપરવું-ખાવું તે ઉણોદરી તપ છે.

**(૩) વૃત્તિસંક્ષેપ તપ -** દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી મનોવૃત્તિઓની મર્યાદા કરવી તે વૃત્તિસંક્ષેપ તપ છે. ખાવાની વસ્તુઓ, ખાવાનું ક્ષેત્ર, કેટલા વખત ખાવું વગેરેનો નિયમ કરવાથી આ તપ થાય છે.

**(૪) રસ પરિત્યાગ તપ -** રસયુક્ત પદાર્થોના ઉપયોગમાં મર્યાદા તે રસ પરિત્યાગ તપ છે. માંસ, મદિરા, માખણ અને મધ એ ચાર મહાવિગઇ છે તેનો જીવનપર્યંત ત્યાગ કરવાનો છે. જ્યારે દૂધ, દહીં, ઘી, તેલ, ગોળ અને કડા (તળેલું) આ છ વિગઇ છે એનો યથાશક્તિ ત્યાગ કરવાનો છે. તે રસપરિત્યાગ તપ છે.

**(૫) કાયક્લેશ તપ -** કાયાને કષ્ટ આપી કાયા ઉપર વિજય મેળવવો તે કાયક્લેશ તપ છે. વિવિધ આસનજય, કાયોત્સર્ગ, વિહાર, લોચ વિગેરે કાયક્લેશ તપ છે.

**(૬) સંલીનતા તપ -** અશુભ માર્ગમાં પ્રવર્તતા મન, ઈન્દ્રિય, વચન, કાયાદિને અશુભથી પાછા હટાવી શુભમાં પ્રવર્તાવવા તે સંલીનતા તપ છે.

# અભ્યંતર તપ

**पायच्छित्तं विणओ, वेयावच्चं तहेव सज्झाओ ।**
**ज्झाणं उस्सग्गो विअ, अब्भिंतरओ तवो होइ ।।३५।।**

**પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન અને કાયોત્સર્ગ એ અભ્યંતર તપ છે.**

બાહ્યતપના છ ભેદ બતાવ્યા પછી હવે અભ્યંતર તપના છ ભેદ જણાવે છે. બાહ્ય વિશ્વ જોઈ જાણી ન શકે પરંતુ આત્મા અને મનને તપાવે તે અભ્યંતર તપ છે. અભ્યંતર તપના છ ભેદ નીચે મુજબ છે –

**(૧) પ્રાયશ્ચિત –** પ્રાયઃ એટલે વિશેષથી. વિશેષથી ચિત્તની શુદ્ધિ કરે તે પ્રાયશ્ચિત છે. જાણતા-અજાણતા જીવનમાં થઇ ગયેલા પાપની શુદ્ધિ કરવા માટેનું આ દસ પ્રકારનું વિશિષ્ટ તપ છે. (આલોચના, પ્રતિક્રમણ, મિશ્ર, વિવેક, કાયોત્સર્ગ, તપ, છેદ, મૂલ, અનવસ્થાપ્ય, અને પારંચિત પ્રાયશ્ચિત)

**(૨) વિનય –** જ્ઞાનાદિ ગુણોથી અલંકૃત ગુણવાન મહાત્માઓની આશાતનાથી બચવું અને એમની બહુમાન – સન્માન પૂર્વક ભક્તિ કરવી તે વિનય તપ સાત પ્રકારે છે. (જ્ઞાન, દર્શન, ચારિત્ર, મન, વચન, કાયા અને ઉપચાર વિનય)

**(૩) વૈયાવૃત્ય –** આચાર્યાદિ મહાત્માઓની યોગ્ય આહાર – પાણી, વસ્ત્ર-પાત્ર, વસતિ, ઔષધાદિ વડે ભક્તિ કરવી. એમની આજ્ઞાનું પાલન કરવું તે વૈયાવૃત્ય તપ દસ પ્રકારે છે. (આચાર્ય, ઉપાધ્યાય, તપસ્વી, સ્થવિર, ગ્લાન, શૈક્ષ, સાધર્મિક, કુલ, ગણ,સંઘ)

**(૪) સ્વાધ્યાય –** સ્વ-સ્વયંને, અધ્યાય-ભણવું-ભણાવવું. પોતાની જાતને ભણવું તથા ભણાવવું તે સ્વાધ્યાય તપ પાંચ પ્રકારે છે. (વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા, ધર્મકથા)

**(૫) ધ્યાન –** યોગની એકાગ્રતા અથવા આત્મરમણતા તે ધ્યાન છે. ધ્યાનના ૪ પ્રકારમાંથી આર્ત અને રૌદ્રધ્યાન સંસાર વધારનાર છે તે તપ નથી. ધર્મ અને શુક્લ ધ્યાન શુભ – શુદ્ધ ધ્યાન હોવાથી નિર્જરા રૂપ તપમાં સમાવિષ્ટ થાય છે. બન્નેના ૪-૪ પ્રકાર છે.

**(૬) કાયોત્સર્ગ –** કાયોત્સર્ગ શબ્દમાં બે શબ્દ સમાયેલા છે. કાય + ઉત્સર્ગ. કાય એટલે કાયા (શરીર) વગેરે અને ઉત્સર્ગ એટલે ત્યાગ. કાયા વગેરેના વ્યાપારનો ત્યાગ અને યોગની નિશ્ચલતા તે કાયોત્સર્ગ તપ છે. બે પ્રકારે છે –

**(૧) દ્રવ્ય-ઉત્સર્ગ-**દ્રવ્ય વસ્તુઓના ત્યાગ રૂપી તપ. દા.ત. અશુદ્ધ આહાર, ઉપધિ, ગચ્છ, શરીર આદિનો ત્યાગ તે પણ દ્રવ્ય ઉત્સર્ગ તપ છે.

**(૨) ભાવ-ઉત્સર્ગ –** કષાય, મિથ્યાત્વ, કર્મ આદિનો ત્યાગ તે ભાવોત્સર્ગ છે.

ઉપરની બે ગાથામાં તપના છ બાહ્ય અને છ અભ્યંતર એમ કુલ બાર ભેદ જણાવ્યા. આ બાર પ્રકારના તપ દ્વારા જ જીવ અનાદિ કાળના કર્મજાળમાંથી મુક્ત થઇ શકે છે. તપ પરમ નિર્જરાનું કારણ હોવાથી ભવ્ય જીવોએ એક માત્ર આત્મકલ્યાણના હેતુથી શક્તિ અનુસાર તપ કરવું જ જોઈએ. તપ વિના કર્મક્ષય નથી અને કર્મક્ષય વિના મોક્ષ નથી. આ વાત સતત સ્મરણમાં રાખવા જેવી છે.

આત્મા જ્યારે જ્યારે મિથ્યાત્વ - અવિરતિ - કષાય અને પ્રમાદનો શિકાર બને છે ત્યારે ત્યારે તે બાહ્ય વાતાવરણમાં રહેલી કાર્મણ વર્ગણાને પોતાની પાસે ખેંચે છે. તે કાર્મણ વર્ગણા આત્મા સાથે ક્ષીર-નીર કે લોહ-અગ્નિની જેમ એકમેક થઇ જઇને કર્મસ્વરૂપે ચોંટે છે તેને બંધ કહેવાય છે.

## બંધ તત્વ

**बारस विहं तवो, निज्जरा य बंधो चउ विगप्पो अ ।**
**पयइ ठिइ अणुभागो, पएस भेएहिं नायव्वो ।।३६।।**

**બાર પ્રકારનો તપ નિર્જરા છે તથા પ્રકૃતિ-સ્થિતિ-રસ અને પ્રદેશના ભેદે કરીને બંધ ચાર પ્રકારે જાણવો.**

બંધ સમયે એક સાથે ચાર વસ્તુઓ નક્કી થાય છે.

(૧) કર્મ સ્વભાવ તે **પ્રકૃતિબંધ.**

(૨) કર્મના કાળનું માપ તે **સ્થિતિ બંધ.**

(૩) કર્મ પુદ્ગલના શુભ-અશુભ રસનું તીવ્ર મંદ પણું તે **રસબંધ.**

(૪) કર્મ પુદ્ગલના દળિયાનું માપ તે **પ્રદેશબંધ.**

**पयइ सहावो वुत्तो, ठिइ काला वहारणं ।**
**अणुभागो रसो नेओ, पएसो दल संचओ ।।३७।।**

**પ્રકૃતિ એટલે સ્વભાવ કહયો છે. કાળનો નિશ્ચય તે સ્થિતિ છે. અનુભાગ તે રસ જાણવો અને દલિકનો સંગ્રહ અથવા સમુદાય તે પ્રદેશ જાણવો.**

### પ્રકૃતિબંધ

જેમ મોદક જુદા-જુદા પ્રકારના હોય છે તેમ એમનો સ્વભાવ પણ અલગ-અલગ પ્રકારનો હોય છે. સુંઠના મોદક કફને ટાળે છે... મેથીના મોદક વાતને ટાળે છે... ઘી-શક્કરના મોદક પિત્તને શાંત કરે છે.

તેવી જ રીતે બંધાતુ કર્મ પણ આત્માના કોઇ ને કોઇ ગુણને આવરણ કરે છે.. ઢાંકે છે. તે કર્મના સ્વભાવને **પ્રકૃતિબંધ** કહેવાય છે.

### સ્થિતિ બંધ

મોદક જુદા જુદા પ્રકારના હોય છે તેમ એમનો સારા રહેવાનો કાળ પણ અલગ-અલગ હોય છે. કોઇ મોદબ બે દિવસ સારા રહે તો કોઇ મોદક ૧૫ દિવસ સારા રહે. તેવી રીતે કર્મ બંધાય એ જ સમય આ કર્મ આત્મા સાથે કેટલો સમય રહેશે તે નક્કી થઇ જાય છે. કર્મ ૪ મહિના... ૬ મહિના... ૧૨ વરસ... ૨૫ વરસ... સાગરોપમ... પલ્યોપમ સુધી રહે છે. કર્મના આત્માની સાથે રહેવાના કાળ સમયને **સ્થિતિબંધ** કહેવાય છે.




## રસબંધ

મોદકમાં ગળપણ હોવાથી સામાન્યતાથી મોદક ગળ્યા જ કહેવાય છે. છતાં દરેક મોદકની મિઠાસમાં તરતમતાં હોય છે. મેથીના મોદક કડવા હોય છે... એની કડવાસમાં પણ ઓછા-અધિક પણું હોય. તેવી જ રીતે આત્માની સાથે જોડાતા શુભ-અશુભ કર્મના રસમાં તરતમતા હોય છે. કર્મબંધ વખતે રસમાં મંદતા... તીવ્રતા... તીવ્રતરતા... તીવ્રતમતા જોવા મળે છે તેને **રસબંધ** કહેવાય છે.

## પ્રદેશ બંધ

મોદકના આકારમાં વિવિધતા જોવા મળે છે. કોઇ મોદક નાનો હોય... કોઇ મધ્યમ હોય... કોઇ મોટો હોય છે. તેમનું વજન પણ જુદું જુદું હોય છે. એમાં કણ પણ ઓછા - વધુ હોય છે. તેવી રીતે કર્મ બાંધતી વખતે યોગ અનુસાર આત્મા ઓછા-વધુ કર્મ દલિકોના સમુહને આત્મા સાથે જોડે છે તેને **પ્રદેશબંધ** કહેવાય છે.

**पड पडिहारसि मज्ज, हडचित्त कुलाल भंडगारीणं ।**
**जह अेअेसिं भावा, कम्माण विज्जापा तह भावा ।।२८।।**

**પાટો, દ્વારપાલ, ખડ્ગ, મદિરા, બેડી, ચિતારો, કુંભાર અને ભંડારી જેવા સ્વભાવો છે. તેવા આઠ કર્મોના પણ સ્વભાવો જાણવા.**

શેરડીનો રસ મીઠો... એનો સ્વભાવ મીઠો...
કારેલાનો રસ કડવો... એનો સ્વભાવ કડવો...
મરચાનો રસ તીખો... એનો સ્વભાવ તીખો...

આત્માને ચાર ગતિ - ચોર્યાસી લાખ જીવાયોનિમાં ભટકાવનાર કર્મોના સ્વભાવ કેવો ? અહીં દૃષ્ટાંત સહિત આઠ કર્મપ્રકૃતિઓનો સ્વભાવ જણાવ્યો છે. સમજવા જેવો છે.

આંખમાં જોવાની શક્તિ છે, પરંતુ ઉપર પાટુ બાંધવામાં આવે તો જોઇ ન શકાય તેવી જ રીતે આત્મામાં અનંત જ્ઞાન છે પરંતુ એના ઉપર આવરણ આવી જતાં આત્મા અજ્ઞાનમાં અથડાય છે તેથી આંખે બાંધેલા પાટા જેવું છે જ્ઞાનાવરણીય કર્મ.

દ્વારપાલ રજા ન આપે તો મહેલમાં કે દરબારમાં બેઠેલા રાજાના દર્શન ન થાય તેવી જ રીતે દર્શનાવરણીય કર્મથી જીવ વિશ્વના પદાર્થો અને વિષયોને જોઇ શકતો નથી. તેથી રાજાના દ્વારપાળ જેવું છે દર્શનાવરણીય કર્મ.

તલવાર જો મધથી લેપાયેલી છે તો એને ચાટતાં પ્રથમ મીઠો સ્વાદ લાગે (તે શાતા વેદનીય) અને જીભ કપાય (તે અશાતા વેદનીય) તો દુઃખ ભોગવવું પડે. તેથી મધથી ખરડાયેલી તલવાર જેવું છે વેદનીય કર્મ.

મદિરા પીવામાં કદાચ ક્ષણિક આનંદ આવે પરંતુ એનો નશો ચઢતાં જીવ વિવેક ગુમાવે છે. શું સારૂં ? શું ખરાબ ? શું કરવા જેવું ? શું ન કરવા જેવું ? કશું જાણતો નથી તેવી જ રીતે મોહના નશામાં જીવ ધર્મ - અધર્મ તેમજ હિત-અહિતનો વિવેક ગુમાવી બેસે છે. તેથી મદિરા જેવું છે મોહનીય કર્મ.

બેડીથી જકડાયેલો સજા પામેલો ગુન્હેગાર નિયત સમય પહેલા મુક્ત થઇ શકતો નથી તેવી જ રીતે આયુષ્ય કર્મ પૂર્ણ ન થાય ત્યાં સુધી એ ગતિમાંથી મુક્તિ ન મળે. તેથી બેડી જેવું છે આયુષ્યકર્મ.

હોશિયાર ચિત્રકાર જેમ વિવિધ રંગોથી યુક્ત સુંદર દેવ-મનુષ્ય-પશુ-પક્ષી વિગેરેના ચિત્ર દોરે છે તેમ નામકર્મ વિવિધ રૂપ-રંગવાળા અંગ-ઉપાંગો યુક્ત દેવ-મનુષ્યાદિ રૂપો બનાવે છે. તેથી ચિતારા સરખું છે નામ કર્મ.

કુંભાર કેટલાય સુંદર-મંગલિક કાર્યો માટે ઘડા બનાવે છે જે પૂજાય છે તો કેટલાય ભંભુલા જેવા ઘડા બનાવે છે જે મદિરાદિ માટે વપરાય છે. જે નિંદાય છે. તેવી જ રીતે ગોત્ર કર્મ કેટલાક જીવોને ઉચ્ચ ગોત્રમાં જન્મ આપે છે તે પૂજનિક બને છે. નીચ ગોત્રમાં જન્મ પામે છે તે નિંદનિક થાય છે. કુંભાર જેવું છે ગોત્ર કર્મ.

રાજાને દાન આપવાની ઇચ્છા હોય પરંતુ ભંડારીની ઇચ્છા ન હોય તો તે વિઘ્ન નાખી રાજાને અટકાવી શકે તેવું છે અંતરાય કર્મ. તેથી રાજાના ભંડારી જેવું છે અંતરાય કર્મ.

અષ્ટ કર્મ




અષ્ટ કર્મ

## કર્મની મૂળ અને ઉત્તર પ્રકૃતિઓ

**इहनाण दंसणावरण, वेय मोहाउ नाम गोयाणि ।**
**विग्घं च पण नव दु, अहवीस चउ तिसय दुपणविहं ॥३१॥**


**અહીં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય નામ, ગોત્ર અને અંતરાય કર્મ અનુક્રમે પાંચ, નવ, બે, અઠ્યાવીસ, ચાર, એકસો ત્રણ, બે અને પાંચ પ્રકારવાળા છે.**

અહીં આત્માને સંસારમાં ભમાડનાર કર્મની મૂળ અને ઉત્તર પ્રકૃતિઓ જણાવી છે. આત્માના (સિદ્ધ ભગવંતના) આઠ ગુણો છે એને આવરણ કરનાર એક-એક કર્મ છે. આઠ ગુણોને આવરનાર આઠ કર્મની મૂળ પ્રકૃત્તિઓ છે. અને તેની ૧૫૮ ઉત્તર પ્રકૃતિઓ છે. તે ઉપરોક્ત ગાથામાં જણાવી છે. તે નીચે મુજબ છે -

૧. જ્ઞાનાવરણીય કર્મ - ૦૫ ભેદ
૨. દર્શનાવરણીય કર્મ - ૦૯ ભેદ
૩. વેદનીય કર્મ - ૦૨ ભેદ
૪. મોહનીય કર્મ - ૨૮ ભેદ
૫. આયુષ્ય કર્મ - ૦૪ ભેદ
૬. નામ કર્મ - ૧૦૩ ભેદ
૭. ગોત્ર કર્મ - ૦૨ ભેદ
૮. અંતરાય કર્મ - ૦૫ ભેદ

**૧૫૮ ભેદ**

**આઠ કર્મની કુલ ૧૫૮ ઉત્તર પ્રકૃતિઓ છે.**



## સ્થિતિબંધ - ઉત્કૃષ્ટ અને જઘન્ય

**કર્મનો આત્મા સાથે રહેવાનો સમય તે સ્થિતિ બંધ છે.**

**नाणे अ दंसणा वरणे, वेअणीअे चेव अंतराअेअ । तीसं कोडाकोडी अयराणं ठिइअ उक्कोसा ।।४०।।
सत्तरि कोडाकोडी मोहणीए वीस नाम गोअेसु । तित्तीसं अयराइं, आउ ठिइ बंध उक्कोसा ।।४१।।
बारस मुहुत्तं जहन्ना, वेयणीअे अट्ठ नाम गोअेसु । सेसाणंत मुहुत्तं, अेयं बंध ठिइ माणं ।।४२।।**

જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય તથા અંતરાય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રીસ કોડાકોડી સાગરોપમની છે.

મોહનીય કર્મની સિત્તેર, તથા નામકર્મ અને ગોત્રકર્મની વીસ કોડાકોડી અને આયુષ્યકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્રીસ સાગરોપમની છે.

વેદનીય કર્મની જઘન્ય ૧૨ મુહૂર્ત, નામકર્મની તથા ગોત્રકર્મની ૮ મુહૂર્ત અને બાકીના પાંચ કર્મની અન્તર્મુહૂર્ત સ્થિતિબંધ છે.

પ્રથમની બે ગાથામાં ઉત્કૃષ્ટ તથા ત્રીજી ગાથામાં જઘન્ય સ્થિતિબંધ જણાવવામાં આવ્યો છે.
ક્રોડને ક્રોડથી ગુણવાથી ક્રોડાક્રોડી થાય છે.
૧૦૦૦૦૦૦૦ × ૧૦૦૦૦૦૦૦ = ૧૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦

**આઠ કર્મની ઉત્કૃષ્ટ અને જઘન્ય સ્થિતિ નીચે પ્રમાણે છે -**

| કર્મ | ઉત્કૃષ્ટ સ્થિતિ | જઘન્ય સ્થિતિ |
|---|---|---|
| ૧. જ્ઞાનાવરણીય કર્મ | ૩૦ કોડાકોડી સાગરોપમ | અન્તર્મુહૂર્ત |
| ૨. દર્શનાવરણીય કર્મ | ૩૦ કોડાકોડી સાગરોપમ | અન્તર્મુહૂર્ત |
| ૩. વેદનીય કર્મ | ૩૦ કોડાકોડી સાગરોપમ | ૧૨ મુહૂર્ત |
| ૪. મોહનીય કર્મ | ૭૦ કોડાકોડી સાગરોપમ | અન્તર્મુહૂર્ત |
| ૫. આયુષ્ય કર્મ | ૩૩ સાગરોપમ | અન્તર્મુહૂર્ત |
| ૬. નામ કર્મ | ૨૦ કોડાકોડી સાગરોપમ | ૮ મુહૂર્ત |
| ૭. ગોત્ર કર્મ | ૨૦ કોડાકોડી સાગરોપમ | ૮ મુહૂર્ત |
| ૮. અંતરાય કર્મ | ૩૦ કોડાકોડી સાગરોપમ | અન્તર્મુહૂર્ત |

# મોક્ષ તત્વ

**સંતપય પરુવણયા, દવ્વપમાણં ચ ખિત્ત ફુસણાય ।**
**કાલો અ અંતર ભાગો, ભાવે અપ્પા બહુ ચેવ ।।૪૩।।**
**સત્પદપ્રરૂપણા - દ્રવ્ય પ્રમાણ - ક્ષેત્ર - સ્પર્શના -**
**કાળ - અન્તર - ભાગ અને અલ્પબહુત્વ.**

મોક્ષ તત્વની વિચારણા નવ દ્વારોથી થઇ શકે છે તે અહિં જણાવવામાં આવ્યું છે. આ નવદ્વાર નીચે મુજબ છે -

**(૧) સત્પદ પ્રરૂપણા દ્વાર** - મોક્ષને વિષે વિદ્યમાન (સ્થિત) પદની પ્રરૂપણા કરવી તે સત્પદ પ્રરૂપણા દ્વાર છે.

**(૨) દ્રવ્યપ્રમાણ દ્વાર** - સિદ્ધના જીવ દ્રવ્ય કેટલા છે ? તેની વિચારણા કરવી તે દ્રવ્યપ્રમાણ દ્વાર છે.

**(૩) ક્ષેત્રદ્વાર** - સિદ્ધના જીવોને અવગાહના ક્ષેત્ર કેટલું છે તેની વિચારણા તે ક્ષેત્રદ્વાર છે.

**(૪) સ્પર્શના દ્વાર** - સિદ્ધના જીવ કેટલા આકાશ પ્રદેશને સ્પર્શે છે તેની વિચારણા તે સ્પર્શના દ્વાર છે.

**(૫) કાળ દ્વાર** - સિદ્ધના જીવો સિદ્ધગતિમાં કેટલો કાળ રહેશે ? તેની વિચારણા તે કાળ દ્વાર છે.

**(૬) અંતરદ્વાર** - સિદ્ધના જીવોમાં અંતર નથી તેની વિચારણા કરવી તે અંતરદ્વાર છે.

**(૭) ભાગદ્વાર** - સિદ્ધના જીવો સંસારી જીવોના કેટલામા ભાગે છે ? તેની વિચારણા કરવી તે ભાગદ્વાર છે.

**(૮) ભાવદ્વાર** - ક્ષાયિક વગેરે પાંચ ભાવમાંથી સિદ્ધના જીવો ક્યા ભાવમાં છે ? તેની વિચારણા કરવી તે ભાવદ્વાર છે અને

**(૯) અલ્પ બહુત્વ દ્વાર** - સિદ્ધના પંદર ભેદમાંથી ક્યા ભેદમાં જીવ ઓછા છે... ક્યા ભેદમાં જીવ વધારે છે તેની વિચારણા કરવી તે અલ્પ બહુત્વ દ્વાર છે.

નવદ્વારની સામાન્ય સમજણ આપ્યા પછી હવે એક-એક દ્વારની વિશેષથી વિચારણા આગળની ગાથાઓમાં કરવામાં આવી છે.

## સત્પદ પ્રરૂપણા દ્વાર

**સંતં સુદ્ધ પયત્તા વિજ્જંતં ખ કુસુમંવ ન અસંતં ।**
**મુખ્ખત્તિ પયં તસ્સઉ, પરુવણા મગ્ગણાઇ હિં ।।૪૪।।**
**મોક્ષ સત્ છે. શુદ્ધપદ હોવાથી વિદ્યમાન છે. આકાશ ફુલની પેઠે અવિદ્યમાન નથી.**
**''મોક્ષ'' એ જાતનું પદ છે અને માર્ગણા વડે તેની વિચારણા થાય છે.**

પદોનું વિભાજન બે પ્રકારમાં થઇ શકે છે - (૧) એકલાં પદ અથવા શુદ્ધ પદ અને (૨) જોડાયેલા પદ અથવા અશુદ્ધ પદ.

એકલાં પદ જ્યાં છે ત્યાં એ નામની વસ્તુ છે જ એમ સ્વીકારવામાં આવે છે. પદ એટલે અર્થ અને વ્યુત્પત્તિ સહિતનો શબ્દ.

મોક્ષ એ પદ છે કારણ તેનો અર્થ પણ છે અને તેની વ્યુત્પત્તિ પણ છે.

જ્યાં જોડાયેલા શબ્દ છે ત્યાં વસ્તુ હોય પણ અને ન પણ હોય.

રાજકુમાર – એટલે રાજાનો કુમાર આ અર્થ પૂર્ણ અને શુદ્ધ પદ છે. એની વિદ્યમાનતા સંભવે છે.

આકાશપુષ્પ – આકાશનું પુષ્પ આ જોડાયેલું પદ અશુદ્ધ છે તેમજ અસત્ય છે. કારણ ગુલાબનું ફુલ હોય, મોગરાનું ફુલ હોય પણ આકાશનું ફુલ ન જ હોય. તે અવિદ્યમાન છે.

તેથી મોક્ષ પદ છે...

મોક્ષ પદ વિદ્યમાન છે... અને તેની વિચારણા માર્ગણા વડે થઈ શકે છે.

માર્ગણાનું સ્વરૂપ અને સાથે મોક્ષની વિચારણા આગળની ગાથામાં જણાવવામાં આવી છે.

**गइ इंदीए काए, जोए वेये कसाय नाणे य ।**
**संजम दंसण लेसा, भव सम्मे सन्नि आहारे ।।४५।।**

**ગતિ, ઈન્દ્રિય, કાય, યોગ, વેદ, કષાય, જ્ઞાન, ચારિત્ર, દર્શન, લેશ્યા, ભવ્ય, સમ્યક્ત્વ, સંજ્ઞી અને આહાર.**

અહિં ૧૪ માર્ગણાઓ બતાવવામાં આવી છે. આ ચૌદ માર્ગણાના વિશેષથી ૬૨ (બાંસઠ) ભેદ થાય છે તે નીચે મુજબ છે –

| | માર્ગણા | ભેદ | |
|---|---|---|---|
| (૧) | ગતિ | ૪ | દેવ, મનુષ્ય, તિર્યંચ, નરક. |
| (૨) | ઈન્દ્રિય | ૫ | એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરીન્દ્રિય, પંચેન્દ્રિય. |
| (૩) | કાયા | ૬ | પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, ત્રસકાય. |
| (૪) | યોગ | ૩ | મનોયોગ, વચનયોગ, કાયયોગ. |
| (૫) | વેદ | ૩ | સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસક વેદ. |
| (૬) | કષાય | ૪ | ક્રોધ, માન, માયા, લોભ. |
| (૭) | જ્ઞાન | ૮ | મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ, કેવળજ્ઞાન, મતિઅજ્ઞાન, શ્રુત અજ્ઞાન, વિભંગજ્ઞાન |
| (૮) | ચારિત્ર | ૭ | સામાયિક, છેદોપસ્થાપન, પરિહર, વિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય, યથાખ્યાત, દેશવિરતિ અને સર્વવિરતિ |
| (૯) | દર્શન | ૪ | ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન, કેવલદર્શન |
| (૧૦) | લેશ્યા | ૬ | કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ અને શુક્લ લેશ્યા. |
| (૧૧) | ભવ્ય | ૨ | ભવ્ય અને અભવ્ય |
| (૧૨) | સમ્યક્ત્વ | ૬ | ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક, મિશ્ર, સાસ્વાદન, અને મિથ્યાત્વ. |
| (૧૩) | સંજ્ઞી | ૨ | સંજ્ઞી અને અસંજ્ઞી |
| (૧૪) | આહાર | ૨ | આહાર અને અનાહાર |
| | | ૬૨ | |

આ ચૌદ માર્ગણા દ્વારા વિચારણા કરતાં એમાં મોક્ષ ક્યાં ક્યાં સંભવી શકે એનો ખ્યાલ આવ્યા વગર ન રહે ? ૧૪ માર્ગણાના બાસઠ ભેદમાં મોક્ષ કઇ કઇ માર્ગણામાં છે. અને ક્યાં નથી આ વાત આગળની ગાથામાં સ્પષ્ટ કરવામાં આવી છે.

**नरगइ पणिंदि तस भव, सन्नि अहक्खाय खइय सम्मत्ते ।**
**मुक्खोणाहार केवल, दंसण नाणे न सेसेसु ।।४६।।**

**મનુષ્યગતિ, પંચેન્દ્રિય, જાતિ, ત્રસકાય, ભવ્ય, સંજ્ઞિ, યથાખ્યાત ચારિત્ર, ક્ષાયિક સમ્યક્ત્વ, અનાહાર, કેવળદર્શન અને કેવળજ્ઞાનમાં મોક્ષ છે અને શેષમાં નથી.**

ચૌદ માર્ગણાના ૬૨ દ્વારની વિચારણા કરતાં જણાય છે કે ચૌદમાંથી ૧૦ માર્ગણામાં જ મોક્ષની સંભાવના છે. ચાર માર્ગણામાં તો મોક્ષ સંભવતો જ નથી.

પ્રથમ ગતિ માર્ગણામાં મનુષ્ય ગતિમાં જ મોક્ષ છે. અન્ય ત્રણ ગતિમાં મોક્ષ નથી.

બીજી જાતિ માર્ગણામાં પંચેન્દ્રિયમાં જ મોક્ષ છે. અન્ય ચાર જાતિમાં મોક્ષ નથી.

ત્રીજી કાય માર્ગણામાં ત્રસકાયમાં જ મોક્ષ છે. અન્ય પાંચ કાયમાં મોક્ષ નથી.

ચોથી યોગ માર્ગણામાં મોક્ષ હોય જ નહિં કારણ આત્મા અયોગી છે.

પાંચમી વેદ માર્ગણામાં મોક્ષ હોય જ નહિં કારણ આત્મા અવેદિ છે.

છઠ્ઠી કષાય માર્ગણામાં મોક્ષ હોય જ નહિં કારણ આત્મા અકષાયી છે.

સાતમી જ્ઞાન માર્ગણામાં કેવળજ્ઞાનમાં જ મોક્ષ છે. અન્ય સાત જ્ઞાનમાં મોક્ષ નથી.

આઠમી ચારિત્ર માર્ગણામાં યથાખ્યાત ચારિત્રમાં જ મોક્ષ છે. અન્ય છ ચારિત્રમાં મોક્ષ નથી.

નવમી દર્શન માર્ગણામાં કેવળદર્શનમાં જ મોક્ષ છે. અન્ય ત્રણ દર્શનમાં મોક્ષ નથી.

દસમી લેશ્યા માર્ગણામાં મોક્ષ હોય જ નહિં કારણ આત્મા અલેશી છે.

અગિયારમી ભવ્ય માર્ગણામાં ભવ્યમાં જ મોક્ષ છે. અભવ્યમાં મોક્ષ નથી.

બારમી સમ્યક્ત્વ માર્ગણામાં ક્ષાયિક સમ્યક્ત્વમાં જ મોક્ષ છે. અન્ય પાંચ સમ્યક્ત્વમાં મોક્ષ નથી.

તેરમી સંજ્ઞી માર્ગણામાં સંજ્ઞી માં જ મોક્ષ છે. બીજા અસંજ્ઞી માર્ગણામાં મોક્ષ નથી.

ચૌદમી આહાર માર્ગણામાં અનાહારમાં જ મોક્ષ છે. બીજા આહાર માર્ગણામાં મોક્ષ નથી.

એવી રીતે મનુષ્યગતિ, પંચેન્દ્રિય જાતિ, ત્રસકાય, ભવ્ય, સંજ્ઞી, યથાખ્યાત ચારિત્ર, ક્ષાયિક સમ્યક્ત્વ, અનાહાર, કેવળદર્શન અને કેવળજ્ઞાનમાં મોક્ષ છે. બીજે ક્યાંય કોઇપણ માર્ગણામાં મોક્ષ નથી.

## દ્રવ્યપ્રમાણ અને ક્ષેત્રદ્વાર

**दव्वपमाणे सिद्धा, जीव दव्वाणि हुंति णंताणि ।**
**लोगस्स असंखिज्जे, भागे इक्कोय सव्वे वि ।।४७।।**

**સિદ્ધોના દ્રવ્ય પ્રમાણ દ્વારમાં - અનંત જીવ દ્રવ્યો છે,**
**લોકના અસંખ્યાતમાં ભાગમાં એક અને સર્વ સિદ્ધો હોય છે.**

### દ્રવ્યપ્રમાણદ્વાર

સિદ્ધના જીવો અનંત છે.

જઘન્યથી ૧ સમયના અંતરે અને ઉત્કૃષ્ટથી છ મહિનાના અંતરે એક જીવ અવશ્ય મોક્ષમાં જાય છે.

એક સમયમાં જઘન્યથી એક જીવ અને ઉત્કૃષ્ટથી ૧૦૮ જીવ મોક્ષમાં જાય છે.

એવા નિયમ પ્રમાણે અનાદિ કાળથી વિશ્વનું ચક્ર ચાલી રહ્યું છે તેથી મોક્ષમાં અનંત જીવ છે જ.

### ક્ષેત્રદ્વાર

એક સિદ્ધની અવગાહના જઘન્યથી ૧ હાથ ૮ અંગુલ હોય છે..

એક સિદ્ધની અવગાહના ઉત્કૃષ્ટથી ૧૩૩૩ હાથ ૮ અંગુલ હોય છે...

એ ક્ષેત્ર લોકના અસંખ્યાતમાં ભાગ જેટલું છે. તેથી એક સિદ્ધ જીવ આશ્રયીને તે લોકના અસંખ્યાતમાં ભાગમાં રહેલું છે.

સર્વ સિદ્ધ જીવોને આશ્રયીને વિચાર કરતાં સિદ્ધના બધા જ જીવો સિદ્ધશીલા ઉપર બિરાજમાન છે. તે લોકના અંતે અલોકને અડીને ૪૫ લાખ યોજન વિસ્તારવાળી સિદ્ધશિલા ઉપર ગાઉના છટ્ઠા ભાગના ઉર્ધ્વ પ્રમાણ જેટલા આકાશ વિસ્તારમાં રહેલા છે. સર્વ સિદ્ધો સહિતનું સિદ્ધશિલા ઉપરનું ક્ષેત્ર, સર્વ ક્ષેત્રના અસંખ્યાતમાં ભાગ જેટલું જ છે. તેથી સર્વ સિદ્ધ જીવોની અપેક્ષાએ પણ તે લોકના અસંખ્યાતમાં ભાગ જેટલું જ છે.

## સ્પર્શના - કાળ અને અંતરદ્વાર

**फुसणा अहिआ काले, इग पडुच्च साइ ओणंतो ।**
**पडिवाया भावाओ, सिद्धाणं अंतरं नत्थि ।।४८।।**

**સ્પર્શના અધિક છે, એક સિદ્ધને આશ્રયીને સાદિ અનંતકાળ છે,**
**પડવાનો અભાવ હોવાથી સિદ્ધોમાં અંતર નથી.**


આ ગાથામાં ત્રણ દ્વારની વિચારણા છે - (૧) સ્પર્શના દ્વાર (૨) કાલ દ્વાર અને (૩) અન્તર અનુયોગ દ્વાર.

### સ્પર્શના દ્વાર

એક પરમાણુ આકાશ પ્રદેશમાં સમાય ત્યારે સાત આકાશ પ્રદેશની સ્પર્શના કહેવાય.

(૧) એક આકાશ પ્રદેશમાં તે રહેલું છે તેની સ્પર્શના છે.

(૨) ચાર દિશામાં ચાર આકાશ પ્રદેશમાં સ્પર્શના છે.
(૩) ઉર્ધ્વ અને અધો દિશામાં બે આકાશ પ્રદેશમાં સ્પર્શના છે.
૧+૪+૨ = ૭ આકાશ પ્રદેશની સ્પર્શના છે. અવગાહના માત્ર ૧ આકાશ પ્રદેશ છે.
એવી જ રીતે દરેક દ્રવ્યને અવગાહના ક્ષેત્રથી સ્પર્શના ક્ષેત્ર વધુ જ હોય.
તેમજ સિદ્ધને અવગાહના ક્ષેત્રથી સ્પર્શના ક્ષેત્ર અધિક છે.
તેવી જ રીતે સિદ્ધને સિદ્ધની પરસ્પર સ્પર્શના પણ અધિક છે.




### કાળ દ્વાર

એક સિદ્ધને આશ્રયીને સાદિ અનંત કાળ સિદ્ધપણાનો જાણવો.
અનેક સિદ્ધને આશ્રયીને અનાદિ અનંત કાળ સિદ્ધ પણાનો જાણવો.

### અન્તર દ્વાર

વચ્ચે બીજો ભાવ હોય તો આંતરું-અંતર સંભવે પણ એવું નથી. તેમજ સિદ્ધના જીવો પાછા સંસારમાં આવતા ન હોવાથી ત્યાં સિદ્ધમાં અંતર નથી. તેમજ સિદ્ધના જીવો બીજા સિદ્ધના જીવોને અડીને રહેલા હોવાથી ત્યાં પણ એક-બીજામાં અંતર નથી.

## ભાગ અને ભાવદ્વાર

**सव्व जियाणं मणंते भागे ते तेसिं दंसणं नाणं ।**
**खइअे भावे परिणा-मिअे अ पुण होइ जीवत्तं ।।४१।।**
**સિદ્ધો સર્વ જીવોને અનંતમે ભાગે છે. તેઓનું જ્ઞાન અને**
**દર્શન ક્ષાયિક ભાવે છે, અને જીવપણું પારિણામિક ભાવે છે.**

આ ગાથામાં ભાગ અને ભાવ અનુયોગ દ્વારનો સમાવેશ થાય છે.

### ભાગ દ્વાર

સિદ્ધના જીવો અભવ્યથી અનંત ગુણા છે... સર્વ સંસારી જીવોની અપેક્ષાએ તે અનંતમે ભાગે છે...




### ભાવ દ્વાર

પાંચ પ્રકારના ભાવ છે - (૧) ઔપશમિક (૨) ક્ષાયિક (૩) ક્ષાયોપશમિક (૪) ઔદાયિક અને (૫) પારિણામિક ભાવ.

આમાંથી સિદ્ધના જીવોને જ્ઞાન અને દર્શન ક્ષાયિક ભાવે હોય છે. અને જીવપણું પારિણામિક ભાવે હોય છે.




## અલ્પબહુત્વ દ્વાર

**थोवा नपुसं सिद्धा, थी नर सिद्धा कमेण संखगुणा ।**
**इअ मुक्ख तत्तमेअं, नव तत्ता लेसओ भणिआ ।।५०।।**

**નપુંસક લિંગ સિદ્ધ થોડા છે, સ્ત્રીલિંગે સિદ્ધ અને પુરુષ લિંગે સિદ્ધ અનુક્રમે સંખ્યાતા ગુણ છે. એ પ્રમાણે આ મોક્ષ તત્વ છે. નવતત્વો ટૂંકમાં કહ્યા છે.**

એક સમયમાં ઉત્કૃષ્ટથી ૧૦ નપુંસક જીવો મોક્ષમાં જઇ શકે છે.
એક સમયમાં ઉત્કૃષ્ટથી ૨૦ સ્ત્રી જીવો મોક્ષમાં જઇ શકે છે.
એક સમયમાં ઉત્કૃષ્ટથી ૧૦૮ પુરુષ જીવો મોક્ષમાં જઇ શકે છે.
તેથી નપુંસક લિંગ સિદ્ધ અલ્પ છે... સ્ત્રી લીંગ સિદ્ધ તેથી બમણા (દ્વિગુણ) છે તેથી સંખ્યાત ગુણા તેથી પુરુષલિંગ સિદ્ધ સંખ્યાત ગુણા છે.




### સિદ્ધના બીજા ભેદોનું અલ્પબહુત્વ

જિન સિદ્ધ અલ્પ... અજિનસિદ્ધ તેથી અસંખ્યગુણા.
અતીર્થ સિદ્ધ અલ્પ... તીર્થ સિદ્ધ તેથી અસંખ્યગુણા.
ગૃહસ્થલિંગ સિદ્ધ અલ્પ... અન્યલિંગસિદ્ધ તેથી સંખ્યાતગુણા... સ્વલિંગ સિદ્ધ તેથી સંખ્યાત ગુણા.
સ્વયંબુદ્ધસિદ્ધ અલ્પ... પ્રત્યેક બુદ્ધસિદ્ધ તેથી સંખ્યાતગુણા... બુદ્ધબોધિત સિદ્ધ તેથી સંખ્ય ગુણા.
અનેક સિદ્ધ અલ્પ... એક સિદ્ધ તેથી સંખ્યાત ગુણા - જાણવા.
એવી રીતે મોક્ષ તત્વ જાણવા યોગ્ય છે. જાણીને એ દિશામાં પ્રયાણ થાય અને આત્મ કલ્યાણ સધાય તેવો પુરુષાર્થ કરવા યોગ્ય છે.

**जीवाइ नव पयत्थे, जो जाणइ तस्स होइ सम्मत्तं ।**
**भावेण सद्दहंतो, अयाण माणेवि सम्मत्तं ।।५१।।**
**જીવાદિ નવ પદાર્થોને જે જાણે તેને સમ્યક્ત્વ હોય,**
**બોધ વિના પણ ભાવથી શ્રદ્ધા રાખનારને પણ સમ્યક્ત્વ હોય છે.**

સમ્યક્ત્વ એ આત્માનો ગુણ છે. જ્યારે જીવને નવતત્વની જાણકારી મળે છે... સમજણ આવે છે... નવતત્વ સાચા છે... એવી શ્રદ્ધા થાય છે ત્યારે આત્મામાં સમ્યક્ દર્શનનો ગુણ પ્રગટ થાય છે.

જીવ-અજીવ... પુણ્ય-પાપ...

આશ્રવ-સંવર... બંધ-નિર્જરા-મોક્ષ...

આ નવ તત્વને જ્યારે જીવ જાણે સમજે છે ત્યારે સંપૂર્ણ વિશ્વના સ્વરૂપની અને મોક્ષમાર્ગની યથાર્થ જાણકારી એને પ્રાપ્ત થાય છે. હવે એને ક્યાંય જવાની જરૂર જણાતી નથી. જ્ઞાનનો અખુટ ખજાનો અહીં જ એને મળી જાય છે. એટલું જ નહીં આ જ્ઞાન પ્રત્યેનું એનું બહુમાન પણ એટલું જ ઉત્કૃષ્ટ હોય છે. આવું જ્ઞાન... આવી સમજણ... આવી સૂક્ષ્મતા બીજે ક્યાંય મળવી અસંભવિત છે. એવું જે સાધક જાણે છે એ સમ્યક્ત્વનો સ્વામી છે એટલું જ નહીં પણ એનાથી આગળ વધીને કહે છે નવતત્વ ન પણ જાણે... ન પણ સમજે પરંતુ ભાવ પૂર્વકની જો શ્રદ્ધા છે તો ત્યાં પણ અવશ્ય સમ્યગ્ દર્શન છે.

સમ્યગ્ દર્શન આત્માનો ગુણ છે. કેવળજ્ઞાની અથવા વિશિષ્ટજ્ઞાની વિના બીજાના સમ્યગ્ દર્શનને જોઇ-જાણી ન શકાય. પરંતુ ઉત્તરાધ્યયન સૂત્રમાં સમકીતના ૬૭ લક્ષણ કહ્યા છે. તે જો આપણે આત્માની ઉપર ઘટાવીએ તો અનુમાનથી આપણે આપણા અને બીજા માટે એની હાજરી છે કે કેમ ? તે અનુમાનથી જાણી શકીએ છીએ.

આપણા સદ્ભાગ્યે નવતત્વના જ્ઞાન દ્વારા આપણને સમ્યગ્દર્શન પ્રાપ્તિનો સુઅવસર મળ્યો છે. આ અવસર હાથમાંથી નિકળી જાય એનાથી પહેલા આપણે જાગી જઇએ. પુરૂષાર્થ દ્વારા નવતત્વને આત્મસાત કરીએ... નવતત્વથી સમ્યગ્દર્શન પામીએ... સમ્યગ્દર્શનથી સંસારને મર્યાદિત બનાવીએ... મોક્ષમાર્ગના સાચા મુસાફર બની સમ્યગ્ દર્શન, સ. જ્ઞાન અને સ. ચારિત્રના આરાધક બની સિદ્ધગતિના સ્વામી બનીએ.

**सव्वाइं जिणेसर, भासिआइं वयणाइं नन्नहा हुंति ।**
**इअ बुद्धि जस्स मणे, सम्मत्तं निच्चलं तस्स ।।५२।।**
**શ્રી જિનેશ્વરે કહેલાં સર્વે વચનો અસત્ય ન હોય (એટલે સર્વ સત્ય જ હોય).**
**જેના હૃદયમાં આવી બુદ્ધિ હોય તેનું સમ્યક્ત્વ દૃઢ છે.**

જિનેશ્વર પરમાત્મા પ્રત્યે જ્યાં અતુટ શ્રદ્ધા હોય ત્યાં જ પરમાત્માના વચન પ્રત્યે વિશ્વાસ હોય. જિનેશ્વર પરમાત્માને અસત્ય બોલવાનું કોઇ જ કારણ નથી. માનવી અસત્ય ક્યારે બોલે ? શાસ્ત્રો એના ચાર કારણ બતાવે છે

**कोहा वा लोहा वा भया वा हासा वा**

જિનેશ્વર પરમાત્માનું સ્વરૂપ કહે છે કે જિનેશ્વર તો કર્મ વિજેતા છે... મોહનીય કર્મને એમણે જિત્યું છે. જ્યાં મોહ છે ત્યાં જ ક્રોધ... લોભ...ભય...હાસ્ય છે. જિનેશ્વર પરમાત્મા આ ચારથી રહીત છે. એમનું વચન અસત્ય કદાપિ ન હોઇ

શકે. સત્ય જ હોય છે. અરિહંત પરમાત્મા પ્રત્યે જેના હૃદયમાં અતુટ શ્રદ્ધા હોય ત્યાં નિશ્ચિત સમકિતનો વાસ હોય. તે વ્યક્તિનું સમ્યક્ત્વ અત્યંત મજબુત હોય છે.

પરંતુ જો પરમાત્માના વચનોની સત્યતામાં ક્યાંક શંકાનો કીડો સળવળે અને મનમાં ક્યાંક એ માટે પ્રશ્ન ઉભો થાય તો જીવ સમ્યક્ત્વ ટકાવી ન શકે. એ સમ્યક્ત્વને ગુમાવી બેસે છે.

પરમાત્માના બધા જ વચન માન્ય હોય પણ એક વચન અમાન્ય કરે તો ત્યાં સમકિત ન હોઇ શકે. એ માટે પરમાત્માના સર્વ વચનો જાણવા - સાંભળવા અને સમજીને સ્વીકારવા અતિ આવશ્યક છે. પરમાત્માના વચનો પ્રત્યે આપણને ક્યારેય અશ્રદ્ધા ન થાય અને આપણું સમ્યક્ત્વ મલીન ન થાય એ માટે સાવધાની અને જાગૃતિ રાખવાની છે.

**अंतो मुहुत्त मित्तंपि, फासिअं हुज्ज जेहिं सम्मत्तं ।**
**तेसिं अवड्ढ पुग्गल, परिअट्टो चेव संसारो ॥५३॥**
**જે જીવોને અન્તર્મુહૂર્ત માત્ર પણ સમ્યક્ત્વ સ્પર્શ્યું હોય,**
**તે જીવોનો સંસાર માત્ર અર્ધ પુદ્‌ગલપરાવર્ત જેટલો જ બાકી રહે છે.**

અનંત સંસારનો અંત લાવવો છે ?

તેનો ઉપાય એક... માત્ર એક જ છે. અને તે છે સમ્યગ્ દર્શનની પ્રાપ્તિ. અનાદિ કાળથી આપણે સંસારની ચાર ગતિ અને ચોર્યાસી લાખ જીવાયોનીમાં પરિભ્રમણ કર્યું... હજી આપણા સંસારનો અંત કે સંસાર સાગરનો કોઇ કિનારો દેખાતો નથી ? આવું શા માટે ? ક્યારે આવશે આપણા સંસારનો અંત ? ક્યારે ચાલુ થશે આપણા અંતિમ ભવોની ગણત્રી ? એનો જવાબ ઉપરોક્ત ગાથામાં આપ્યો છે. ઘણી મહત્વની વાત જણાવી છે. **ફક્ત અંતર્મુહૂર્ત કાળ માટે પણ જો એકવાર સમ્યગ્ દર્શનનો સ્પર્શ આત્માને થઇ જાય તો એના અનંત સંસારને બ્રેક લાગે છે... સંસાર મર્યાદિત બને છે. વધારેમાં વધારે અર્ધ પુદ્‌ગલ પરાવર્તન જેટલા સમયમાં જીવ નિશ્ચિત મોક્ષ પામે છે... સિદ્ધ-બુદ્ધ-મુક્ત બને છે.**

અર્ધ પુદ્‌ગલ પરાવર્તનનો કાળ એ પણ ઘણો લાંબો સમય છે પરંતુ સંસારની મર્યાદા નક્કી થઇ એ મહત્વનું છે. આવું અપૂર્વ મહત્વ સમ્યગ્દર્શનનું છે. આવા સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરવાનો સુઅવસર આપણને બધાને પ્રાપ્ત થયો છે. મનુષ્યનો દેહ... આર્ય ક્ષેત્ર... અને જિનેશ્વર પરમાત્માનું જયવંતુ શાસન આ ત્રિપુટીની સુંદર આરાધના આપણને સમ્યગ્ દર્શનની ભેટ ધરવા સમર્થ છે. જે જીવોએ પ્રમાદને ખંખેરી પ્રભુ આજ્ઞાને સ્વીકારી પોતાનો સત્ય માર્ગ સ્વીકારી આગેકૂચ કરી છે તેઓ પામીને જ રહ્યા છે.

પૂર્વ ભવના અદ્‌ભૂત પુણ્યથી મળી ગયેલી તકને તકદિર બનાવી આપણે આપણું કાર્ય સાધી લઇએ. સમ્યગ્ દર્શનને પામવા નવતત્વને સમજી... શીખી... વિચારી... ચિંતન-મનન કરી હૃદયમાં ધારણ કરીએ - સ્થિર કરીએ.

સંસારને બ્રેક લગાડવાનો આજ એક સહજ - સરળ ઉપાય છે. આદરીએ ભાવથી... સ્વીકારીએ સન્માનથી સફળતા - સિદ્ધિ નિશ્ચિત છે.

**उस्सपिणी अणंता, पुग्गल परिअट्टओ मुणेअव्वो ।**
**तेणंतातीअद्धा,अणागयद्धा अणंत गुणा ।।५४।।**

**અનંત ઉત્સર્પિણી તથા અવસર્પિણીનો ૧ પુદ્‌ગલ પરાવર્તકાળ જાણવો. તેવા અનંત પુદ્‌ગલપરાવર્ત્તનો અતીતકાળ અને તેથી અનંતગુણો અનાગતકાળ છે.**

પુદ્‌ગલ પરાવર્તનનું સ્વરૂપ સમજવા પ્રથમ પ્રયત્ન કરીશું. પુદ્‌ગલ પરાવર્તન ચાર પ્રકારે છે - (૧) દ્રવ્ય પુદ્‌ગલ પરાવર્તન (૨) ક્ષેત્ર પુદ્‌ગલ પરાવર્તન (૩) કાળ પુદ્‌ગલ પરાવર્તન અને (૪) ભાવ પુદ્‌ગલ પરાવર્તન.

અહીં આપણને ક્ષેત્ર પુદ્‌ગલ પરાવર્તન કાળનો ઉપયોગ કરવાનો છે તેથી આપણે પ્રથમ એને જ સમજવાનો પ્રયત્ન કરીશું.

ચૌદ રાજલોકમાં અસંખ્ય આકાશ પ્રદેશ છે. આ બધા અસંખ્ય આકાશ પ્રદેશોને ક્રમથી મરણ પામવા દ્વારા સ્પર્શે તેમાં જેટલો કાળ જાય તે એક પુદ્‌ગલ પરાવર્તન કહેવાય છે.

કોઇ જીવ ચૌદ રાજલોકમાં જે આકાશ પ્રદેશમાં આજે મરણને પ્રાપ્ત કરે છે તે પ્રથમ આકાશ પ્રદેશ ગણતરીમાં લેવાનો છે. પછી અન્યત્ર અનેક મરણ કરીને ફરી જ્યારે પહેલા આકાશ પ્રદેશની બાજુનાં જ આકાશ પ્રદેશમાં મરણ પામે ત્યારે તે બીજો આકાશ પ્રદેશ ગણત્રીમાં લેવાનો. આ બન્નેની વચ્ચે જે કાંઇ મરણ થાય તે મરણની ગણત્રી ન થાય પરંતુ એમાં જે કાળ વ્યતીત થયો એની ગણત્રી કરવાની છે. ફરી બીજા આકાશ પ્રદેશની જોડાજોડ એકદમ બાજુમાં જ્યારે ત્રીજા આકાશ પ્રદેશને સ્પર્શતો મરણ પામે તેને ગણત્રીમાં લેવાનો એવી રીતે, ક્રમથી સર્વ આકાશ પ્રદેશોને સ્પર્શીને મરણ પ્રાપ્ત થાય એમાં જેટલો કાળ વ્યતીત થાય તે એક ક્ષેત્ર પુદ્‌ગલ પરાવર્તન કાળ કહેવાય છે.

એક પુદ્‌ગલ પરાવર્તન કાળ એટલો લાંબો કાળ છે કે એમાં જીવના અનંતાનંત ભવ થઇ જાય છે. આવા અનંત પુદ્‌ગલ પરાવર્તન કાળ પસાર થઇ ગયો છે. એક પુદ્‌ગલ પરાવર્તન કાળમાં અનંત ઉત્સર્પિણી - અવસર્પીણી આવી જાય છે. ભૂતકાળ અનંત પુદ્‌ગલ પરાવર્તનનો છે તો ભવિષ્યકાળ તેથી અનંતગુણો છે એ ભુલવાનું નથી.

**जिण अजिण तित्थ तित्था, गिहि अन्नसलिंगथी नर नपुंसा ।**
**पत्तेय सयं बुद्धा, बुद्ध बोहिय सिद्धणिकाय ।।५५।।**

**જિન-અજિન-તીર્થ-અતીર્થ, ગૃહસ્થલિંગ-અન્યલિંગ-સ્વલિંગ-સ્ત્રી-પુરૂષ-નપુંસક -પ્રત્યેકબુદ્ધ-સ્વયંબુદ્ધ-બુદ્ધબોધિત - એક - અનેક એ સિદ્ધના પંદર ભેદ છે.**

સિદ્ધપદને પામ્યા પછી બધા જ આત્માઓ સમાન છે. ત્યાં કોઇ જ તરતમતા નથી પરંતુ આપણી જાણકારી માટે સિદ્ધપદ પામતી વખતે જીવની જે બાહ્ય અવસ્થા છે એના આધારે પંદર ભેદથી સિદ્ધ કહેવામાં આવ્યા છે. સ્ત્રી સિદ્ધ બને કે પુરુષ સિદ્ધ બને આત્માનું જ્ઞાન-દર્શન-ચારિત્ર સમાન જ છે એમાં ક્યાંય કોઇ તફાવત નથી. આ ગાથામાં જિન-અજિન આદિ સિદ્ધના પંદર ભેદ જણાવ્યા છે. એની વિશેષતા આગળ જણાવી છે.

**जिण सिद्धा अरिहंता अजिण सिद्धाय पुंडरिअ पमुहा ।**
**गणहारि तिथ्थ सिद्धा, अतिथ्थ सिद्धाय मरुदेवि ।।५६।।**
**જિનસિદ્ધ તે તીર્થંકર ભગવંતો, અજિનસિદ્ધ તે પુંડરિક ગણધર વિગેરે,**
**ગણધર ભગવંતો તીર્થસિદ્ધ અને મરુદેવા માતા અતીર્થ સિદ્ધ.**

તીર્થંકર પદ પામીને જે મોક્ષમાં જાય તે **જિન સિદ્ધ** કહેવાય છે. દા.ત. આદિનાથ, શાંતિનાથ, પાર્શ્વનાથ વિગેરે તીર્થંકર ભગવંતો.

તીર્થંકર પદ પામ્યા વિના જે મોક્ષમાં જાય તે **અજિન સિદ્ધ** કહેવાય છે. દા.ત. પુંડરિક સ્વામી, ગૌતમસ્વામી વિગેરે.

તીર્થંકર પ્રભુ તીર્થની સ્થાપના કરે પછી મોક્ષમાં જાય તે **તીર્થ સિદ્ધ** કહેવાય છે. દા.ત. ગણધર ભગવંત.

તીર્થંકર પ્રભુ તીર્થની સ્થાપના કરે તે પહેલા જે જીવ મોક્ષમાં જાય તે **અતીર્થ સિદ્ધ** કહેવાય છે. દા.ત. મરૂદેવા માતા.

**गिहिलिंग सिद्धा भरहो, वलकलचीरी य अन्नलिंगम्मि ।**
**साहू सलिंग सिद्धा, थी सिद्धा चंदणा पमुहा ।।५७।।**
**ગૃહસ્થલિંગે સિદ્ધ તે ભરત ચક્રવર્તી, અન્યલિંગે સિદ્ધ તે વલ્કલચીરી,**
**સાધુઓ સ્વલિંગસિદ્ધ, અને સ્ત્રીલિંગે સિદ્ધ તે ચંદનબાળા વિગેરે.**

ગૃહસ્થના વેષમાં મોક્ષમાં જાય તે **ગૃહસ્થલિંગ સિદ્ધ** કહેવાય છે. દા.ત. ભરત ચક્રવર્તી.

તાપસ વગેરે અન્ય ધર્મીના વેષમાં મોક્ષમાં જાય તે **અન્યલિંગ સિદ્ધ** કહેવાય છે. દા.ત. વલ્કલચીરી.

જૈન સાધુના વેષમાં મોક્ષમાં જાય તે **સ્વલિંગ સિદ્ધ** કહેવાય છે. દા.ત. જૈન મુનિઓ.

સ્ત્રી વેદપણું પામીને મોક્ષમાં જાય તે **સ્ત્રીલિંગ સિદ્ધ** કહેવાય છે. દા.ત. ચંદનબાળા.

**पुंसिद्धा गोयमाइ, गांगेय पमुहा नपुंसया सिद्धा ।**
**पत्तेय सयं बुद्धा, भणिया करकंडु कविलाइ ।।५८।।**
**ગૌતમ ગણધર વિગેરે પુરુષ સિદ્ધ, ગાંગેય વિગેરે નપુંસક સિદ્ધ,**
**કરકંડુ મુનિ અને કપિલ વિગેરે પ્રત્યેકબુદ્ધ અને સ્વયંબુદ્ધ સિદ્ધ કહ્યા છે.**

પુરુષ વેદ પામીને મોક્ષમાં જાય તે **પુરુષલિંગ સિદ્ધ** કહેવાય છે. દા.ત. ગૌતમસ્વામી વગેરે.

કૃત્રિમ નપુંસક વેદ પામીને મોક્ષમાં જાય તે **નપુંસકલિંગ** સિદ્ધ કહેવાય છે. દા.ત. ગાંગેય વગેરે.

કોઇપણ પદાર્થ દેખીને પ્રતિબોધ પામીને ચારિત્ર લઇને મોક્ષમાં જાય તે **પ્રત્યેક બુદ્ધ સિદ્ધ** કહેવાય છે. દા.ત. કરકંડુ રાજર્ષિ.

ગુરુના ઉપદેશ કે અન્ય બાહ્ય નિમિત્ત વિના પ્રતિબોધ પામીને મોક્ષમાં જાય તે **સ્વયંબુદ્ધ** સિદ્ધ કહેવાય છે. દા.ત. કપિલ કેવળી

**तह बुद्ध बोहि गुरु बोहिया, इग समय इग सिद्धाय ।**
**इग समए वि अणेगा, सिद्धा तेणेग सिद्धाय ।।५९।।**
**તથા ગુરુથી બોધ પામેલા બુદ્ધબોધિત સિદ્ધ, વળી એક સમયમાં એક જ સિદ્ધ થયેલા તે એક સિદ્ધ, અને એક સમયમાં અનેક સિદ્ધ થાય તે અનેક સિદ્ધ.**

ગુરુ ભગવંતોના ઉપદેશ સાંભળી પ્રતિબોધ પામી દીક્ષા લઇ મોક્ષમાં જાય તે **બુદ્ધ બોધિત સિદ્ધ** કહેવાય છે. દા.ત. શ્રી સુધર્માદિ ગણધર.

એક સમયમાં એક જ જીવ મોક્ષમાં જાય તે **એક સિદ્ધ** કહેવાય છે. દા.ત. શ્રી મહાવીર સ્વામી.

એક સમયમાં અનેક જીવ મોક્ષમાં જાય તે **અનેક સિદ્ધ** કહેવાય છે. દા.ત. શ્રી આદિનાથ પ્રભુ


**जइ आइ होइ पुच्छा, जिणाण मग्गंमि उत्तरं तइया ।**
**इक्कस्स निगोयस्स, अणंत भागोय सिद्धि गओ ।।६०।।**
**જ્યારે પણ જિનેશ્વર ભગવંતને પુછવામાં આવે છે ત્યારે તે કહે છે - ''એક નિગોદનો અનંતમો ભાગ જ મોક્ષમાં ગયો છે.''**

નિગોદ એટલે સૂક્ષ્મ કે બાદર સાધારણ વનસ્પતિકાય છે. ગોળક અથવા ગોળા એ આકાશ પ્રદેશની રચના છે. એનો આકાર ગોળ લાડવા જેવો હોવાથી તે ગોળક કહેવાય છે. પૂર્ણ ગોલક અસંખ્ય આકાશ પ્રદેશના બનેલા હોય છે. એક એક ગોળાના સર્વ પ્રદેશોને અવલંબીને અસંખ્ય નિગોદો રહેલી છે. અંગુલના અસંખ્યાતમાં ભાગ જેટલો નિગોદનો એક ગોળો છે. તેવા ચૌદ રાજલોકમાં નિગોદના ગોળા અસંખ્યાતા છે. એક ગોળામાં અસંખ્યાતી નિગોદ (શરીર) છે એક નિગોદમાં જે અનંતા જીવ છે તેની સમજણ આપતાં જીવાભિગમ સૂત્રમાં જણાવ્યું છે કે ''એક અતીતકાલે કહેતાં આગળ જે છેડા રહિત અનંતો કાળ ગયો અને અનાગત કાળ તે પણ છેડા રહિત છે તે સર્વેના જેટલા સમય થાય તેની સાથે ત્રીજો વર્તમાનકાળનો એક સમય પણ લેવો એટલે અતાતાદિક ત્રણે કાળના અંત રહિત જેટલા સમય થાય, તે સર્વેને અનંતગુણ કરીએ એટલા જીવ એક નિગોદમાં છે.''

આવું સ્વરૂપ એક નિગોદનું છે.

જ્યારે પણ તીર્થંકર પરમાત્માને પ્રશ્ન પૂછવામાં આવે છે કે ''કેટલા જીવો મોક્ષમાં ગયા છે ?'' ત્યારે સદાને માટે એક જ





જવાબ હોય છે કે 'એક નિગોદના અનંતમા ભાગ જેટલા જ જીવો મોક્ષમાં ગયા છે.'' ઉપર જણાવેલા નિગોદના અનંત જીવોમાંથી અનંતમા ભાગના જ જીવો મોક્ષમાં ગયા છે. એટલે કેટલા અલ્પ જીવો મોક્ષમાં ગયા છે ? જેટલા મોક્ષમાં જીવો છે એનાથી અનંત જીવો તો એક જ નિગોદમાં છે એવી અસંખ્ય નિગોદનો એક ગોલક છે. આ બધાની ઉંડાણથી વિચારણા કરતાં આપણને સંસારી અને મોક્ષના જીવોના અલ્પ-બહુત્વનો ખ્યાલ આવે છે.

આવા સંસારમાં એક માત્ર આત્મા જ સારભૂત છે. અનાદિ કાળથી આપણો આત્મા આ સંસારમાં પરિભ્રમણ કરી રહ્યો છે. નવતત્વના જ્ઞાનને પામી સાચી શ્રદ્ધા મજબૂત કરી સમ્યગ્દર્શન મેળવી આત્માને સાચી સિદ્ધિ અપાવી સિદ્ધશીલા ઉપર બિરાજમાન કરીએ એજ નવતત્વ શીખ્યાની ફળશ્રુતિ છે.

નવતત્વ વિવેચનમાં ક્યાંય જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડં.

